(હાસ્ય રસનો હોજ)

કલિ-કૌતક સંગ્રહ.

રચનાર.

મોહનલાલ સોભચંદ શાહ.

માડવીની પોલ-નાગજી ભુદરની પોળ.

જેસીંગભાઈ કાલીદાસ શાહ.

હજાપટેલની પોળ-પાડીઆની પોળ.

અમદાવાદ.

છપાવી પ્રગટ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

મુલ્ય રૂ. ૦-૮-૦

(હાસ્ય રસનો હોજ)

કલિ-કૌતુક સંગ્રહ.

છપાવી પ્રગટ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

ત્રણ દરવાજા— અમદાવાદ

સને ૧૯૧૩ — સંવત ૧૯૬૯

બીજી આવૃત્તિ — પ્રત ૧૩૦૦

અમદાવાદ-પાંચકૂવા નવા દરવાજે આવેલા શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરિવલ્લભદાસે મુદ્રિત કર્યું.

મુલ્ય રૂ. ૦—૮—૦

એક હજાર અને એક રાતની અદ્દભુત વાર્તાઓનો ભંડાર.

અરેબિયન નાઈટ્સ.

દુનિયાંની બધી ભાષાઓમાં તેનાં ભાષાન્તર થયાં છે.

આ પુસ્તક માટે મહાપુરૂષ ગ્લેડસ્ટન પણ કહે છે કે-" જો કોઇ "સારામાં સારાં એક સો પુસ્તકો ચુંટી કહાડવાનું કહે તો તેમાં હું કદી પણ અરેબિયન નાઇટ્સને મુકયા વગર નહી રહું." કહો આથી વધારે સારૂં સર્ટીફીકેટ કયું જોઇએ ?

એકવાર હાથમાં વાંચવા લેતાંજ તમારા મનને જીતી લેનારૂં ખરેખરૂં જાદુઇ પુસ્તક, વાર્તાના રસનો મહાસાગર અને બુદ્ધિનો ભંડાર અરેબિયન નાઇટ્સ છે. અદ્દભૂત ઉત્તમ વાર્તાઓ, રોયલ આઠ પેજી પૃષ્ટ ૬૦૦ દળદાર ગ્રંથ જેમાં સંપૂર્ણ મૂળ ગ્રંથનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્લેજ ચીકણા કાગળ, સોનેરી પુંઠું કીંમત ૨-૦-૦ પો. ૦-૬-૦ રફ કાગળ સોનેરી પુંઠું કીંમત ૧-૮-૦ પો. ૦-૫-૦.

હુન્નરો સંબંધી પુરતી માહીતિ આપનારો તદન નવીજ ઢબમાં લખાએલો ગ્રંથ.

નૂતન હુન્નર સાગર.

પુસ્તક તદન નવીજ ઢબમાં પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં અનેક પ્રકારના રંગો, તેલો, અર્કો, અત્તરો, સીમેન્ટો, વાર્નિશો, સા-

ખુઓ, મીણબત્તીઓ, કાચો, કાગળો. પર ,, મુરબ્બા, શરબતો, દારૂ ખાનું, સાહીઓ, પેટન્ટ ઔષધો, વ્યવહારૂ ઉપયોગી વસ્તુ વિગેરે પુરતા ખુલાસાથી આપવામાં આવી છે કે હુન્નર કળાઓથી બીલકુલ અણુ-માહીતગાર મનુષ્ય પણ એની સહાયતાથી મન ફાવતો ઉદ્યોગ કરી સારી રીતે પૈસા પેદા કરી શકે છે. કિંમત રૂ, ૨—૦—૦ પોસ્ટેજ ૦-૪-૦

સ્રીઓ અને પુરૂષોને અતિ ઉપયોગી

શાક, પાક, પકવાન શાસ્ત્ર.

આ પુસ્તકમાં ગુજરાતમાં બનતિ તમામ જાતની જુદી જુદી રસોઇ ઉપરાંત દક્ષિણી, હિંદુસ્તાની, મદ્રાસી, બંગાળી, પંજાબી, પારશી, અંગ્રેજી રીવાજ પ્રમાણે દરેક જાતનાં અથાણાં, ચટણીઓ, મુરબ્બા, શાક ભાજીઓ, દાળો, કઢીઓ, મસાલાઓ, ભાતો, ખીચડીઓ, પાકો, પકવાનો, સરબતો વગેરે સર્વ માન્ય પ્રખ્યાત રીતો શિવાય વલ્લભ કુળના ગોસાઇઓના પ્રખ્યાત રસોઇઆઓ કે જેઓ માત્ર એકજ અનાજમાંથી છપ્પન ભોગના સર્વે પદાર્થો તૈયાર કરી શકવાને કુશળ હોય છે, તેની પાસેથી કેટલીક રિતો સમજી લઇ દાખલ કરવામાં આવી છે. આપના દેશમાં રાંધવાનું કામ ઘણુ ભાગે કુટુંબની સ્રી-ઓજ કરે છે, એ વાત લક્ષમાં રાખી અને તત્કાળ સમજાય તેવી સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું છે ઉત્તમ ગ્લેજ કાગળ પાકુ પુંઠુ કિંમત રૂ. ૧—૦—૦ . રદ્દ કાગળની કિંમત રૂ. ૦–૧૨–૦ ટપાલ ખરચના ૦—૩—૦

ગુજ્જર સાહિત્યમાં એક અનુપમ દર્શન આપનાર

સચિત્ર નવલકથા.

લતા

અને

લલિતા.

ભાગ ૧—૨.

આજકાલ ઘણી નવલકથાઓ બહાર પડેલી છે પરંતુ ભાગ્યેજ કોઇએ 'સરસ્વતીચંદ્ર'ના જેટલી નીતિ સંપાદન કરી હશે જે રસ સરસ્વતીચંદ્રમાં છે તેનીજ પદ્ધતિએ લતા અને લલિતાની નવલકથા પણ રસમય બનાવવામાં આવી છે. અને એટલી રસિક છે તેનું એક પ્રકરણ વાંચ્યા પછી તેનાં બીજા પ્રકરણો વાંચ્યા સિવાય સ્વસ્થ રહી શકાશે નહિ. આધુનિક સમયનો સંપૂર્ણ ચિતાર આ નવલકથામાં આપવામાં આવ્યો છે. અને છેવટ સંસારનો સુલભ માર્ગ દર્શાવવામાં આવ્યો છે. ફોટા બ્લોક વિશેષ ખાસ તૈયાર કરવામાં આવેલા સુંદર ચિત્રો દરેક ભાગમાં ચાર ચાર આપી દરેક ભાગ કદ રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૨૦૦ ઉત્તમ સોનેરી બાઇન્ડીંગ છતાં દરેક ભાગની કિંમત ૦—૧૨—૦ રાખી છે. પોસ્ટેજ જુદું.

(ગમ્મત સાથે જ્ઞાન આપનારૂ પુસ્તક)

કલિ-કૌતક સંગ્રહ.

મનહર.

મોજ માટે ગ્રંથ બન્યો. હસી હસી ભરો પેટ,
નહિ થાકવાનું નેટ, લાચારી લુટાય છે.
લખણે દીધેલો હાથ, સો પ્રકારના ઉચ્ચાટ,
મન દીલગીરી માટ, ચંડ અતિ ગ્રંથ છે,
રૂદન થયેલું દીલ, સાન્ત થાસે પલકમાં.
હસાવી હસાવી હેતે, દુખ સૌ ભુલાય છે,

ડોશીમાની દવા. ૧

એક ડોશીમાને ત્રણ ચાર દીકરા હતા. તે દીકરાઓ ડોશીમાની શેવા સારી રીતે કરતા હતા. એક વખત ડોશીમા માંદા (બિમાર) થયા ત્યારે દીકરાઓએ ડોશીમાની દવા કરવાનો વિચાર કર્યો પરંતુ ડોશીમાની મરજી તેમ કરવાની હતી નહિ. કારણકે અત્યાર સુધીમાં એક પણ દવા તેમણે ખાધી હતી નહિ. ને તેથા હવે થોડા ,જીવવા માટે દવા નજ ખાવી; આવો તેમનો ઠરાવ હતો. છતાં પણ દીકરાઓતો દોડાદોડ ડાક્ટરને ત્યાંથી દવા લઇ આવ્યા. તે દવાની બાટલી ઉપર " વાપરતાં પહેલાં સારી રીતે હલાવો " આવું લખેલું હતું.

તેથી દીકરાઓએ તો ડોશીમાને ખુબ હલાવવા માંડ્યા જેથી વગર દવાએજ ડોશીમાને લાંબી ઉંઘનો આરામ થઇ ગયો. ને બધા મરતાં સુધી પણ તેમનો ટેક જળવાયો.

ઉપર—માગણું. ૨

ડોશીમાઃ—માસ્તર સાહેબ ! એક પૈસાનું કેટ આપોને

ટપાલ માસ્તરઃ—(આપીને) લ્યો ! લાવો પૈસો !

ડોસીમાઃ—અરે ભઇ ! ઉપર આપો ઉપર !

ટપાલ માસ્તરઃ—(ડીંગ થઇને) ઉપર શું ?

ડોશીમાઃ—ઉપર શું કયમ વળી ! પાઇના મમરા લઇએ છીએ તેય ઉપર તો આપે છે ને તમારી પાસે પૈસાનું કેટ લીધું તોય વળી ઉપર શું ? જાઓ મારા ભાઇ !

ટપાલની તપાસ. ૩

ગૃહસ્થઃ—અરે ટપાલી ! જોની ! મારો કાગળ છે કે ?

ટપાલીઃ—સાહેબ ? આપનું નામ શું ?

ગૃહસ્થઃ—ભાઇ તે કાગળમાંજ જોઇ લેને ! નાહક કેમ હેરાન કરે છે.

શાંતિદાસ. ૪

ભક્તઃ—મહાત્મા આપકા નામ કયા ? **મહાત્માઃ**—શાંતિદાસ

ભક્તઃ—મહાત્મા આપકા નામ કયા ? **મહાત્માઃ**—શાંતિદાસ

ભક્તઃ—મહાત્મા આપકા નામ કયા ? **મહાત્માઃ**—શાંતિદાસ

ભક્તઃ—મહાત્મા આપકા નામ કયા ? **મહાત્માઃ**—શાંતિદાસ

ભક્તઃ—મહાત્મા આપકા નામ કયા ? **મહાત્માઃ**—શાંતિદાસ

અબે સુનતે નહિ હે બેવકુફ ! કબસે બોલતે હય શાંતિદાસ શાંતિદાસ શાંતિદાસ.

ભક્ત:—બસ બસ મહાત્માજી ! ઇતિનાહિ કામથા—શાંતિ મિલગઇ

આનું નામ તે 'એદી.' ૫

એક મકાનમાં ચાર એદી (આળસુના પાદશાહ) સુતા હતા. અચાનક ત્યાં આગ લાગવાથી તે મકાન સળગવા લાગ્યું પરંતુ પેલા એદીમાંથી કોઇ જાગે કે ઉઠે નહિ. છેવટે લોકોના ઘોંઘાટથી બધા જાગ્યા તો ખરા પણ તેઓથી ઉઠી શકાય નહિ. તેમાંનો પહેલો બોલ્યો કે—

પહેલો:—ભાઇઓ ! મકાનને તો આગ લાગી છે આગ !

બીજો:—અરે ભાઇ ! તને એ આગ જોતાંએ આળસ નથી આવતી ?

ત્રીજો:—(બીજાને) તું તારે ચુપ રહેને ! જવાબજ કેમ દેવાય છે તારાથી ?

ચોથો:—(ત્રીજાને) સાંભળવુંજ નહિ.

બહારના લોકો:—અલ્યા એ ઉઠો ઉઠો ! નહિતર મરી જશો !

ચારે એદી:—મરવાની આળસે તો જીવીએ છીએ માબાપ ! ને તું વળી ક્યાં ઉઠાડે છે.

આમાં એદી કોણ ? ૬

ઘોડેસ્વાર:—(ઝાડ નીચે સુતેલા એદીને) ભાઇ ! મારો ચાબુક પડી ગયેલ છે તે આપોને ! મહેરબાની થશે !

એદી:—ભાઇ ! તું તો કોઇ જબરો આળસુ જણાય છે જો ઘોડેથી ઉતરીને ચાબુક લઇ લેવો છે તેમાં મને શું કહે છે ?

હું ઉઠું, ચાખુક લઉં, લઇને આપું. ને તું લેવા હાથ લાંબા કરે; ને વળી લે, તેમાં કેટલી બધી વાર લાગે વારૂ! માટે ઝટ ઉતરી ચાબુક લઇ પેલું બોર પડયું છે; તે મારો હાથ લાંબો કરવો પડે છે તેથી મારા મોંમાં મુકીને ચાલ્યો જા! એમાં શી વાર લાગે છે!

ભોળો ભિખારી. ૭

એક વખત એક શેઠ ગરીબ લોકોને ધન ધન્ય વિગેરે વહેં-ચતા હતા. પણ ભિખારીઓ તેમને બહુ અકળાવતા હતા. તેવામાં એક બિચારો શેઠની દયા ખાનારો ભોળો બટ્ટ ભિખારી ભાવથી બુમો પાડતો દોડતો દોડતો સર્વથી અગાડી આવી બીજા ભિખા-રીઓને સમજાવવા લાગ્યો કે—

ભોળોભિખારી—સમતા રાખો! સમતા રાખો! શેઠને ગ-ભરાઓ નહિ! દુર હઠો! બધાને આપશે! કોઇ રહી નહિ જાય! (બધા ભિખારીઓ જરા જરા ધીમા પડવાથી તેજ વખતે પોતાનું ચપણું આગળ) કરી શેઠ આ—માં નાંખજો.

ગજબ દરદનો અજબ ઈલાજ. ૮

એક વખત એક માણસનું મ્હોં બગાસું ખાતાં ઉઘાડુંજ રહી ગયું, એનો ઇલાજ મોટા મોટા હકીમોથી પણ થઇ શક્યો નહિ. ત્યારે એક યુક્તિ બાજે એક લોઢાની લાંબી કોશ ખુબ ગરમ કરીને દુરથી દોડતાં દોડતાં આવીને એકદમ જોરથી મ્હોંમાં ખોસવાનો ઉ-પાય લીધો જેથી "ઓ મારા બાપરે" એવી બુમ પાડતું મ્હોં તુરતજ બીડાઇ ગયું.

જમણવાર કે જમણધાડ. ૯

એક જમણવારમાં બે મિત્રો જમવા ગયા હતા. તેમાંનો પેહેલો મિત્ર વ્હેલો જમી ઉઠવાથી બીજાને કહેવા લાગ્યો કે

પહેલો—કેમ ભાઇ! હજી કેટલીક વાર કરવી છે! જમતાં આટલો બધો વખત લ્યો છો!

બીજો—અરે ભાઇ! આતે "જમણવાર" કે "જમણ ધાડ" અહીં તો વારજ થાય.

એમાં શું શક. ૧૦

એક શખ્સ એક પોપટને "એમાં શું શક" એટલું બોલતાં શીખવાડી તેને વેચવા બજારમાં ઉભો રહ્યો. તેવામાં તરતજ ખરીદનાર મળ્યો.

ખરીદનાર—અરે પોપટવાળા! આ પોપટનું શું મુલ્ય છે.?

વેચનાર—જી! મહેરબાન! દોઢસો રૂપૈયા! જુઠું બોલતો હઉ તો પુછી જુઓને એ પોપટનેજ. કઇ જેવો તેવો પોપટ નથી. શેઠ?

ખરીદનાર—ઓહો! અરે પોપટ! શું તારૂં મુલ્ય દોઢસો રૂપૈયા છે!

પોપટ—"એમાં શું શક"

ખરીદનાર—વાહ ભાઇ! પોપટ તો સારો ભણેલો લાગે છે! (પોપટ પ્રત્યે) અરે પોપટ! ત્યારે જરૂર તને ખરીદનારને તો તું ઘણોજ લાભદાયક નિવડે કેમ?

પોપટ—"એમાં શું શક."

ખરીદનારે તરતજ તે ખરીદી લીધો; તથા ઘેર લઈ જઈ તે

તેને સારી રીતે પાળવા પોષવા લાગ્યો. એમ કરતાં કરતાં ઘણા દિવસ ચાલ્યા ગયા પણ પોપટજી કંઇ લાભનો માર્ગ બતાવે નહિ તેથી ખરીદનાર પૂછવા લાગ્યો કે,

ખરીદનાર—અરે પોપટ ! હજી સુધી તો તેં મને કંઇ પણ લાભ આપ્યો નહિ ! ત્યારે શું હું આવી રીતે મુંગો મુંગો બેસી રહીશ કે ?

પોપટ—એમાં શું શક ?

ખરીદનાર—હેં ! શું આ સાચું બોલે છે કે ?

પોપટ—એમાં શું શક ?

ખરીદનાર—શું મારા પૈસા ફોકટ ગયા કે ?

પોપટ—એમાં શું શક ?

ખરીદનાર—અરેરે ! ત્યારે તો હું ઠગાયો !

પોપટ—એમા શું શક ?

ખરીદનાર—ત્યારે તને વેચનાર શું કોઇ ધુતારો હતો કે ?

પોપટ—એમાં શું શક ?

ખરીદનાર—ત્યારે તું પણ તેવોજ હોઇશ બાઇ !

પોપટ—એમાં શું શક ?

ખરીદનાર—ત્યારે તો વિદાય થા બાઇ ! નિહતર વળી બીજી કંઇ છેતરપીંડીમાં સપડાવીશ.

પોપટ—એમાં શું શક ?

ખરીદનારે ખીજવાઇને પોપટને ઉડાડી મુકયો.

ભૂલનો ઉપાય ભૂલ. ૧૧

બાપ—છોકરા ! શું શોધે છે. ?

છોકરો—શાહીચુસણીઉ (બ્લોટીંગ) બાપ—કેમ.

છોકરો—દવા પીવાને બદલે ભૂલથી શાહી પી ગયો છું તેને તે ચુસાઇ જાય માટે શાહી ચુસણીઉં શોધું છું. જડે કે તરત ખાઇ જાઉં. એટલે તે અંદર જવાથી શાહી ચુસી લેશે.

જેવા પૈસા તેવું દુધ. ૧૨

બાપ—(છોકરાને) અલ્યા મણીઆ ? જા દૂધ લઇને આવ્ય ઝટ.

છોકરો—હા ! બાપા ! લાવો પૈસા !

બાપ—પૈસા હોય તો તો બધું ગામ દુધ લાવે પણ વગર પૈસે લાવે ત્યારે તું ખરો કહેવાય !

છોકરો—સારૂં બાપા. (ખાલી લોટે પાછો આવી) લ્યો બાપા દૂધ.

બાપ—ક્યાં છે અલ્યા દૂધ ?

છોકરો—હેં હેં હેં (હસીને) દૂધ હોય તો તો બધું ગામ પીવે પણ નથી ને પીઓ ત્યારેજ ખરા તો ?

આપવું તેવું લેવું. ૧૩

એક કથા ભટ હરરોજ કથા વાંચતા હતા. તેમની માળામાં ઘણા ભાવિક ભક્તો પાઇ પૈસો ઇત્યાદિ નાંખતા હતા. પણ તેમાં કથાભટ સરવૈયું કાઢાડતા તો ખોટા પૈસા બહુજ નજરે પડતા હતા! તેથી એક દિવસ ધીમે રહીને કથા વાંચતા વાંચતા ઉપદેશ કરવા લાગ્યા કે,—

ઉપદેશ.

હે શ્રોતાજનો ! એકગણું દાન ને સહસ્ત્રગણું પુન્ય માટે દાન દેવાનો આ વખત ચૂકશો નહિ. વળી જેવું દેશો તેવું પામશો. એક

સાચો પૈસો દેશો તો હજાર સાચા પૈસા પામશો ને ખોટું નાણું દેશો તો ભગવાન પણ તમને હજારગણું ખોટું આપશે. (ત્યાર બાદ ખોટું નાણું આવવું કમી થયું ખરું)

ગુન્હો પકડાયો શાથી ? ૧૪

છોકરો—માસ્તર ! માસ્તર ! પેલો છોકરો ચોપડીમાં ધ્યાન નહિ આપતાં વાતો કરે છે.

માસ્તર—ભાઇ ! તેં ચોપડીમા ધ્યાન રાખતાં એ જાણ્યું શાથી ?

રઘા સોનીનો દાબડો. ૧૫

મારવાડમાં કોઇ એક ગામમાં એક રઘો કરીને સોની હતો, તે પૈસે ટકે સુખી હતો. તેને એક યુવાન દીકરો હતો, જેને પરણાવેલો હતો ને વહુને ઘેર લાવ્યા હતા. એકના એકજ દીકરાની આ વહુને માટે રઘો સોની બહુ સારાં સારાં ઘાટ ઘરેણાં ઘડવા લાગ્યો હતો. તમામ ઘરેણા તૈયાર થયા બાદ સાંજરે વાળુ વખતે ઘરેણાનો દાબડો લઇ રઘો સોની ઘેર ગયો, તે વખતે એક કોતુકી ભુતે રઘા સોનીના દીકરાની વહુનું સ્વરૂપ ધારણ કરી તે દાબડો સસરાજી પાસેથી લઇ લીધો. ને તે ભુતડું તો પલાયન થઇ ગયું. હવે પેલી જે ખરે ખરી વહુ હતી જે આ બનાવ બન્યો તે દરમ્યાન પાણી ભરવા ગઇ હતી તે આવી કે તરતજ રઘા સોનીને તો લે મેલ થઇ પડી તે તો બિચારો વિચારમાં પડ્યો કે આ કોણ ? ને હમણે મારી પાસેથી દાબડો લઇ રસોડા તરફ ગઇ તે કોણ ? તપાસ કરતાં રઘો સોની તો રડારડ કરવા લાગ્યો. કારણ કે રસોડામાં તો કોઇ હતું જ નહિ ને આ વહુ આવી તેજ ખરી કે જે દાબડા વિષે કશું જાણતી પણ નથી. હવે

દાબડો મળે શી રીતે ને અનિ થયું શું ? એમ કરતાં કરતાં રાત્રે બધા સુઈ ગયા. હવે પેલું ભુતડું દાબડો લઈ બીજા દશ પંદર ભુતડાંને ભેગાં કરી મધ્ય રાત્રે કોઈ ખેતરમાં રમવા લાગ્યું. એક ભૂત પોતાના હાથમાંથી પેલો દાબડો ઉછાળતું જાય ને બીજો ભુત તે ઝીલી લે ઉછાળતી વખતે દરેક ભુતડું બોલતું જાય કે "રઘા સોનીનો દાબડો બાઈ રઘા સોનીનો દાબડો" આ ઘોંઘાટથી તે ખેતરમાં સુતેલો પટેલ કે જે રઘા સોનીનો જાણીતો હતો તે જાગી ઉઠયો ને આ બધું નજરે જોયુ કે તરતજ રઘા સોનીને બોલાવી લાવ્યો, પેલા ભૂતડાંની પંગતમાં રઘો સોની પણ હિંમતથી રમવા બેશી ગયો. ને જ્યાં પોતાના હાથમાં દાબડો આવ્યો કે તરતજ ઉઠીને પસાર! બેડો પાર!

વડીલો કહે તેમ નહિ, કરે તેમ કરવું. ૧૬

બાપ—બેટા! તારે પરણવું છે કે કુંવારી જીંદગી ગાળવી છે? હું ધારૂં છું કે કુંવારી જીંદગી ઘણી સારી હોય છે.

દીકરો—બાપા બાપ કહે તેના કરતાં તે કરે તેમ કરવું તે વધારે સારૂં છે! તમે શું કર્યું હતું! બાપા કહોની તમારી માફકજ મારૂં ધારવું બસ!

મુછની મજાહ. ૧૭

છોકરો—(મુછ તાણુતો તાણુતો) બાપા! આ તમારી આટલી બધી મુછથી શું ફાયદો વારૂ?

બાપ—ગાંડા! મુછ તો રાખવી પડે! મુછ વગર ચાલે કે! જો! મુછને લીધે મ્હોમાં કોઈ જીવડું વિગેરે પેશી જવા ન પામે ને વળી દુધ વીગેરે પીએ ત્યારે તે મુછ કચરો વાગેરે નહિ આવવા

દેતાં ગરણાની માફક તમામ ગાળીનેજ પાય.

છોકરો—પણ બાપા ! બાપા ! કોઇ ઝીણું જીવડું ભોગ જોગે મુછમાં પેશી ગયુ તો ! ને દુધ ગાળીને પાય એમાં શું ફાયદો ? એ તો ખોટું કે મલાઇ મલાઇ તો મુછ લઇ જાય ! એ મુછ તો ખોટી ! ન ખાવાદે શીખંડ કે ન ખાવા દે દૂધપાક તો પછી શેવની તો આ-શાજ રૂાકટ આપણે તો તે નહિ જોઇએ. બા ! (બોયકોટ)

કરમ બે ડગલાં આગળનું આગળ. ૧૮

એક બ્રાહ્મણ પોતે તદ્દન નિર્ધન થઇ જવાથી તથા છેલ્લામાં છેલ્લા વગર મુંડીના ભીક્ષાના ધંધામાં પણ નસીબની નઠારાઇથી નિષ્ફળ થવાથી પોતાની સ્ત્રી તથા બાળકને લઇ પરદેશ જવા નીક-ળ્યો. કેટલાક દીવસે કોઇ એક ગામના સીમાડે જ્યાં પોતે ચાલતાં ચાલતાં થાકી જવાથી વિશ્રામ લેતો હતો. ત્યાં બરોબર સંધ્યા સમયે અનાયાસ શંકર-પાર્વતીના દર્શન થયાં. આ સમયનો લાભ લઇ પેલા બ્રાહ્મણે શંકર આગળ પોતાનું દુઃખ નિવેદન કર્યું. પાર્વતી પ્રસન્ન થયાં ને તે બ્રાહ્મણનું દુઃખ દૂર કરવા શંકરને ખાસ આગ્રહ કરવા લાગ્યાં શંકરે પાર્વતીને તેમ કરવાની ના કહી ને બ્રાહ્મણના નશીબમાં કંઇ પણ રહેવાનું નથી તેમ જ-ણાવ્યું. છતાં પણ દયાળુ પાર્વતીએ વિસેષ આગ્રહ કરવાથી શંકરે તે બ્રાહ્મણને વરદાન આપ્યું કે " તમે દરેક જણ એકેક એકેક વચન જે માગશો તે ફળીભૂત થશે. " બાદ શંકર પાર્વતી તો ચાલ્યાં ગયાં.

હવે બ્રાહ્મણ પોતાની સ્ત્રી સાથે વિચારવા લાગ્યો કે હું પાસેના ગામમાં જઇ ભીક્ષા માગી લાવું પછી ભોજન જમ્યા બાદ આરામ

બધ નિરાતે વિચાર કરીને વચન માગવું. તેથી તે તો ઝટ હર્ષભેર ભિક્ષા માગવા ગયો.

તે ગયો કે તેની સ્ત્રીની વચન માગવાની અધીરાઇ વધવા લાગી. તેણીએ વિચાર ગર્યો કે દરેકને માટે જુદું જુદું વચન છે. તો મારૂં વચન માગવાને હું વિલંબ શા માટે કરૂં ! બસ ! આટલુંજ ! આ વિચાર આવ્યો કે તરતજ તેણીએ વચન માગ્યું કે—

"હે શંકર, હું ઇંદ્રાણી જેવી બની જાઉં"

વરદાનના પ્રતાપે તરતજ તેણીનું સ્વરૂપ ફરી ગયું. ને તેણી એક વનદેવી જેવી મહા દીવ્ય આકૃતિ દેખાવા લાગી. આ ફેરફાર થયાને ઘણી વાર થઇ નથી તે પહેલાં નશીબના પ્રતાપે એક બીજોજ બનાવ બન્યો. શિકારે નીકળેલ કોઇ છટેલ રાજકુમાર તેણીને જોઇ મોહિત થયો ને ઘોડા ઉપર બેસાડી ચાલતો થયો. બાળક બિચારો શું કરે ! આંસુથી ભરેલી આંખોએ માત્ર તેણે તે જોયા કીધું તેટલામાં તો બ્રાહ્મણ પણ આવી પહોંચ્યો પોતાની સ્ત્રીને ત્યાં નહિ જોવાથી બાળકને પુછે તે પહેલાંજ બાળકે તમામ વૃતાન્ત જણાવ્યો. સ્ત્રીની આવી અધીરાઇ જોઇ બ્રાહ્મણ મહાક્રોધિષ્ટ થઇ ગયો ને વચન માગ્યું કે—

"હે શંકર ! આ દુષ્ટ સ્ત્રી જ્યાં હો ત્યાં ભુંડડી થઈ જાઓ."

વરદાનના પ્રતાપે તરતજ તેમ બન્યું તેથી પેલા રાજકુમારે ડાકણી શાકણી જાણી તાડના તર્જના કરી હાહાડી મુકી. બાદ તે ભુંડડી રોતી રોતી રવડતી રવડતી જ્યાં પોતે ઇંદ્રાણી બની હતી ત્યાંજ આવીને અટકી. બ્રાહ્મણે તેણીને ઓળખીને ખુબ મારવા માંડી. છેવટે પેલા બાળકને દયા આવવાથી તેણે પોતાની માતાના ઉદ્ધાર અર્થે તરતજ વચન માગી લીધું કે—

"હે શંકર! મારી માતા જેવી હતી તેવી થઇ જાઓ."

તરતજ તેમ બન્યું. વચનો વ્યર્થ ગયાં, ને હતાં તેવાંને તેવાજ રહ્યાં.

નશીબની નફટાઇ. ૧૯

એક સખ્સ મુસાફરી કરતો ચાલ્યો જતો હતો. રસ્તામાં કોઇ અમુક સ્થળે અમુક ધનનો ઢગલો પડેલો હતો. તે ઢગલાની નજીક તે બેનશીબ શખ્સ જ્યારે આવી પહોંચવા લાગ્યો ત્યારેજ તેને વળી વિચાર થયો કે દુનિઆમાં આંધળાઓ કેમ ચાલતા હશે! જોઇએ તો ખરા! તરતજ આંખો બંધ કરીને ચાલવું શરૂ કર્યું કે તે બનાવટી અંધાપામાં પેલું ધન ચાલ્યું ગયુ .ને નશીબની નફટાઇનું કામ પુરૂં થયું.

સવાલથી જવાબ. ૨૦

માસ્તર—છોકરા! ઇશ્વર કયાં છે એ જો તું કહે તો એક નારંગી આપું.

છોકરો—સાહેબ! તે ક્યાં નથી એ જો આપ કહો તો હું એક દુ બે નારંગી આપું.

પોષ્ટ ઓફીસનું જબ્બર ગ્રાહક. ૨૧

પોસ્ટ માસ્તર—અરે ગામડીઆ! આ કાગલનું વજન ઘણું છે. બીજી રીત ટીકીટ લગાડ.

ગામડીઓ—સાહેબ! ટીકીટ લગાડવાથી તો વજન વધશે કંઇ ઘટશે નહિ.

મીયાં ભાઇનો મિજાજ. ૨૨

એક શખ્શ—(રસ્તે ચાલતાં) કયું મીયાંભાઇ ! યે લડકા તમેરા છે કે !

મીયાભાઇ—ના ભાઇ ! તેરે બાવાકા ! લડકા લેને આયે હે !

શખ્સ—ભલે ! ભલે ! ભગવાન જીવતો રાખે.

મીયાભાઇ—અબે તેરા ચલે તો કાટ ડાલીઓ ! જાઓને મારા ભાઇ ! પુછણે મત રહેજો !

જબરા ચોર. ૨૩

એકશખ્સ—(રાત્રે બુમ પાડીને) સીપાઇ ચોર ! સીપાઇ ચોર !

સીપાઇ—(દોડતો આવીને) કીધર હે ચોર ! કીધર હે !

શખ્સ—અરે ભાઇ શોધી લેને તુંજ ! મને જડે ત્યારે તને બોલાવું શું કરવા.

સીપાઇ—નહિ ભાઇ ! તુમ બતાવ પીછે હમ પકડે !

શખ્સ—મારા ખાટલામાં કોણુ જાણે કેટલાએ ચોર પેઠા છે તે ઉંઘવાજ દેતા નથી.

ગજબ ઉતાવળ. ૨૪

પેસેન્જર—(ગાર્ડને) સાહેબ ! ગાડી ઉપડવાને કેટલી વાર છે ?

ગાર્ડ—એન્જીન પાણી ભરવા ગયું છે. આવે એટલી વારછે.

પેસેન્જર—તે તો આવી પહોંચશે ? તેને શું વાર લાગવાની છે. પાડી ચલાવોની.

બન્ને સરખા. ૨૫

એક શખ્સ—(બીજાને) ભાઇ! આ રુમાલમાં શું છે તે

કહે તો આ બધાંએ જાગતા તારાં ને કેટલા છે તે કહે તો તે નવે તારા.

બીજો શખ્સ—હશે કાંઇ લીંબુ વીગેરે ઢાંકયા રૂમાલે થી ખબર પડે ?

મોતની માગણી મરવા માટે કે ? ૨૬.

ડોશીમા—(લાકડાના ભારાના ભારથી કંટાળી) અરે ભગવાન ! હવે તો મ્હોત આવે તોય સારૂં !

મ્હોત—(રસ્તે જતું અટકીને) ડોશીમા ! કેમ સંભાર્યું ! આવવું હોય તો ચાલો થાઓ તૈયાર !

ડોશીમા—આવ્યું તો ભલે આવ્યું ! કંઇ મરવા સંભાર્યું નથી બા !

મ્હોત—ત્યારે બીજું શું કામ છે !

ડોશીમા—આ ભારો માથે મુકાવ્ય, બા ?

અક્ષરની ગોઠવણીના ઉચ્ચારમાંથી અનર્થ.૨૭

BDPYK ? PY ? PY ? MK ?

જુજ માગણી. ૨૮

દેવી—(આંધળાને પ્રસન્ન થઇને) હે અંધ પુરૂષ ! તું ગમે તે એક વરદાન માગ.

આંધળો—તું મારા સોનાના મ્હેલના સાતમા માળેથી સોનાના હીંચોળે હીંચતો હીંચતો ઘણીજ તંદુરસ્તી સહિત મારા વચલા છોકરાની વહુને ભેંસ દોહતી જોઉં.

(આ આંધળા પાસે કાંઇ પણ ન હતું તે પોતે એકલો ને મહા દુઃખી હતો.)

નશીબનાં નખરાં ! ૨૯

નિર્ધન છેલની વાર્તા.

એક શેઠનો છોકરો મહા દુર્દશાએ પહોંચવાથી બહુજ દુઃખી દુઃખી થઇ ગયો હતો છેવટે તેની પાસે કાંઇ ન રહેવાથી રોજ બિચારો દાતણની ભારીઓ વેચીને ગુજરાન ચલાવે. આટલું છતાં પણ તેનો શોખ કંઇ ઓછો ન હતો તે દરરોજ ત્રણ આના કમાતો જેમાંથી દોઢ આનો ખોરાકીમાં ખર્ચતો ને બાકીનો દોઢ આનામાંથી ત્રણ જાતના તે શોખ અનુભવતો હતો. એક ધોબીને દરરોજ બે પૈસા આપી તેને ત્યાંથી તદન અમીરી લુગડાં ભાડે લેતો હતો જ્યારે વળી એક કોઇ ઘોડાવાળાને બે પૈશા આપી તેનો સારામાં સારો ઘોડો ભાડે લેતો હતો. ને સાયંકાળે ફરવા નીકળતો હતો. પછી તંબોળીનું ભાગ્ય થાનક થૈયાં કરી રહેલું હોવાથી બે પૈસાના ત્યાંથી પાન લેતો હતો. આવી રીતે વગર મુંડીએ પોતાની જાત મ્હેનતના જુજ મળતરમાંથી પણ આવો શોખ ભોગવતો તેથી લોકો તેને નિર્ધન-છેલ કહેતા હતા. નિર્ધન છેલ પોતે એકલો હતો તેથી તેને કાંઈ બીજી ફિકર હતી નહિ. વળી તે બહુજ બુદ્ધિશાળો હોવાથી કોઇથી ઠગાય છેતરાય તેમ પણ હતું નહિ.

નશીબના નખરાની શરૂઆત.

હવે ધીમે ધીમે તેનું નશીબ ફરવાનું હોવાથી નશીબ—નાટકના પડદાઓ ઉંચકવા લાગ્યા. એક દિવસે તે ગામમાં કસ્તુરીના મોટા વેપારીઓ બહાર ગામથી આવ્યા છતાં પણ સોદામાં સહી સાટ ફાવટ ન થવાથી તેઓ નિરાશ થયા હતા. હવે જ્યારે તેઓ ફરવા

નીકળ્યા ત્યારે સંધ્યા સમયે નિર્ધન છેલના તેઓને દર્શન થયાં, તેમણે વિચાર્યું કે જરૂર આ કોઇ શોખીન ગૃહસ્થ છે એટલુંજ નહિ પણ મહા તેજસ્વી પુરૂષ લાગે છે. તેઓએ તરતજ નિર્ધન છેલને પોતાની કસ્તુરી બતાવી. નિર્ધન-છેલે તેમનો સારો સત્કાર કરી કસ્તુરી લેવાનો વિચાર જણાવ્યો. પોતે કેટલાક કસ્તુરીના દાબડા લીધા ને કહ્યું કે "આનો જે હશે તેવો જવાબ કાલે આપીશ. ફરી ફરી અહીંજ મળજો" વેપારીઓએ તે પણ કબુલ કર્યું કારણ કે નિર્ધન છેલનું બોલવું ચાલવું બહુજ હાવકું ને વિશ્વાસ પાડે તેવું હતું. તેમ તેનું હૃદય પણ ચોખ્ખુંજ હતું. હવે નિર્ધન છેલે તે દાબડાઓ લઇ જઇ તેમાંથી એક દાબડામાં દાતણની ભારી મુકી દાબડો બંધ કરી લીધો. બીજે દિવસે તે દાતણની ભારી એક સાગ રૂમાલમાં યુક્તિ-પૂર્વક મૂકી બાંધી લીધી. તથા દાબડાઓ લઇ રોજના વખતે બજારમાં આવ્યો. પેલા વેપારીઓને દાબડા પાછા આપ્યા ને ધીરજ આપી કહ્યું કે:—

"ગૃહસ્થો! મારે એ કસ્તુરી લેવા હાલ વિચાર નથી છતાં પણ આપને આપેલો શ્રમ નિષ્ફળ ન જાય માટે હું પુર્વ દેશના રાજા જે મારા મિત્ર થાય છે તેના ઉપર ચિઠ્ઠી લખી આપું છું. જરૂર તમારી કસ્તુરી ત્યાં સારા ભાવે ખપશે."

વેપારીઓએ ઘણાજ હર્ષથી તે કબુલ્યું એટલે મહા હિંમતવાન નિર્ધન-છેલે વગર ઓળખાણ પિછાને પણ પત્ર લખી આપ્યો કે.

પત્ર.

પૂર્વ દેશના મહારાજા ધિરાજની શેવામાં:—

જત આ કસ્તુરી આપને લાયક જાણી આપ તરફ મોકલી છે

તે જરૂર ખરીદ કરવી. આવી કસ્તુરી ફેર ફેર મળવી નથી, તેની સાથે આ ગરીબ મિત્રની ભેટ સ્વિકારશોજી.

દા. નિર્ધન-છેલના પ્રણામ.

આ પ્રમાણે પત્ર લખી વેપારીઓને આપ્યો તથા પેલી દાતણની ભારી રૂમાલમાં બાંધેલી આપીને તે પોતાની ભેટ તરીકે રાજાજીને આપવા જણાવ્યું. વેપારીઓ તો તરત તે લેતાંજ ત્યાંથી નીકળ્યા.

પૂર્વ દેશમાં પહેલો પાસો.

ધીમે ધીમે પૂર્વ દેશમાં આવી પહોંચ્યા. નૃપતિની નિધામાં પણ જઇ પહોંચ્યા. પોતાની કસ્તુરી તથા નિર્ધન-છેલનો પત્ર અને ભેટ પણ રાજાજીને સોંપી દીધાં, નરપતિ નિર્ધન-છેલનો પત્ર વાંચી પોતાના મિત્રોનું લીસ્ટ (પત્રક) જોઇ થાકયા પરંતુ નિર્ધન-છેલનો પત્ર જણાયા નહિ, છતાં પણ કસ્તુરી સારી હોવાથી ખરીદી લીધી ને ભેટનું નિરીક્ષણ થવા માંડયું. ભેટમાં મોકલાયલાં દાતણો જોઈ રાજાજી વિસ્મય પામ્યા ને પછી દાતણ કરવાથી બહુજ પ્રસન્ન થયા. નરપતિએ પ્રધાન સાથે વિચાર ચલાવ્યો કે "જો કે જાણવામાં ને સાંભળવામાં તો નિર્ધન-છેલ નથી છતાં પણ જે આવા કસ્તુરીની વાસથીજ ભરેલા દાતણો રોજ કરતો હશે તે જરૂર કોઇ મહા શ્રીમાનને પંક્તીનોજ ગૃહસ્થ હશે. માટે આપણે પણ તેને કંઇ મોકલવું જોઇએ." પ્રધાને રાજાજીની વાતમાં મળતા થઈ પોતાના દેશના અમૂલ્ય રતનો મોકલવા જણાવ્યું. લાડવામાં રતનો ભરી (રસ્તામાં લુટાય નહિ માટે) તે લાડવાઓનું ગાડું તૈયાર કરી તરત પોતાના માણસો જોડે નિર્ધન છેલ ઉપર મોકલવામાં આવ્યું ધીમે ધીમે તે માણસો નિર્ધન છેલના ગામ આવી પહોંચ્યા ને નિર્ધન-છેલને મળી પેલું ગાડું સ્વિકારવા

જણાવ્યું. નિર્ધન–છેલને પોતાને રહેવા પુરતું ઘર તો હતું નહિ તેમાં વળી આ વેઠ આવવાથી વાત વિચારવા જેવી થઈ પડી પણ "હિમ્મતે મરદા તો મદદે ખુદા" તરતજ તે બુદ્ધિવાન પુરૂષે તે તમામ માણસોને તે લાડવાઓનું ગાડું પશ્ચિમ દેશના રાજાને ત્યાં ભેટ તરીકે લઇ જવા ફરમાવ્યું ને પોતાના તરફથી મોકલાયલી ભેટ સ્વિકારવા ઉપર મુજબ જે તે દેશના રાજાને પત્ર લખી આપી તે માણસોને પશ્ચિમ દેશ મોકલ્યા.

પશ્ચિમ દેશમાં પણ યુક્તિ પાસ.

તે લોકોએ પશ્ચિમ દેશના નૃપતિ પાસે જઇ પત્ર આપી ભેટ સ્વિકારવા જણાવ્યું. તે નૃપતિએ વિચારવા સરખો એ શ્રમ લીધોજ નહિ, કારણ કે લાડવાની ભેટ કાંઇ નવાઇ ભરી કહેવાય નહિ. તે નૃપતિ કાંઇ પણ હુકમ ફરમાવે તે પહેલાં ત્યાં બેઠેલા એક અફીણીને કસુંબાપાણી ઉપર હુંગા (માલ મીઠાઇ) ની જરૂર પડી. તરતજ ગાડામાંથી એક લાડવો અફીણીને આપવામાં આવ્યો. લાડવો ભાગતાંજ અંદરથી ચકચકિત રત્ન જોઇ નૃપતિએ તરતજ તે ભેટ સહર્ષ સ્વિકારી લીધી.

ભલું થજો અફીણીનું કે ભેદ ભાગ્યો. તે નૃપતીએ પોતાના દેશમાંથી સો સારા હાથીઓ પેલા આવેલા રત્નના હાર વડે શણગારી નિર્ધન–છેલને મોકલ્યા હવે પૂર્વ દેશના રાજાને ત્યાં એક પુત્રને પ્રસવ થયેલો હોવાથી તે રાજાએ પોતાના બાલકને રમવાને માટે એક નાનું હાથીનું બચ્ચું મોકલવા નિર્ધન–છેલને સંદેશો કહેવડાવ્યો હતો. સંદેશાનું તથા સો હાથીઓનું આવી પહોંચવું તેના નશીબે સાથેજ થયું હતું. પેલા આવેલા સો હાથીઓ તરતજ પુર્વદેશના રા-

બને ત્યાં મોકલી દીધા. એક નાના હાથીના બચ્ચાની માગણી માત્રથી સો જબ્બર હાથીઓ ને તે પણ પોતાના મોકલેલા રત્નના હારથી શણગારાયલા જોઈ પૂર્વ દેશનો રાજા તો વિચારમાંજ ડુબી ગયો. તે પ્રધાનને કહેવા લાગ્યો કે " આ નિર્ધન–છેલ કેવો શ્રીમાન હોવો જોઇએ ! હે પ્રધાન હવે આનો બદલો શી રીતે વાળવો " નિર્ધન છેલના નશીબના નખરાથી પ્રેરાએલ પ્રધાને રાજપુત્રિ આવપાની સલાહ આપી જે વિચાર રાજાને પ્રધાનના કથન પહેલાંજ હતો. તરતજ નાળીએર અને રૂપીઓ લઈ ખુદ પ્રધાનજીને સગપણ કરવા મોકલ્યા. દોટા દોટ દોટા દોટ પ્રધાનજી નિર્ધન છેલના ગામ આવી પહોંચ્યા. તથા અમુક સ્થળે ઉતારો રાખી નિર્ધન–છેલની તપાસ કરવા લાગ્યા. સાયંકાળે પુર ઠાઠમાં નિર્ધન–છેલનો ભેટો થયો. બન્ને મળ્યા. અને વાર્તા વિનોદ કરવા લાગ્યા.

રમુજી વાર્તા વિનોદ.

નિર્ધન છેલ—પ્રધાનજી ! આપે અત્રે આવી બીજે મુકામ રાખ્યો તે શું ઠીક કર્યું કે ? કંઇ બીજના જાણો છો કે ?

પ્રધાનજી—નહિ ! નહિ ! નિર્ધન છેલજી ! એવું બોલશો નહી હું મારા ચાલુ ઉતારે રિવાજ મુજબ ઉતરેલો છું !

નિર્ધન છેલ—બહુ સારૂ ! આપને ગમ્યું તે ખરૂં ! મોટા ખરા કેની ! પરંતુ આમ અચાનક કેમ પધારવું થયું ? કંઇ કામ શેવા ?

પ્રધાનજી—(રૂપીઓ તથા નાળીએર આગળ ધરીને) અમારાં રાજપુત્રીનો આપની સાથે વિવાહ કરવાનો છે માટે તેનો સ્વીકાર કરો.

નિર્ધન છેલ—પ્રધાનજી ! માગાંનો કંઇ તોટો છે ! ઘણીએ

કન્યાઓ આવી ગઇ અને હાજર છે. પરંતુ મારો પરણવાનો વિચારજ નથી.

પ્રધાનજી—સત્ય છે! પરંતું આ સંબંધનો સ્વિકાર કર્યા વગર તો છુટકોજ નથી. આપના અને રાજાજીના સ્નેહની તુલના પણ થઇ શકે તેમ નથી. ત્યારે પછી સંબંધ જોડવામાં શું હરકત છે?

નિર્ધન છેલ—પ્રધાનજી લાચાર! લાચાર! સ્નેહની સત્તા મારો વીચાર ફેરવાવે છે, ભલે તેમ હો!

પ્રધાનજી—કહો લગ્ન ક્યારે લેવા?

નિર્ધન છેલ—હાલ તો હું અત્યંત જંજાલમાં ગુંથાયલો છું લેશ પણ અવકાશ નથી. બને ત્યાં સુધી તો વિવાહનુ માંડી વાળો નહિતર લગ્નને માટે બે વરસ જોઇશે?

પ્રધાનજી—ભલે આપની અનુંકુળતા મુજબ થશે. નાળીએરને રૂપીઓ આપે છે.)

વાત—વિનોદ પુરો થયો. બંને જણા છેવટે છુટા પડયા, પ્રધાનજી પોતાના રાજ્યમાં ગયા ને સર્વ વૃત્તાંન્ત રાજાને નીવેદન કર્યો. હવે દીવસો જવા લાગ્યા ને નિર્ધન છેલની મુંઝવણ વધી પડી. આ બધી બાજી ગોઠવી આપનાર નશીબે તેની મુંઝવણ દુર કરી. તરતજ તેને એક સ્વપ્ન આવ્યું જેમાં અમુક મુદત સુધી જે જમીનમાં પોતે લાત મારે ત્યાંથી ધન મેળવશે એવું નશીબે તેને જણાવ્યું. તરતજ પોતાની ઝુંપડીમાંથી લાત મારી ધન મેળવ્યું ને તે ધનથી વળી બીજું મકાન લીધું તે તોડી તેમાંથી ધન મેળવ્યુ. એવી રીતે જમીન લેતા જવું ને વધુને વધુ ધન મેળવવું એ ધંધો શરૂ રાખ્યો. અને વળી પોતે મકાન બંધાવા માંડયા. નાના મોટા મકાનો, વાડી વજીફા, મં-

હેલ, દીવાની ફોજદારી વિગેરે તમામ રચના પુર્વક એક શુશોભીત નગર થોડા વખતમાં તેણે વસાવ્યું ને બહારના લોકોને ત્યાં બોલાવ્યા. ને પોતે તે નગરનો રાજા થયો.

લગન.

હવે લગન દીવસ નજીક આવી પહોંચ્યો, ને કંકોત્રી પણ આવી. એટલે જાન તઇયાર કરવાની યુકતીઓ કામે લાગી. રૈયતમાંથી જે રાજાની જાને જશે તેને મન પસંદ વાહન અલંકાર વીગેરે મળશે. માટે જેની મરજી હોય તેણે તઇયાર થવું આવો ઢંઢેરો નગરમાં ફેરવી દીધો. તરત એક મોટા સૈન્ય જેટલી જાન તૈયાર થઈ. નશીબના જોરે રાજા બનેલો નિર્ધન છેલ રૈયતની બનેલી જાન સહિત પોતાના સસરાના નગરમાં જઇ પહોંચ્યો. સસરાજી પણ જમાઇને જોઇને ખુશી થયો. ને પોતે જમાઇને શ્રીમાન ધારતો હતો પણ આતો એક રાજા જમાઇ મળેલ છે. એવું જાણી વધુ હર્ષ થયો. લગન નિર્વિઘ્ને થયાં નિર્ધન છેલના ભાગ્યના પાસા સવળા થવાથી પોતે રાજા થવા પામ્યો. અને સુખી જીંદગી ગાળી.

ખરો જવાબ. ૩૦

એક સખશ—(રસોયાને) જો હાલમાં મારી નોકરી બંધ થઇ છે. માટે ઘી વીગેરે જોઇને વાપરવું.

રસોયો—બહુ સારૂ સાહેબ! શેઠની રોટલી ચોપડવામાં કરકસર થઇ પણ પોતે તો રોટલી ઘીમાં તરબોળ કરીનેજ ખાવા લાગ્યો. તે દેખીને)

શખસ—કેમ ભાઇ! આટલી બધી ઉદારતા!

રસોયો—શેઠ! તમારી નોકરી બધ થઇ છે મારી નોકરી તો ચાલુ છે.

સરટીફીકેટ. ૩૧

શેઠ—(નોકરને નોકરી રાખવા પહેલાં) અહિં કામ કરવા જેટલા તમે જોરાવર છો?

નોકર—સાહેબ! મારા છેલ્લા શેઠને પુછીને ખાત્રી કરી જુવોની માત્ર એકજ ઠોકરમાં તો મેં તેમની પાંચ છ બરણીના ચુરે ચુરા કર્યા હતા.

દયાનું ફળ. ૩૨

ભીખારી—સાહેબ! ભુખે મરૂછું, કંઇ દયા કરો! દયાળુ છો! ભગવાન ભલુ કરશે!

શેઠ—લે આ પૈસો પણ મને કહે કે તું કંગાલ કેમ થઇ ગયો?

ભીખારી—(દીલગીરીથી) તમારી માફક લોકોને મોટી મોટી રકમો આપવાથી!

મરી ગયેલો જીવતો. ૩૩

એક શખસ—(બીજાને) તમે ગઇ કાલે મરી ગયા હતાને!

બીજો—કોણ જાણે ભાઇ! હાલતો જીવું છું, કોઇએ ગપાટો માર્યો હશે!

પહેલો—નહિ! નહિ! કહેનાર ઘણો આબરૂદાર માણસ હતો! તે કદી જુઠું બોલે કે! જરૂર તમે મરી ગયા છો!

દરદીનું નુકશાન. ૩૪

એક શખસ—આખરે બિચારો પેલો ઘરડો મરી ગયો હો!

બીજો—હા! મને ઘણું નુકશાન થયું!

પહેલો—શું તે તમારા મિત્ર હતા કે!

બીજો—નહિ ! હું તો તેનો ડાકટર હતો !

એક એ:થી સરસ. ૩૫

ઉઘરાણી આવનાર—(ચાકરને) જોને ! શેઠ છે કે ?

ચાકર—શું કામ છે.

ઉઘરાણી આવનાર—પૈસા માટે પુછ્યુ છે.

ચાકર—તે તો ગઇકાલના ગામ ગયેલા.

ઉઘરાણી આવનાર—આઠ નવ રૂપીઆ આપવાના હતા.

ચાકર—પણ આજ સવારના પાછા ફરેલાછે ઉભા રહો બોલાવું (શેઠને અંદરથી બોલાવી લાવે છે.)

શેઠ—કેમ ભાઇ ?

ઉઘરાણી આવનાર—કેમ ભાઇ શું રૂપીઆ લાવોની ઝટ તમને શાહુકાર જાણી રૂપીઆ આપ્યા તે કાંઇ ગુનેહગારી કરી કે તમારી શાહુકારી તો બહુ સારી લાગે છે ઇજ્જતનો ખપ પણ ધરાવો છો કે નહિ ? ન આપવા હોય તો ના કહો (ચાકર તો ચકિતજ થઇ ગયો)

શેઠ—ના ના ના ના તેમ સમજીને પણ નીકાલ પતાવની.

પહેલી કઇ રમત સારી. ૩૬

પેસુ—સીરીન જો આપણે સ્કુલની રમત રમીએ તો મજેનું કેમ હું માસ્તર થાઉં ને તુને સોટી સડાક સડાક લગાવું.

સીરીન—પહેલા ઘોડાની રમત રમીએ બાવા તું ઘોડો થા ને હું ઉપર સવાર થાઉં ને બાવાજી ગઇ કાલે આપણા ઘોડાને માટે વહન નવો ચાબુક બી લાયા છ તે બી કામ આવસે જો

મુરબ્બી કે મુરબ્બા ! મ્હેરબાનની મ્હોકાણ ! ૩૭

ચાંદુમીયાં-(પોતાને ત્યાં મીજલસ હોવાથી બોલાવવાને આ વેલ) ચલીએ મુરબ્બી સારી મીજલશ ભર ગઇ હે ચલીએ જલદી.

ગાંડુમીયાં-કયા હમ ઔરત હય કે હમકો તુમ મુરબ્બા બોલતે હય તુમતે બુલાને આયે કે મશ્કરી કરગે જાઓ મારા બાઇ જાઓ.

ચાંદુમીયાં-નહિ નહિ મુરબ્બાજી ભુલ ગયે માફ કર ચલીએ જલદી. ચૂઆકે ડરસેં મારે હમ મુરમ્બા હરફ બોલના ભુલ ગયે હય પાંચ રૂપીએકા બનાયા હુઆ સબ મુરબ્બા ચુઆ ખા ગયે.

ગાંડુમીયાં-યે તો બુરી બની તબતો મુરબ્બી ઠીક હે મુરબ્બી મગર મુરબ્બી બનેગા તો બી છોટી છોટી ઉદરડી તો કાટેગીના મીયાં હમારે વ્હાં બ્હોત હે યાર.

ચાંદુમીયાં-હાં વોભી સચ્ચ અપસે કરો મુહબ્બુ સાહબ કહલાઓ મુરબ્બુ.

ગાડીવાન-(રસ્તે ગાડી હાંકતા) મુરબ્બુ વો કીસકા બુ હેં (બુ એ સ્રીઓના નામને છેડે હોય છે. ને “ વહુ ” એવો અર્થ થાય છે. જેમકે, ફાતમા બુ, મોતી બુ વીગેરે)

ગાંડુમીયાં-(છેડાઇ પડયા) જાઓ બાઇ જાઓ હમ તો નહિ આતે હય.

ચાદુમીયાં-(મનાવે છે) આપસે હલકે લોકોસે બોલાનેસે કયા હો ગયા જી વો તો આપ જાનતે હો કી જીતને કું “ બાન ” હરફ પીછાડી હે વો સબી ખરાબ હે જેસે ચોકીબાન ગાડીબાન.

ગાડીવાન-જી મહેરબાન સચ્ચ હય.

મહેરબાન કીધા એટલે ગાંડુમીયાં અને ચાંદુમીયાં બન્ને ઉડયા

ત્રણે મીયાંની મારામારી થઇ. બીજાસશ તો થાકીને ઉઠી ગઇ હશે. પણ મુરબ્બી અને મહેરબાનનો કેસ તો કોરટે ચડયો. ન્યાયાધીશ પણ ઉલ્લુમીયાંજ હતા એટલે કાંઇ ખામી રહી નહી. ગાડીવાનની જુબાની લેવામાં આવી. તેમાં ગાડીવાનને મહેરબાન શબ્દ બોલવાની ટેવ પડી ગયેલી હોવાથી ઘડી ઘડી મહેરબાન મહેરબાન બોલતો પરંતુ ઉલ્લુમીયાંને વળી મુળથીજ મહેરબાન શબ્દની ચીડ હતી. જેમ કોઈ મુર્ખ પણ શ્રીમંત હોય તો તેને રાજા માણુસ કહેવામાં આવે છે તેમ નાનપણથી ઉલ્લુમીયાંનું મસ્કરીમાંજ મહેરબાન નામ પડેલું તે કેમે કરી ટળે નહિ ને વળી આજે ગાડીવાનને મહેરબાન શબ્દના મુકાબલાનો કેસ આવ્યો, એટલે તો પોતે ખુબ ખીજાઇ પડયા. ને જુબાની આપતાં મહેરબાન શબ્દ નહિ બોલવાનો હુકમ ફરમાવ્યો. પરંતુ ગાડીવાનને તો પોતે ગરીબ હોવાથી ઘડી ઘડી મોટા મોટા પાસે એવા શબ્દો બોલવાની ટેવ પડી ગયેલી તે શી રીતે જાય ? તેણે તો તેના જવાબમાં પણ જણાવ્યુ કે " જી મહેરબાન મને તેમ બોલવાની આદત પડી ગયેલા છે. મહેરબાન કાંઇ ખોટો શબ્દ નથી. મહેરબાન મહેરબાન ન કહીએ ત્યારે કંઇ કોઇને ઉલ્લુખાન થોડુજ કહેવાય છે. મહેરબાન (ગાડીવાન બીચારો જાણતો ન હતો કે આ મહેરબાનના દુશમનનું નામ ઉલ્લુખાનજ છે.)

ઉલ્લુખાન—(બહુ ચીડાવાથી તરતજ કેસનો ચૂકાદો આપી દીધો) ગાડીવાને કચેરીકા અપમાન કીયા હે ઓર મહેરબાન નહિ બોલનેકા ફરમાન તોડા હે તો કચેરી ઉસકો સજા ફરમાતી હે કે

ગાડીવાન—આપ ફરમાને હેં કે કચેરી મહેરબાન!

ઉલ્લુખાન—ચુપ કર ઉલ્લુ ! નહિ ! નહિ ! (પોતાનું નામ હોવાથી ગુંચળા મળાયાં.)

આડીવાન—કોઇ હરકત નહિ મહેરબાન ! ઉલ્લુ કયા ઉલ્લુકા બાપ બોલો તો બી હમારે ગરીબોકો કોઇ હરકત નહિ આતી મહેબાન !

ઉલ્લુખાન—(ખુબ ચીડાઇને) તુમને બ્હોત નાલાસ કી હે તો તુમકુ એક વખત મહેરબાન હરફ બોલનેકે ખાતર એક વરસકી સખત કેદકી સજા કી જાતી હે ઔર કચેરીકા અપમાન કીયા ઉસકે લીયે.

ચાંદુમીયાં—શુલી કી સજા દેદો સાહેબ શુલીકી !

ગાંડુમીયાં—અરે યાર ! થોડી વિચાર કરતે હય કી કીતની વખત શુલી દેનેકી સજા કરની કયા કે ગુનાહ ગજબ હે ને.

ઉલ્લુખાન—(ગભરાઇને) ઓર " બાન " વાલેકી નાબુદી હોને કે લીયે, ઓર તુમ બ્હોત તકસીરવાન હય સો ઇસ સબ સબબસે યે મુકરદમા મેં બડી કોરટમેં ભેજતા હું.

ગાંડુ ચાંદુ—અબ તો યાર ઠીક હુઆ ! જ્હાં બડી સજા હોગી કુરબાન તેરા ફેંસલા કુરબાન ! (કુરબાન શબ્દ બોલવા છતાં ઉલ્લુખાને તેને કંઇ સજા ન કરી એ બચાવ ગાડીવાને ગોખી રાખ્યો.)

આ બધું ટોળું મોટી કોરટમાં ગયું. ત્યાં વળી ઉલ્લુખાનના કોઇ દુશ્મન મળ્યાં મ્હેરબાનખાં ન્યાયાધીશ હતા. તે નવા નવા આવ્યા હતા. તેમના હાથમાં આ કામ ગયું એટલે બધી વાત પડતી મુકીને પ્રથમ પોતાના તરફથીજ આરોપો ઘડી કહાડી ઉલ્લુખાનને બોલાવવા વીચાર કર્યો. તથા નીચે પ્રમાણે હુકમ કર્યો કે

" મહેરબાન શબ્દ બોલનારને સજા કરવા છતાં કુરબાન શબ્દ બોલનારને સજા ન કરી તો તમે છુપી લાલચ લીધી હોય

તેવો શક પડે છે. વળી "બાન" વાલાની નાબુદી ઇચ્છી મારી મ્હેરબાનખાંની નાબુદી ઇચ્છી એનો શું શબબ તે જણાવવા કોરટમાં તરત હાજર થવું."

વારંટ છુટયું ઉલ્લુખાનને તો સે મેલ થઇ પડી. પણ હવે કરવું શું તરત કોરટમાં જવું પડયું. પાંજરામાં પુરાયા. કંઇ પણ બચાવ જડયો નહિ. લોક પણ જાવા ઘણું મળ્યું હતું. પછી ફજેતી થઇ હતી. મ્હેરબાનખાનો ફેંસલો કોણ જાણે કેવોએ મળવાનો હશે. પણ આ રજમાંથી ગજ થતું જોઇ લોકોએ વચ્ચે પડી સમાધાન કર્યું. સવારની મીજલશથી મંડીને આ ધમાલ રાત સુધી ચાલી. મુરબ્બા મુરબ્બીનું કંઇ નક્કી થયું નહિ. મ્હેરબાન શબ્દનું મુળથી વઢાયું પણ ખરૂં ને વળી કુરબાન શબ્દને લીધે તેનું માન વધ્યું પણ ખરૂં છેવટે બધા મીયાં ભાઇના મગજ રાતે શાંત થયા કે જ્યારે તેઓ ઉંધ્યા.

ભાઇ ભાઇનું છોકરૂં પણ ભારે હો. ૩૮

જુની પુરાણીક કથાઓને બણાવી ઠણાવીને કહેનાર તથા બનાવટી ગપાટાઓ જોડી કહાડનાર ભાટો તથા ચારણો હોય છે, તેમાં ભાટ લોકોની તો અવધીજ તેની વાકય-ચાતુર્યતાને જીતવી એ એક દેશ જીતવા કરતાં પણ મુસ્કેલ હોય છે. રાજા રજવાડામાં ભાટના બહુજ માન હોય છે. ચારણ ગમે તેટલી શણગારીને વાત કરે તો પણ તે ભાટની તુલનામાં તો નજ પ્હોંચે. ને તેથીજ એક ભાટના છોકરા સરખાની હાજરીમાં પણ ચારણ કદી વાત કરતો નથી કારણ કે પોતાને હાંસી-પાત્ર થવાની બીક રહેલી છે.

એક વખત રાત્રીને વીષે એક ગામડામાં ચોરામાં બધા પટેલ

લોકો ભેગા થઇને બેઠા હતા. તેમાં એક ભાટનું છોકરૂ પણ છુપા-ઇને બેઠું હતું તે કોઇના જાણવામાં હતું નહિ. ત્યાં એક ચારણ પણ આવેલો હતો. તે ચારણને પટેલ લોકોએ કોઇ સારી વાત કહેવા આગ્રહ કર્યો ત્યારે ચારણે કોઇ ભાટનું છોકરૂં શરખું પણ ન હોય તો વાત કહેવા ઇચ્છા જણાવી, પટેલોએ કહ્યું "જાઓ મારા ભાઇ ભાટથી તે ડરતા હઇશું, અહીં તો કોઇએ નથી" ચા-રણે સેખઇ કરી કે "ના, ડરીએ શેના ?" પછી વાત ચલાવી.

માટીનું ઢેફું અને પાંદડાની વાત.

"આ બાપાને કહ્યું કે કે એક સમો હતો ને સમાનો અવસર હતો ને ત્યારે પાંદડાને ને માટીના ઢેફાને મુસાફરી કરવા મન થયું આ પાંદડું કહે કે "માટીના ઢેફાં રસ્તામાં જો પવન ફૂંકે તો તું મારા ઉપર બેસજે "માટીનું ઢેફું કહે કે "ભલે ભા પણ વરસાદ આવે તો તું મારા ઉપર બેસજે, હું ઓગળી ના જાઉં આ બન્ને જણા આવો ઠરાવ કરી ઠડુક થડુક ચાલવા લાગ્યા.'

પેલું ભાટનું છોકરૂ કાંઇ આ વાત પુરી થવા દે કે તરતજ તેણે સવાલ કર્યો કે "અને કાકા વરસાદ ને પવન બે સાથે આવે તો શું કરવું તેનો કાંઇ રસ્તો કાહાડયો.

ચારણ બોલી ઉઠયો "અલ્યા ચ્યાં છુપાઈ જયું સે ! માંબાપ મારી વાત બંધ થઇ હવે ઇ છોકરૂં જાણે ને તમે જાણો."

પટેલ બોલ્યા "અલ્યા સખણો ન રહ્યો કે ' લે કહે જોઇએ હવે તું વાત ! ભાટનું છોકરૂં–" હોવે બાપા ! સ્યો સંભળાવું ત્યારે સાંભળજો ચારણ કાકા ! બીશો નહિ "

મગર અને વાંદરાની વારતા.

એક મગરને તથા વાંદરાને દોસ્તી થઇ વાંદરો હમેશાં સારા સારાં વનફળ લાવી મગરને ખવડાવે. મગર વળી વનફળ ઘેર લઇ જઇ પોતાની સ્ત્રી મગરીને ખવડાવે. કોઇ દિવસ વનફળ ખાધેલાં નહિ તેથી બહુ સારાં લાગે. આમ રોજ બન્યા કરતું હતું તેવામાં રાંડ મગરીની દાઢ ચસકી તેથી મગરને કહેવા લાગી કે "જે હમેશાં આવાં વનફળ ખાય છે તેનું કાળજુ બહુ સારૂ હશે માટે તે કાળજુ લાવો" મગરે ઘણું સમજાવ્યુ પણ જોડાને પાત્ર રાંડ જાતની હઠ સાત સાત પેઢીનો પીર ઉતરીને આવે તો પણ જાય કે ? એતો ડફણાનુંજ ઘરાક. પેલો મૂઢ મગર વાંદરા પાસે હરરોજના નિયમ મુજબ આવી કહેવા લાગ્યો વાનર ભાઇ ! વાનરભાઇ ! આજ તો તમે મારે ઘેર ચાલો ! મારા સમ છે ! મીજબાની કરીએ ! તમારી ભોજાઈ તમને ખુબ યાદ કરે છે ! બેસી જાઓ પીઠપર !" વાંદરો તો વિશ્વાસે પીઠપર બેશી ગયો ને થોડેક ગયા કે મગરે કહ્યું કે "વાનરભાઇ ! વાનરભાઇ ! હવે મારે શું કરવું ! તમારી ભોજાઇને તમારૂં કાળજું ખાવું છે ! હવે આપણે કેવી રીતે મનાવી શું ! રાંડ માનતીજ નથી" ભોળા મગરે ભેદ ભાગ્યો. વાંદરાને તો સાતપાંચ થઇ પડી ને તે પુછવા લાગ્યો કે મગરભાઇ ! તમારૂં ઘર કેટલે છેટે છે" મગર કહે "બીશો નહિ હવે તો આ આવ્યું" વાંદરો કહે "મગરભાઇ કાળજાનું તમે અહિં કેમ બોલ્યા ! પાછા વળો, પાછા વળો, મારી ભોજાઇને કાળજાનું મન થાય ને કાળજું લીધા વિના જઇએ એ તે બને કે ? ચાલો પાછા એકના બદલે એકસો કાળજા લઇ આવીએ ! ભલે ધરાઇ ધરાઇને ખાય !" મ-

મગર કહે “ પણ કાળજુ' કયાં છે ” વાંદરાએ રાતાં ફળફુલ વાળું ઝાડ બતાવીને કહ્યું કે “ આ ઝાડપર સુકવ્યું, વનફળ ખુબ ખાવાથી કાળજુ' લાલને ભીનુ' થઇ જાય છે તેથી ઝાડે ઝાડે સુકવું છુ' ” મગર તરત પાછો વળ્યો. ઝાડ આવ્યું કે વાંદરો ઝાડે ચડયો. મગર કહે “ ચાલો ભાઇ ! મોડું થાય છે ” વાંદરો કહે કે “ કાળજાં લ્યો કાળજાં ” એમ કરી મગરની મજાક કરવા લાગ્યો તથા મગરને ફળ મારવા લાગ્યો ! મગર અધમુઓ થઇ ગયો ! છેવટે કંઇ સમજ ન પડવાથી મગરી પાસે ગયો મગરીએ પણ સારી રીતે તેને ધમકાવી કાહાડયો ! ” વાત પુરી થઇ. હવે ભાટનુ' છોકરૂ' પેલા ચારણને કહેવા લાગ્યું કે “ ચારણ કાકા ! મગરીનો ભરમાવ્યો મગર ભૂલ્યો ને ભટકાયો તેમ તમારા ઘરવાળાના પાણી ચડાયે અમારી બારોની છેડ કરશો તો માર્યા જશો ગમે ! તે વાતોએ તમે મૂઢ મગર જેવા ને અમે વિચક્ષણ વાંદરા જેવા જાણવા વાત કરતા પહેલા ભાટની પૂછગાછ કરી હતી છતા આ છાનો બેઠેલો કાકો ન જણાવાથી મિજાજમાં ચડી ગયા તો તમારી વાત પાસ થઇ કે અમારી ”

પાનમાં ઠગાઇ. ૩૯

એક ગામડીઓ શહેરમાં આવી પાન કરાવા લાગ્યો. પાનવાળો તો રિવાજ મુજબ ચુનો કાથો ચોપડવા લાગ્યો ત્યારે ગામડીઓ બોલી ઉઠયો કે “ ભાઇ ! આમ સ્યમ કરેસે ! ઓલ્યુ ધોળુ ધોળુ માખણ જેવું (ચુનો) થોડું ચોપડેસે ને કાળા કોયલાથી (કાથો) પાંદડું લપેડેસે ! લાવ્ય પેહો પાસો ! ”

ચાલાક છોકરો. ૪૦

એક શરાફને ત્યાં એક વેપારી પોતાના લેણા રૂપીઆ લેવા

આવ્યો. શરાફ રૂપીઆની ઢગલી કરી ને પેલા વેપારીને સામે બેસાડી રૂપીઆ ગણવા માંડયા. તેવામાં તેને કાંઇ ઘણુંજ છુપા ને અગત્યના કામ સારૂ કોઇ રસ્તે જતા માણસ જોડે મસલત કરવા નીચે જવા જરૂર પડી. ત્યારે ત્યાં બેઠેલા પોતાના છોકરાને કાનમાં કહેતો ગયો કે "તપાસ રાખજે આ માણુસ ક્યાંહિ રૂપીઆમાં હાથ ઘાલે નહિ" વેપારીને બેસાડી નીચે ગયો. વાત કરી આવી પાંચ મીનીટમાં ઉપર આવ્યો તેવોજ છોકરો જોરથી બોલી ઉઠયો કે "આમણે તો રૂપીઆમાં હાથ ઘાલ્યોજ નહી છાનામાના બેશી રહ્યા છે."

મહેનત થોડી. ૪૧

આહક—(કંદોઇને) કેમ જલેબી શું ભાવે આપો છો ?

કંદોઇ—ચાર આને શેર.

આહક—વારૂ એક શેર તોલો (કંદોઇએ પોણોસેર તોલી આપી)

આહક—કેમ પાશેર ઓછી તોલી.

કંદોઇ—સાહેબ ખાવાની ખટખટ ઓછી.

આહક—વારૂ લ્યો આ પૈસા. (અઢીઆના આપી ચાલતી પકડી)

કંદોઇ—પૈસા કમતી છે સાહેબ.

આહક—(જતાં જતા) સાચવવાની મહેનત થોડી ભલા આદમી.

માસ્તરની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓના વિચારો. ૪૨

એક વિદ્યાર્થી—રોજને રોજ નિશાળે આવવું તેતો કાળ જેવું લાગે છે! જો માંદા રહેતા હોઇએ કેવી મજાહ પડે!

બીજો—અરે આ નિશાળજ પડી જાય તો બસ!

ત્રીજો–એમ કાંઇ નિશાળ પડે કે? આગ લગાડીએ તો કાંઇક વળે!

ચોથો—એતો વળી નવી નિશાળ ચણાય પણ મહેતાજીને મંદવાડ આવે તો રાવટ થાય, મંદવાડમાંથી મહેતાજી બચવા ન પામે હો ?

છુપાઇ રહેલા મહેતાજી—(યોગ્યતા મુજબ સોટીનું ઇનામ આપતાં) ન પામે બા ! ન પામે ! હવે કોઇ બચવા ન પામે !

ભુલી જાને. ૪૩

છોકરો—બાપા ! જો હું પાસ થાઉં તો તમે મને રૂપીઓ આપવાનું કહેતા હતા તે હવે આપોને ! માસ્તરે વર્ગ પણ ચડાવી દીધા.

બાપ—અરે હજી તે વાત તને યાદ છે શું ! ભુલી નથી ગયો ?

છોકરો—ભુલી તે કેમ જાઉં !

બાપ—ત્યારે ભુલી જાને હવે !

કાંઇક. ૪૪

એક ગૃહસ્થે એક હજામને કહ્યું કે " જો તું મારી સારી હજામત કરીશ." તો હું તને કાંઇક આપીશ. હજામ કહે " બહુ સારૂ ! શેઠ " હજામે સારી રીતે હજામત કર્યા બાદ પેલા ગૃહસ્થે તેને એક રૂપીઓ આપવા માંડયો પરંતુ હજામે તે લીધો નહિ. બે રૂપીઆ આપવા માંડયા તોપણ તેણે લીધા નહિ. તેતો કહે " બસ ! મને " " કાંઇક આપો " પેલા ગૃહસ્થને આ હજામની હઠથી એક યુક્તિ કરવી પડી. પોતાના પાણીના હાંડામાં નાના નાના લુગડાના ટુકડાઓનો લોચો વાળી મુકી દીધો. પછી થોડીકવારે હજામને કહ્યું કે " રાત ? પેલા હાંડામાંથી જરાક પાણી લાવી આપોને ! મ્હોં ધોઇને પછી તમને કાંઇક આપું." હજામતો ઝટ ઉઠયો ને પવાલુ લઇ હાંડામાં નાંખ્યું કે પેલો લોચો હાથને અડવાથી ચમકીને બુમ પાડી ઉઠયો કે " ઓ બાપરે ? આમાં તો કાંઇક છે." તરતજ ગૃહસ્થ

બોલ્યો કે " કાંઇક છે તે લઇ લેને ઝટ. ભડકે છે કેમ! કાલે હજામત કરવા વહેલો આવજે હો! રોજ કાંઇકની કમાણી થશે!

ખુદાથી ફુસલામણ. ૪૫

એક છોકરો માંદો પડયો ત્યારે તેની માએ ખુદાતાલાની માનતા રાખી કે " હે! ખુદાતાલા! જો મેરા લડકા અચ્છા હોગા તો આભ જેસી બડી રોટી ચડાઉંગા.

છોકરો—અમ્મા ઇતની બડી ઠીકરી કાંહાસે લાયગી!

બીબી—બેટા સુનતો સહી એતો મેં ખુદાકું ફુસલાતી હું!

છોકરો—સચ્ચ હે! ખુદાકું રોટી લેની હોગી તો ઇતની બાપકી ઠીકરી ભેજેગે!

ભાગ ભુત રાંડ આવી! ૪૬

મોટી ઉમર સુધી વાંઢો રહેલો એક વાણીઓ પોતાનું ઘર બાહી લુહીને પ્રથમ છ મહિના સુધી સ્ત્રીના હાથથી હમેશ માથા ઉપર સાત ખાસડાનો માર સહન કરવાની શરતે પણ એક રણુકી નામની મહા મીજાજી સ્ત્રીને પરણ્યો. હવે રોજ ખાસડા ખાવાં શરૂ થયાં રણુકીને કંઈ દયા ન હતી કે જેથી ખાસડાનો સ્પર્શ માત્ર કરે! એ તો સારી રીતે ઝુડવા લાગી. એવી રીતે ત્રણેક મહીના થવાથી માથું તો ગદગદી ગયું. પછી તો બ્હાર પણ જવાય નહી એટલે કશું કમાય પણ નહિ તેથી થાકીને પરદેશ જવા વિચાર કર્યો પરદેશ જવાનું જણાવતાં સ્ત્રીએ તો શરત મુજબ સાત ખાસડાં ખાનાર કોઇ જોઇએ પછી જાઓ તેમ જણાવ્યું પેલા વાણીએ એક પીપળાના ઝાડના મુળમાં ખાસડાં મારવાનું જણાવ્યું. એટલે સ્ત્રીએ રજા આપી. હવે વાણીઓ તો ચાલી નીકળ્યો પણ પેલા ખાસડાં

જે પીંપળાના મુળમાં પડવા લાગ્યા હતા, તે તે ઝાડના મુળમાં એક ભુત રહેતો હતો. તેના માથા ઉપર વાગવા લાગ્યા. તે ભુતે પેલી સ્ત્રીને ઘણીએ સમજાવી પરંતુ તે સ્ત્રીએ તેનું કહ્યું માન્યું નહિ ને કહ્યું કે "જો ખાસડાં ન ખાવા હોય તો જા! મારા ધણીને પાછો લઇ આવ! તેના કહેવાથી હું તો ખાસડાં મારૂં છુ"

આ સાંભળી પેલા ભુતે વાણીઆની વાટ લીધી, ને ધીમે ધીમે ચાલ્યા જતા વાણીઆને પકડી પાડયો. ને કહ્યું કે "ભાઇ ઉભો રહે! મને શા માટે તુ ખાસડાં મારવાનું કહી ગયો છે?

વાણીઓ—ભાઇ મને શું ખબર! મેં તો ઝાડના મુળમાં મારવા કહ્યું છે. એ ખાસડાના પાપે તો ભુખે મરવા વખત આવ્યો ભાઇ! રળવું કમાવું બંધ થયુ ! તે આ પરદેશ જઉ છુ.

ભુત—પણ હું પૈસા અપાવું મા બાપ! સાંભળ! હું આ નગરમાં નગરશેઠના છોકરાને વળગું છુ ત્યાં આવજે ને ભુત ઉતારવાને માટે મરજી મુજબ રકમ ઠરાવજે. પછી તું એ છોકરાના કાન આગળ મ્હોડું કરીશ કે તરત હુ નીકળી જઇશ! ને તું ન્યાલ થઇશ! નકી છે કાંઇ!

વાણીઓ—બહુ સારૂ.

પેલો ભુત તો નગરમાં જઇ નગરશેઠના છોકરાને વળગ્યો તે કેમે કરી નીકળે નહિ. ઘણાએ ભુવા, જોગી, જતી આવી ગયા પણ કોઇનો પતો ખાય નહિ. છેવટે પેલા વાણીએ આવી બે હજાર રૂપીઆ લઇ ભુત કહાડવાનું ઠરાવ્યું. તેમ કબુલ થયું કે તરતજ સંકેત—વિદ્યા અજમાવવી કે ભુત નીકળી ગયું ને વાણીઆને તો રોકડા મુબઇ ગરા બે હજાર

રૂપીઆ મળ્યા. હવે પેલું ટોતકી ભુત તો વળી રાજાના છોકરાને પણ વળગ્યું. તે કોઇ પણ ઉપાયે નીકળે નહિ. હવે પેલો વાણીઓ જ્યાં ગામ બહાર નીકળ્યો કે રાજાના સવારોએ તેને પકડયો કે "ચાલો ભાઇ ! ભુત ઉતારવા ! તમે માગશો તે આપશું !" વાણીઆના તો પૂરા ભોગ મળ્યા. પણ કરે શું ! નગરશેઠને ત્યાં પાકો હાથ મારેલો છે તે કાંઇ વગર મહેનતે પચે કે, તે વાણીઓ તો રાજાને ત્યાં ગયો ને રાજ- કુમારને ધુણતો દેખી ભૂતને કહાડવા એક યુક્તિ શોધી કહાડી ! પોતે હાંફળો ફાંફળો દોડતો દોડતો ધુણતા કુમારના કાનમાં આવી મહા મંત્ર બોલ્યો કે "ભાગ ભુત રાંડ આવી" આટલું બોલી ન્હાસવા લાગ્યો. ને સંકેત મુજબ પાછળ એક વિકાળ સ્ત્રી (દાસી) હાથમાં ખાસડું લઇને દોડતી આવી. બસ—આ જેઇને ભુત તરતજ નીકળી ગયું ! રાંડનું નામ આવ્યું કે ભુતના શા બાર કે નીકળનાં કરે વાર ! વાણીઆનું પણ કામ થઇ ગયું.

અણુદીનો ભાઇ માળો. ૪૭

એક પટેલ નવાં પટલાણી લાવ્યા. આ પટલાણીની ખાવાની દાઢ જબરી ચસકેલી હતી. તેથી તેણે તો પોતાનું કામ શરૂ કરી દીધું હતું. ઘરમાં સાસુ નણંદનું કંઇ નડતર હતું નહિ ને પટેલ તો ખેતર જતા એટલે પટલાણીથી બાજી મનમાની રમાતી હતી. એક માટીની પુતળી કરી હતી તેનું નામ અણુદી પાડી તેને એક ગોખ- લામાં સ્થાપન કરી હતી ! અને પોતે પોતાનું મન માનતું ,ખાવાનું બનાવી પ્રથમ અણુદીને ધરતી ને પછી પોતે ખાતી હતી. જ્યારે

તે અણુદીને પ્રસાદી ધરતી ત્યારે તે બોલતી કે ." અણુદી બાઇ અણુદી, નથી સાસુ કે નણુદી, રજા તારી માગું, જે હોય તે મોંમાં ભાંગું " આમ અણુદીની રજા માગી અણુદીના જવાબમાં પણ પોતેજ બોલતી કે " છાશ બોલે છબક છબક, લે મોઢા લબક લબક." આવી રીતે પટલાણીએ તો પોતાનું કામ કરવા માંડ્યું હમેશ પોતે આવી રીતે માલ મિષ્ટાન્ન ઉડાવી પછી પટેલને માટે ખેતરમાં ભાત લઇ જતી તેની સાથે પોતાને ખાવા (ધણીને દેખાડવા) ઘેંશ પણ લઇ જતી. ને પટેલને કહેતી કે " લ્યો જમી લ્યો ! ઝટ કરો ! હું પતિવ્રતાનો ધરમ પાળુ 'છું તે તમારા ખાધા પછીજ ખવાય આવું' જાણી પટેલ ખુશી થતા ને ઝટ જમી લેતા પછી પટલાણી માત્ર જરાક ઘેંશ ખાતી ને કહેતી કે " બૈરાંને બીજું ખાવાનું હોય કે ! ના બા ! ઘેંશજ સારી,! આમ કરતાં કેટલા એક દીવસ ચાલ્યા ગયા, ને પટલાણી તો ફુલી ફુલીને શરીરે કોળાની માફક વધવાજ લાગી. પટેલ વિચારવા લાગ્યો કે " મારી દીચરી પટલોણી ! ખાય છે તો ઘેંશ ને ચ્યોંથી થઇ જઇ જાણે ભાદરવાની ભેંશ, કહે કે ના કહે પણ કાંઇક દાળમાં કાળું છે. " એમ વિચારી એક દીવસ પટેલે ઘેર છુપાઈ રહી બધી ચર્ચા જોઇ. પટેલનો મીજાજ હવે હાથ ન રહ્યો ને ખેતરમાં જઇ દોરડો લઇ ઉભા કરેલા માળા ઉપર ચ્હડી ગયો. પટલાણી આવ્યા કે પટેલ બોલ્યા " ઓ પતિવરતા આજ તો ઉપર આવો ઉપર વતિવતા પટલાણી ઠમક ઠમક ઉપર ચ્હડી ગયા કે પટેલ માળાને પુછવા લાગ્યા કે " અણુદીના ભાઈ માળા ઓ માળા નથી સસરો કે સાળા, સટકાવુ વળી માળાના જવાબમાં પણ પોતે બોલ્યા કે " સોટી વાગે ચમ ચમ ને બુદ્ધિ આવે ધમ ધમ " બસ ત્યાં ને ત્યાંજ પટલાણીને પુરેપુરી પીટી નાંખી.

બઈરી એક જોઇએ કે બે. ૪૮

સમજાવનાર—(એક ઉપર બીજી સ્ત્રી પરણનાર એક બીજા શખ્સને સમજાવે છે) કેમ દોસ્ત કાંઇ ડાગળી ખસી ગઈ છે કે શું? ઘરમાં એક બઈરી તો બેઠી છે ને વળી બીજી પરણવા શેનો કુદા કુદ કરે છે.

પરણવા જનાર—તેથી શું તુ એમ કહેવા માગે છે કે મા-ણુસને એકજ બઈરી જોઇએ છટ નોનસન્સ જો માણુસને આંખો કેટલી ? કાન કેટલા ? પગ કેટલા ? હાથ કેટલા ? બસ બે, બે, ને બેજ તો બઈરી કેમ એક જોઈએ ? બે કેમ નહિ ?

સમજાવનાર—વાહ ભાઇ વાહ વારૂ માણુસને નાક કેટલા ? જીભ કેટલી ? પેટ કેટલા ? તે તપાસ્યું કે ? બે કે એક ? જો એક તો બઈરી પણુ એકજ ?

પરણુવા જનાર—હેં હેં એમ ફાવી ગયો કે ? લે બીજો બચાવ ગણિત શાસ્ત્રનો જો બઇરાને શુ કહેવાય છે ? ખબર છે અર્ધાંગના અર્ધા અંગની માલીક ? જો અર્ધા અંગની એક બાઇડી તો આખા અંગની કેટલી ? બોલ કે બે બે ને બે (તીરાશીનો દાખલો.)

કાલનું-કામ-આજ-કજીયાની-ચાદીચુમીનો-પ્રેમ.૪૯

માયજી—અરે બુચા અંદર શું કરે છે રે ?

બુચો—માયજી આવતી કાલે ખાવાની કેરી આજ ખાઇ જાઉં છુ તમે કહ્યું હતું ની કે કાલનું કામ આજ કરવું.

માયજી—મરેરે આય બુચાને શું કરૂં હવે આય બુચીને આપજે સમજ્યો કે ? (બુચીબાઈ કેરી ખાવા ગયા પણુ બુચાજી સાફ

ચટ મેદાન કરી બેઠા હતા તે બુચીબાઇ તો બે બે વાજુ વગાડનાં બહાર આવ્યાં જ)

બુચી—માયજી કેરી એક બી મલે નહિ જો.

માયજી—તારા બાવાને આવવા દે પછી એ બુચાની વાત છે. તુને હું કેરી મંગાવી આપીશ હું રડ નહિ બચ્ચા.

(પણ બુચીબાઇ છાના રહે નહિ. એટલામાં રસ્તામાં વરઘોડો નીકળ્યો, જે જોવાથી બુચી કેરીની વાત ભૂલી ગઇ. વરઘોડો ગયા બાદ માયજીને પુછે છે)

બુચી—માયજી હું કેમ રરતી હુતી મને કેહોની.

માયજી—મરેરે આય કેરી કેરી કરી જીવ ખાઇ ગઇ ને વળી મુઇ પુછતી ફરે છે કે હું કેમ રડતી હુતી ઢોંગીલી મુઇ (ફેર કજીઓ શરૂ થયો)

બુચી—માયજી મુને કેરી યાદ કાંય દીધું બસ કેરી (બાવાજી આવી પહોંચ્યા.)

બાવાજી—બુચી કાંઇ રડે છ ?

બુચી—કેરી બધી આય ખાઇ ગયો (બુચા સામે આંગળી કરીને.)

બાવાજી—કેરી કાંહાંથી આવી હુતી ને ?

બુચો—નસરવાનજી આપ તમારા ફ્રેંડ ખરા કેની તે આપવા આવેલા ? બાવાજી ? બાવાજી ? તેવણ બહુ બલા માણસ છે જો ! અમોને બધાને એકેક ચુમી લીધી. ને માયજીને પણ ચુમી લીધી જો !

(બાવાજી પણ રડવા લાગ્યા જો-બુચાજી બચી ગયા.)

બરોબર પેંડા જેટલું મ્હો. ૫૦

પેસુ—જોની ફ્રામ ! આય પેડા પાશેર હશે કે ? કદાચ કહેય તે !

ફુગામ—એવું (પેડો ખાઇ જઇ) બરોબર પાશેરનો છે. મારા મ્હોંમા પાશેરનો એકજ પેડો બરોબર આવી રહેછ !

અંતે બાપ થાકયો. ૫૧

બાપ—છોકરા ! તારામાં આટલા બધા દુર્ગુણો ક્યાંથી આવ્યા ? અમે તો કંઇ તને શીખવ્યા નથી.

છોકરો—તમે શેના શીખવો ! તમે શીખવો ત્યારે તો તમારા ઓછા થઇ જાય ને !

બાપ—અરે અભાગીઆ ! કંઈ વિચાર કર વિચાર ! આ મારી મહા મહેનતે મેળવેલી આબરૂ પર પાણી કેમ ફેરવે છે ? ઇજ્જતના કાંકરા કરવા કેમ બેઠો છે ?

છોકરો—પાણી ફેરવ્યા વગર આબરૂ કાટ ન ખાઇ જાય કે ? આવ્યા સમજાવવા ! ને ઇજ્જતના જો કાંકરા થતાજ હોય તો તેવી ઇજ્જત શુ કામની ? તે કાંકરા નાખી દેવા કની ! હાલ બચાવી રાખો તો પણ પછી નડવાનાજ !

બાપ—જોને મોટો જીભડો ! ઓ પાપીઆ આ સામે બોલતાં તને કોણે શીખવાડયું ?

છોકરો—(બાપની આંખ બતાવી) જોને મોટા ડોળા ! ઓ બાપા ! મને મારા માસ્તરે શીખવાડયું હતું કે જે પુછીએ તેનો ઝટ જવાબ દેવો.

(બાપ બિચારો રોઇને રહ્યો.)

વાંદરાની પુછડી. પર

બુચો—માયજી ! બાવાજી કાલ મુંબાઇથી આવ્યા તે કહે છ કે વાંદરા થઇને આયા છ !

માથજી—હાજ તો વળી !

બુચો—ત્યારે તેવણની પૂછડી કાંહાં ગુમ થઇ ?

આડું અવળું ને રાખધૂળ, મેઘજીની ફાવટ ને લવજીને શૂળ. ૫૩

મેઘજી ગાંધી—(લવજી ગાંધીની દુકાને આવી) કેમ ભાઇ શું કરો છો ?

લવજી ગાંધી—આ બેઠા ભાઇ ! આડું અવળું વેચીએ છીએ, ને દહાડો ગાળીએ છીએ, આડું અવળું આપોને ત્યારે ? લવજી ગાંધી જરાક મશ્કરીથી બહુ ખીજાતો હતો તે આ મશ્કરીનું પણ વેર વાળવા મનમાં નક્કી કર્યું. મેઘજીના ગયા પછી લવજી તરતજ મેઘજીની દુકાને જઇ કહેવા લાગ્યો.

લવજી—કેમ ભાઇ શું કરોછો !

મેઘજી—આ બેઠા ભાઇ ! જ્યાં ત્યાં રાખધુળ વેચીએ છીએ !

લવજી—બે પૈસાનું રાખધુળ આપોને.

મેઘજી—ઠીક બે પૈસાનું (પુરી સોગટી મારવા) પણ હમે છુટક નથી વેચતા ?

લવજી—(બ્હેરની ધુનમાં) કેવો સટકી જવા માગે છે ! લાવો લ્યો અડધાનું રાખધુળ આપો.

મેઘજીએ અડધો રૂપીઓ પેટીમાં નાંખી રાખધુળનું પડીકું બાંધી આપ્યું.

(લવજીએ લમણે હાથ દીધા.)

ભાના હમ ! હું ભુછયો નથી ! ૫૪

એક ગૃહસ્થને ત્યાં ગામડેથી એક પટેલ આવ્યા હતા. પટેલને

સારી રીતે જમાડયા બાદ તે ગૃહસ્થે પટેલને પાન આપવા માંડયું પણ પટેલ લે નહિ. ઘણાએ આગ્રહ કર્યો પણ તે એકના બે થાય નહિ! આનું કારણ કાંઇ સમજાયું નહિ એટલામાં તો પટેલ પોતેજ બોલી ઉઠયા કે "બાના હમ! હું ભૂછયો નથી! જો ભુલ્યો હઉં તો મજાનું ધીથી લઇ લહતું પનરાળુ ગ્યમ નોંછી દઉં! કહો બા થોડીકવાર બાદ અંદરથી બોળેલું રૂનું પુમડું આ પટેલને આપ્યું તે પટેલે અફીણના કાવાનું પુમડું ધારી ધારી લીધું ને હથેલીમાં નીચોવી પી લયા.

પટેલ—હવે તો નથીને કાંઇ બાકી બા આપોદન મારૂં બેકું ના એ ગ્યમ કહેવાય.

ઉનાળાની અસર. ૫૫

બાવાજી—બુચા આય ઘડીઆળ ધીમી કાંય ચાલે છે.

બુચો—બાવાજી તે ઉનાળાના દિવસ લાંબા કે ની શીયાળામાં જખ્ખર ચાલવાની.

૫૬ ગૌદાન.

એક જજમાને ચાર બ્રાહ્મણો વચ્ચે એક ગાય આપી, તે વારાફરતી પોતપોતાને ત્યાં રાખે એવો ઠરાવ કર્યો? હવે પહેલાએ વીચાર્યું કે આજે ખવડાવું હું ને તેનું દુધ તો કાલે બીજો ખાય તે શું કામનું. પહેલે દીવસે તો ગાયને ઉપવાસ થયો. બીજા ત્રીજા ને ચોથા પણ કંઇ કમ ન હતા કે ખવડાવે તે ચારે મુર્ખાએ બીચારી ગાયને ભુખીને ભુખી મારી નાંખી જજમાને કેવું પુન્ય બાંધ્યું વારૂ (આમાં વાંક કોનો? બ્રાહ્મણનો કે જજમાનનો).

તમામ જાણનાર. ૫૭

જડજ—સાક્ષી તું તહોમતદારના ચોબા વિષે કાંઇ જાણે છે કે

સાક્ષી—હા સાહેબ

જડજ—શુ જાણે છે ?

સાક્ષી—તેને ચોબા નથી.

કોની ઉમ્મર વ્યર્થ. ૫૮

પંડીત—(વ્હાણમાં બેઠેલો) અલ્યા વ્હાણવટી તું કાંઇ જ્યોતિષશાસ્ત્ર જાણે છે કે,

વ્હાણવટી—ના સાહેબ.

પંડીત-ત્યારે તો તારી પા ઉંમર વ્યર્થ ગઇ કંઇ ગણીત જાણે છે કે ?

વ્હાણવટી—ના સાહેબ.

પંડીત—ત્યારે તો તારી અડધી ઉમ્મર વ્યર્થ ગઇ કંઇ સંગીત જાણે છે કે ?

વ્હાણવટી—ના સાહેબ.

પંડીત-ત્યારે તો તારી પોણી ઉમ્મર વ્યર્થ ગઇ.

એટલામાં વ્હાણ બુડવા લાગ્યુ એટલે વ્હાણવટીએ પંડીતને પુછયું કે " પંડીત તમોને તરતાં આવડે છે કે ?

પંડીત-ના બાઇ.

વ્હાણવટી-ત્યારે તમારી તો તમામ ઉમ્મર વ્યર્થ ગઇ જાણજો.

સોની સોનું કેમ ચોરે છે. ૫૯

એક સોનીને ત્યાં એક જબરો ધ્યાન રાખનાર ઘાટ ઘડાવા આવ્યો હતો. તે સોનાને તેની નજર ચુકાવી તેનું સોનું કાંઇ પણ

રીતે ચોરવું ફાવ્યું નહી. છેવટે એમાંથી એક સોની ભુંગળી લઇ ફુકવા બેઠો બીજાએ તેને ધમકાવ્યો કે " બીજાં કામ પડતા મુકી બચ્ચા ફુંકવા શાનો બેઠો " આમ કરતાં કરતાં ધીમે ધીમે લડવા માંડયું. લડતાં લડતાં એક સોની પેલા બીજા સોની તથા સખ્સની આડે ઉભો રહ્યો તે જાણે કે બીજા સોનીને મારવા જતો હોય ની ! પેલા શખ્સે તેને સમજાવી શાંત પાડયો. તેટલા વખતમાં બસ સોનું ચોરાઇ ગયું પછી બન્ને જણુ શાંત પડી ગયા. શાંત થવાનું કાંઈ હતુંજ નહિ શાંતજ હતાને વધુ શાંત થયા.

સોનીની સમષ્યાઓ. ૬૦

એક સોનીને ત્યાં તેની બ્હેન કંઇ ઘાટ ઘડાવા ગઇ તે વખતે તે સોનીનો બાપ સુતેલો હતો તેણે પોતાની દીકરીને આવેલી જોઇ વિચાર કર્યો કે આ વખત જો છોકરો .પોતાની બ્હેન જાણી સોનું નહિ ચોરે તો ગજબ થશે ગાતીને નામોશી લાગશે. તેથી તે બોલ્યો.

બાપ-બેટા તું થાકી ગયો હોય તો ઉઠ હું બેસું

દીકરો-(સમજી ગયો) ના બાપા તમે તમારે સુઈ જાઓ.

બાપ-(સુતા સુતા પણ દીકરાને સંભળાવવા માટે) હે રામ તારે તો બધા સરખા છે. હે રામ તારે તો બધા સરખા છે.

દીકરો-હા બાઇ રા હવે નિરાંતે ઉંઘી જાઓ થઇ ગયુ કલ્યાણ (સોનું ચોરવાની આ શમસ્યાઓ શું ઓછી છે કે ?)

ચાળા જોઇને પાડજો. ૬૧

એક માણુસ એક બીજા શખ્સના તમામ ચાળા પાડતો હતો. હવે પેલો બીજો સખ્સ તો બાડો હતો. તેથી પહેલો પણ આંખ ખેંચી ખેંચીને બાડી રાખતો. એમ કરતાં કરતાં નસખસવાથી તે સાચો

જાડો થઇ ગયો. તેથી તેને પેલાના ચાળા પાડવાની વધુ મહેનત પડવા લાગી નહિ.

કાંટો. ૬૨

સ્ત્રી—વ્હાલા સોનીને ત્યાંથી કાંટો લાવ્યા કે ?

ધણી—(નોકરને) અલ્યા ચાકર જા સોનીને ત્યાંથી આપણો કાંટો લઇ આવ્ય. (થોડીકવાર બાદ નોકર તોલવાનો કાંટો લઇ આવ્યો. કે જે કાંટો સોની કંઇ વધુ વજન જોખવા લઇ ગયો હતો.

(પેલી બાઇ બીચારી આ કાંટો પહેરશે ક્યાં ?)

રામનામ હરામ.! ૬૩

એક વાણીઆને ભગવાનના નામ ઉપર બહુ ચીડ હતી. તે એટલે સુધી કે "શીવડાવ્યું" શબ્દમાં શીવ પહેલા આવવાથી શીવડાવ્યું શબ્દ તો તે બોલતોજ નહિ. "કપડું શીવડાવ્યુ" ના બદલે કપડું ખીલાવ્યું બોલતો. હવે જ્યારે તે માંદો પડયો ત્યારે કોઇપણ રીતે તેના મોંમાંથી પ્રભુ–નામ નીકળે તેવા ઉપાયો બધા કરતા હતા. પણ હરામ ? રામનું નામ કેવું ! છેવટે તેને એક રામૈયું લાવી બતાવ્યું ને પુછયું કે આ શું છે. ત્યારે તેણે કહ્યું કે "ચપ્પણીઉં છે."

લોભીનું સ્વપ્નુ. ૬૪

એક લોભીને સ્વપ્નમાં કોઇએ પાંચ રૂપીઆ આપવા માંડયા પણ તેણે તે લીધા નહિ. તે કહે કે "દસ આપે તો લઉં" એમ કરતાં કરતાં આંખ ઉઘડી ગઇ ને લોભીએ જોયું તો કંઇ પણ મળે નહિ. તે બહુજ પસ્તાવા લાગ્યો કે "મેં પાંચ રૂપીઆ પણ ગુમાવ્યા, ચાલ ફેર સુઇ જાઉં ને જે આપે તે લઇ લઉં."

લોભીઆ હોય ત્યાં ધૂતારા ભુખે ન મરે. ૬૫

એક લોભી માણસને તથા ધુતારાને મિત્રતા થઇ, તેથી પેલો ધુતારો રોજ લોભી ભાઇને ત્યાં આવે. હવે એક દિવસ ધુતારાએ લોભી પાસે એક રૂપીઓ ઉછીનો માગ્યો. મિત્રતાના ગાઢા સંબંધથી લોભી ભાઇથી ના કહેવાઇ નહિ તેથી ધુતારાને એક રૂપીઓ આપ્યો તો ખરો પણ આવતી કાલે પાછો પહોંચાડવાની બોલી કરીને આપ્યો. હવે ધુતારે બીજે દિવસ આવીને લોભીને સવા રૂપીઓ પાછો સોંપ્યો. લોભી ભાઇએ વિસ્મય થઇને પુછ્યું કે "ભાઇ સવા રૂપીઓ કેમ! તમે તો એક રૂપીઓ લઇ ગયા હતા!"

ધુતારાએ ચાલાકીથી જવાબ આપ્યો "સાહેબ! પણ તે રૂપીઓ વીઆય તેમાં હું શું કરૂં! કાંઇ મારા ઘરનું થોડુંક આપું છું?"

લોભીએ જાણ્યું કે રૂપીઆ પણ વીઆય છે ખરા! "બહુ સારૂ ભાઇ! તમારે જોઇએ તેમ લઈ જજો હો! જુદાઇ ન જાણતા."

ધુતારાએ મીઠી જીભે જવાબ વાળ્યો. "નહિ સાહેબ! જુદાઇ હોય કે "હવે ધુતારાનો તથા લોભી ભાઇનો વ્હેવાર શરૂ થયો. એક બે દિવસે ધુતારો લોભી ભાઇને ત્યાંથી રૂપીઓ બે રૂપીઆ વીગેરે લઇ જાય ને પોતાની ગાંઠનું પાવલું અડધો ઉમેરી પાછા આપી જાય ને જવાબમાં રૂપીઆ વીઆવાનું, જણાવે. લોભી ભાઇને તો આ કામ બહુજ ગમ્યુ. ધીમે ધીમે ધુતારાની પણ ખરીદ વધવા લાગી. પાંચ દસ, પચાસ ને પચાસ સો, રૂપીઆ પણ લઇ જાય ને સવાયા નાણા પાછા આપી જાય. આવી રીતે મહીનો બે મહીના તો ધુતારાએ પોતાના ઘરનુ ખોવાનો ધંધો કર્યો. પછી એક દિવસ લાગ જોઇ લોભી ભાઇ પાસે પાંચહજાર રૂપીઆ માગ્યા. લોભી ભાઇ તો તૈયારજ

હતા. ધુતારો કેમ વધુ નાણા માગે ને વીઆવરાવી લાવે આતો તેની જપમાળાજ હતી. તરત પાંચહજાર રૂપીઆ ગણી આપ્યા. ત્યાર બાદ ધુતારો તો રૂપીઆ લઇ ગયો. તે ગયોજ પાછો આવ્યોજ નહિ. બે ચાર દિવસ તો લોભી ભાઇએ વાટ જોઈ કેમકે કાંઈ વાંધા જેવું ન હતું. જેમ એક દિવસ વધુ રૂપીઆ રહે તેમ વધુ વીઆય તેમ હતુ તેથી તેને સમતા હતી. અચાનક રસ્તામાં એક દિવસ બન્ને ભેગા થયા ત્યારે લોભી ભાઇને પુછ્યુ કે "કેમ ભાઈ! આવતા નથી? હમણે કંઇ કામમાં છો કે શુ? પેલા રૂપીઆ તો એક દિવસ મોડા આવશે તો કંઇ વાંધો નથી સમજ્યા! મનમાં સંકોચાશો નહિ."

ધુતારાએ દીલગીરીથી જવાબ વાળ્યો કે "અરેરે ભાઇ! એ રૂપીઆ હવે ક્યાં છે! એ તો હુ જે દીવસે લઇ ગયો તેજ દિવસે બધા સાથેજ મરી ગયા! હાય હાય"

લોભીભાઇ—(ડાકળી ફાડીને) હે'? રૂપીઆ મરી ગયા! બધા મરી ગયા! સાથે મરી ગયા! એ શુ!

ધુતારો—એ તો ભગવાન કરે તે ખરૂં! જુઓને વિઆતા પણ બધા સાથેજ હેની!

લોભીભાઇ—પણ રૂપીઆ મરે શો રીતે ભાઇ!

ધુતારો—વીઆય તે મરે તો ખરૂંજને! એની રીત શી?

પટ્ટુજીના પરાક્રમ. ૬૬

એક ઠગને એક દીકરો હતો જેનું નામ પટ્ટુજી હતું. તે પટ્ટુજી જ્યારે સોળ વરસનો થયો ત્યારે તેનો બાપ મરવા પડ્યો પરંતુ બાપનો જીવ સુખે કરીને ન નીકળવાથી પટ્ટુજીએ પુછ્યુ કે "બાપા? તમારો જીવ મુંઝાય છે કેમ? કંઇ કહેવું હોય તો સુખેથી કહો."

બાપે કહ્યું "બેટા ? આપણા બાપદાદાના ચાલ્યા આવતા ઠગાઈના ધંધાને તું બટ્ટો નહિ લગાડતાં બરોબર ખેડે ને મારાથી પણ સવાયો ઠગ થવાનું વચન આપે તો મારો જીવ ગતે જાય" પટુજી બોલ્યો "બાપા ! શ્યો આ વચન ! તમારા મુઆ પછી તરતજ હું તે ધંધે વળગીશ ને તે ધંધાથીજ સારી રીતે પૈસો ટકો મેળવીશ એટલુંજ નહિ પણ જ્યારે તમારા કહેવા મુજબ હું ઠગવિદ્યામાં પંકાઇશ ત્યારેજ હું ઠરીને બેસીશ" આથી પટુજીના બાપનો જીવ નિરાતે ગયો ને પટુજીએ બીજાજ દિવસથી પોતાનો ધંધો શરૂ કર્યો.

ધાણીથી ધોબીને ધુતવા. પરાક્રમ ૧ લું.

એક મોટો ધાણીનો ઢગ લઇ તે નદી કીનારે ગયો કે જ્યાં બધા ધોબીઓ ધોતા હતા અને ધાણી પાથરીને બેઠો. ધીમે ધીમે તે ધાણી ખાવા લાગ્યો. આથી ધોબીઓએ તેને પુછ્યું કે "ભાઇ! આટલી બધી ધાણી તું કયાંથી લાવ્યો" ? તેણે કહ્યું "અરે તમે હજી નથી જાણતા કે ! આખુ ગામ તો લુટી ગયું, આ ગામના ભાડભુંજાનો છોકરો ગઇ કાલે મરી ગયો છે તેથી પુન્ય કરવા બધાને ધાણી વહેચે છે. જેને જોઇએ તે તેની દુકાને જઇને પડેલા ઢગલામાંથી જોઇએ તેટલી મફત લઇ લે છે. જવું હોય તો જાઓ ! તમારા લુગડાની ફિકર રાખશો નહિ. જેમ તમારી મરજી હોય તેમ કરો." આ સાંભળી બધા ધોબીઓ તેના વિશ્વાસે લુગડા મુકી ગામમાં ગયા એટલે અહીંઆં પટુજીએ તમામ લુગડાનો બચકો મારી છ પાંચ ગણ્યા. હવે પેલા ધોબીનું ધાડુ જેવું ગામમાં ગયું તેવી તેમણે ભાડભુંજાને ત્યાં ધાડ પાડી કે તરતજ ધબોધબ ધોકા ખાવા પડયા. અને ન્હાસીને નદીએ આવી જુએ છે તો ત્યાં પણ

ખબાય નમઃ ! લુગડાં કેવાં ને વાત કેવી ! વળી બીચારો એટલો ભલો કે ધાણીનો ઢગલો બાકી રાખી ગયેલો જેથી બે બે દાણા ધોબીઓને ફાકવા થયા.

ઘોડેસ્વારનો ઘાટ ઘડવો. પરાક્રમ ૨ જું.

હવે પદુજી પેલા ધોબીના લુગડામાંથી સામાન્ય લુગડાં પોતે પ્હેરી બાકીના સારા અને ખોટા તમામ લુગડાંનો ગાંઠડો બાંધી ખાંધે વળગાડી ચાલવા લાગ્યો. પોતાના ખુદ લુગડાં જે મેલા અને ફાટેલાં હતાં તેને પણ ગળે વળગાડી વિચિત્ર વેશવાળો બની ધીમેધીમે ચાલ્યો જાય છે તેવામાં સામેથી એક ઘોડેસ્વાર આવતો નજરે પડયો. પેલો ઘોડેસ્વાર જ્યારે નજીક આવ્યો ત્યારે તે ઘોડેસ્વારે પદુજીને પૂછયું કે "આટલા બધા લુગડાં તું કયાંથી લાવ્યો અને ગળે આ વિચિત્ર ટીખલ શાનું વળગાડયું છે" ? પદુજીએ કહ્યું "હું ગરીબ માણસ છું. અને એ ગળે વળગેલાં મારાં જુનાં લુગડાં છે, આ બાકીના લુગડાં તો આ પાસેના ગામના કાપડીઆનો છોકરો મરી જવાથી તે ગરીબોને જેટલાં ને જેવાં જોઇએ તેવા લુગડાં મફત આપતો હોવાથી ત્યાંથી હુ લઇ આવ્યો છું અને હવે જાઉં છું." ઘોડેસ્વાર કહે ઠીક, ત્યારે તો હું પણ જાઉં" પદુજી બોલ્યો, "આવા સારા વેશે જશો તો તમને કંઇ પણ નહિ મળે" ઘોડેસ્વારે કહ્યુ ', વારૂ ત્યારે ! આ તારાં ફાટેલાં કપડાં મને આપ. તે પહેરીને હું જાઉં ને હું પાછો આવું ત્યાં સુધી મહેરબાની કરી આ મારો ઘોડો તથા વસ્ત્ર સાચવ; મને મળશે તેમાંથી વળી તને કાંઇક આપીશ". પદુજીને " ભાવતું હતું અને વૈદે કહ્યું " એ' મારક થવાથી તેણે તરતજ હા પાડી ને ઘોડેસ્વાર પોતાનો ઘોડો, વસ્ત્ર

તથા પોતાની પાસેના વીસ પચીસ રૂપીઆ સોંપી બસો ચારસોનું કાપડ લેવા દોડી ગયો. જેવો તે ઘોડેસ્વાર જતો દેખાતો બંધ થયો કે ઘોડા ઉપર બેસીને પડુજી પસાર ! પેલા ઘોડેસ્વારે તો કાપડીઆને ત્યાં જઈ માલ લેવા માંડયો કે ફટોફટ માર પડયો ને બિચારો પાછો આવ્યો, ત્યાં પણ જુએ તો કંઈ મળે નહિ. ભીખારી હતો તે ઘોડેસ્વાર થઈ ચાલતો થયો ને ઘોડેસ્વાર હતો તે ભીખારી બની રોઈ રહ્યો.

કન્યા—હરણ પરાક્રમ ૩ જું.

હવે પડુજી ચાલતાં ચાલતાં એક ગામ આવી પહોંચ્યો. તે ગામમાં એક પટેલની કન્યા નાનપણથી પરણાવેલી હતી (કણબી લોકોમાં બાર બાર વરસે લગ્ન આવતા હોવાથી કન્યાને ગમે તેટલી નાની ઉમ્મરમાં પરણાવે છે, બાદ મોટી થયા પછી સાસરે મોકલે છે) તેને હવે સાસરે મોકલવાની હતી. તે કન્યાનું સાસરૂં ઘણે દુર દેશાવર હતું તેથી સાસુ સસરાએ લગ્ન કર્યા બાદ જમાઈને જોયો પણ ન હતો માટે જમાઈને પોતાની દાકરીને લઈ જવાને કાગળ લખેલો હતો તથા જમાઈનો પણ થોડા દિવસમાં આવવાનો જવાબ ફરી વળેલો હતો. આ બધી ખબર પેલા પડુજીને મળવાથી તે પટેલને ત્યાં જઈને પોતે ઉભો રહ્યો. પટેલે પુછ્યું "તમે કોણ છો!" પડુજીએ હિમતથી જવાબ દીધો "જમાઈ" તરતજ પડુજીના માન પાન વધ્યા. જમાઈ આવી પહોંચ્યા જમાઈ આવી પહોંચ્યા આવી વાત આખા ઘરમાં ફેલાઈ ગઈ અને આનંદ આનંદ છવાઈ રહ્યો. પરદેશ રહેલા એટલે બોલવાની છુટ ઘણી હોય આ નીયમ મુજબ પડુજી "જમાઈ બોલવામાં ફાવી ગયા ને જમાઈજ મનાયા.

તરત કંસાર થયો. પદુજીને જમાડયા કન્યાના વસ્ત્ર ઘરેણા તૈયાર થયા ને પદુજીએ ઉતાવળ કરવાથી સારો દિવસ સોમવાર જોઇને ધણી–ધણીઆણીને વેળાવ્યા. આવી રીતે પદુજી ત્યાંથી પણ ફાવટ મેળવી સ્ત્રીને લઇ પાછા ઘેર આવવા નિકળ્યા, પરદેશથી આવનાર સાચા જમાઇનું પાછળથી શુ થયુ તે આપણે આગળ જોઇશુ.

ચોરોને ચણા ચવરાવવા પરાક્રમ ૪ થુ.

હવે પદુજી તો પોતાના સાસરા તરફથી મળેલ માફામાં બેશી સ્ત્રી સહીત ચાલ્યો જતો હતો. માફાનો હાંકનાર પણ હુશીઆર હતો છતાં પણ પદુજીએ તેને કેટલીક સુચનાઓ કરી મુકી હતી. જેથી કંઇ ભય આવી પડે તો પણ વાંધો નહિ. હવે ચાલતાં ચાલતાં એક તળાવ આવ્યું ત્યાં પોતે મુકામ કર્યો. થોડીક વારમાં કેટલેક છેટેથી આઠ ચોરને ચોરી કરીને ધન લઇને પોતાની તરફ આવતા દીઠા કે તરતજ પદુજી ચેત્યા. તમામ વસ્ત્ર ઉતારી નાંખી માત્ર એક પંચીઉ પહેર્યું અને સ્ત્રીના તમામ દાગીના (ઘરેણાં) ઉતરાવી પંચીઆમાં કેડમાં ખોસ્યા, પોતાની સ્ત્રીને શીખવી રાખ્યું કે હું તળાવમાં પડુ છુ. ને ચોર આવે એટલે ધીમે ધીમે દાગીનાની માગણી કરજે એટલે હું અંદરથી ફેંકીશ તે તુ ખોળો પાથરી ભર્યા કરજે એટલે હું અંદરથી ફેંકીશ તે તુ ખોળો પાથરી ભર્યા કરજે" પદુજી તો ચોરો પાસે આવ્યા એટલે તળાવમાં પડયા ને સ્ત્રી અનુક્રમે ઘરેણાં માગવા લાગી, " કલ્લાં લાવો " કહેતાંની સાથે તળાવમાંથી કલ્લાં ઉછળીને બહાર પડે તે તે સ્ત્રી લઇ લે એમ જે માગે તે તળાવમાંથી પદુજી ફેંકે તે તેની સ્ત્રી લઇ લે. થોડીક વાર થઇ એટલે પદુજી કહે બહાર આવુ કે ? તેની સ્ત્રી બોલી " ના ! ના !

આવો લાગ ફરી ક્યાં મળવાનો છે ! હજી લાવોને બધું ઘણુંએ જોઇએ છે ! આવો ઢોંગ કરતાં કરતાં જ્યારે તેની સ્ત્રીએ જાણ્યું કે હવે બધા ઘરેણાં આવી રહ્યા છે તેથી માગણી બંધ કરી અને પદુજી બહાર આવ્યો. પેલા ચોર લોકો તો આ બનાવ જોઇ ઠીંગ થઇ ગયા અને પદુજીને પુછવા લાગ્યા કે " ભાઇ ! આ શું ! તળાવમાંથી તમે ધન કેવી રીતે મેળવ્યું " પદુજી બોલ્યો " ત્યારે તમને ખબર નથી કે ! જાઓ મારા ભાઇ ! આ તળાવે તો કૈકના દળદર ફેડયાં છે. જે અંદર પડી ઉંડે જાય તેને જે જોઇએ તે મળે છે. જોગીનું વરદાન છે. વરદાન ભાઇ તમે કોઇ અજાણ્યા લાગો છો! જુઓને તમારા નજરે મેં મારી મરજી મુજબ મેળવ્યું કે નહિ" ?

પેલા ચોરોએ તો ઝટ ચોરેલું ધન પદુજીને સોંપી વસ્ત્ર ઉતારી તળાવમાં પડતુ મુકયું ને ધન લેવા બાથોડીઆ મારવા લાગ્યા પરંતુ ધન હાથ આવે નહિ. ત્યારે પદુજીને પુછવા લાગ્યા કે "ભાઇ ધન કયાં છે ? પદુજીએ કહ્યું કે એમ ધન નહિ મળે. તમે બધા પંચીઆ સહીત પડયા છો તે ભુલ કરી છે. હું નગ્ન બહાર નીકળ્યો હતો તે શું તમે જોયુ નહોતુ કે" ? (પદુજી જ્યારે તળાવમાંથી બહાર નીકળ્યો ત્યારે પંચીઉં તળાવમાં ફેંકી દઇ નગ્ન થઇ બહાર નીકળ્યો હતો કારણ કે ચોરોને પણ નગ્ન કરવા હતા કે જેથી ચોરો પોતાની પુઠ પકડી શકે નહિ.) માટે તમે બધા પોતપોતાના પંચીઆ કહાડી બહાર નાંખો; હું સુકવી નાખુ છું. જરા પણ ગભરાશો નહિં પછી આંખ આડા હાથ દઇ " જોગી બાપજી ધન દો, જોગી બાપજી ધન દો " આ મંત્ર સો વખત બોલવો. જેમ જેમ બોલતા જાઓ તેમ તેમ તળાવમાં આઘાને આઘા જતા રહેવું.

વાઢ રાખવું કે આ મંત્ર સો વખત પુરો ભણાય ત્યાં સુધી બહાર ડોકીયું સરખુ પણ કરવું નહિ. જ્યારે મંત્ર સો વખત ભણાઇ રહે ત્યારે આંખ ઉઘાડજો એટલે તરત તમને જાત જાતનાં ધનના ઢગલા દેખાશે, પછી તમારે ફાવે તેટલા લેજો." ચોરોએ આ સાંભળી તરત પંચીઆ બહાર કાહાડી નાંખ્યા તથા વિધિપુર્વક મંત્ર—જાપ જપતાં તળાવમાં આગળ આગળ જવાનું પોતાનું કામ શરૂ કર્યું. એટલે પદુંજીને ફાવટ થઇ. તે તરતજ ચોરોનુ ચોરી લાવેલું ધન તથા તેમના વસ્ત્ર અને પચીઆ સુદ્ધાં લઇ માફામાં બેશી રસ્તો માપવા લાગ્યો.

ચોરના ઘેર ભોજન–દક્ષણા પરાક્રમ ૫ મું.

પદુંજી તો આવી રીતે એક એકથી સરસ દાવ ઉઠાવી ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં પેલા આઠ ચોર જે ગામમાં રહે છે તે ગામ આવ્યું. ગામ બહાર કુવા આગળ માફો છોડી ભાતુ ખાવા બેઠા. હવે પેલા આઠ ચોરની આ આંઓ તે કુવે પાણી ભરવ આ વલ છે. તે પરસ્પર પોતાના ધણી ચોરી કરવા ગયેલ છે તે હજી આવ્યા નહિ તેથી ફીકર થયા કરે છે તેવી રીતની વાત કરતી હતી. આ વાત જ્યાં પદુજીના કાને અડી કે પદુજી ચમક્યા. તરત પેલા માફાના હાંકનારને કહ્યુ કે જાઓ પેલી આઠ બઇરીને બોલાવી લાવો તે પુછે તો કહેવું કે જોશી મ્હારાજ બોલાવે છે. માફાનો હાંકનાર તરત ઉઠીને પેલી આઠ બઇરીઓને બોલાવી લાવ્યો. ને કોઇ હુશીઆર જોશી બાપજી હોય તો ઠીક આમ ધારી પેલી બઇરીઓ પણ આવીને પગે લાગી. પદુંજી જોશી મ્હારાજ બાની બોલ્યા કે "કલ્યાણ થાઓ બાઇ! હાલ તમને બહુ ફીકર રહે છે કારણ કે

તમારા ધણીને ચોરીનો ધંધો હોવાથી તે ચોરી કરવા ગયેલ છે તે હજી પાછા આવ્યા નથી. ભગવાનનું ધાર્યું થાય છે. ફીકર કરવી નકામી છે પણ હજી તમારા ઉપર એક મહા સંકટ આવે એમ લાગે છે તેથી મેં તમને બોલાવ્યા છે ને જણાવું છું કે સાવચેત રહેજો. શું સંકટ આવનાર છે તે તો જ્યારે જમીને ધ્યાનમાં બેશીએ ને ધુપ તથા દીવો અખંડ રાખીએ તો ખબર પડે પણ તમે શક્તી મુજબ એક બે બ્રાહ્મણ જમાડશો તો કંઇક સંકટ ઓછું થશે." પેલી સ્ત્રીઓએ તો આ બધું વગર જાણે જોશી મહારાજે કહેવાથી તથા ખુદ દયાથી જોષી મહારાજે ખાસ બોલાવી ચેતાવવાથી જોષી મહારાજને ખુબ પગે લાગી લાગીને જોષી મહારાજનો આદર કર્યો. જોષી મહારાજે ધ્યાન ધરાવવાનું તથા બ્રાહ્મણ જમાડવાનું સાથે સાથેજ બતાવી દીધેલું હોવાથી પેલી સ્ત્રીઓએ બહુજ આગ્રહ વડે જોષી મહારાજને જમવા નોતર્યા. તે દિવસે પઢુંજીએ ચોરને ત્યાં માલ મિષ્ટાન ઉડાવ્યાં. જમ્યા બાદ જોષી મહારાજને આઠે સ્ત્રીઓએ મળી પચીસ રૂપીઆ દક્ષણાના આપ્યા તથા કોઇએ વીંટી તો કોઇએ કડુ વિગેરે આપ્યું તે તો જુદુંજ. પછી જોષી મહારાજને ધ્યાનમાં બેસાડયા. ધ્યાન પૂરૂ કરી (પઢુજી) જોષી મહરાજ કહેવા લાગ્યા કે "બાઇ સંકટ જણાયું પણ કહેવાનું નથી. જૂઓ તમારા આઠે ધણીને રસ્તામાં કોઇક જાનવરે ફાડી ખાધા છે તે મરીને ભુત થયા છે અને નગ્ન રૂપે બધે ફરે છે ફરતાં ફરતાં આજકાલમાં તેઓ તમારો જીવ લેવા પણ આવશે. પણ ફિકર નહિ. તે જ્યારે આવશે ત્યારે રાત્રે આવશે માટે રાત્રે ઘર ઉઘાડું રાખશો નહિ. ને ધોકા લાકડી લેઇને બેસજો કે તમે તમારૂ રક્ષણ કરી શકો. આજથી પંદરમે દીવસે આવે તે વખતે તેમને પેસવા દેશો તો હરકત નથી.

કારણ કે હું ઘેર જઇ મંત્ર–સાધના સાધીશ એટલે તે માણસ થઇ જશે. મંત્ર–સાધનામાં ખરચ તો બસો રૂપીઆનું થશે પણ તમારૂ ભલું થતું હોય તો ભલે! ભગવાન આપશે!" એમ કહી તેઓ ઉઠવા લાગ્યા. પણ પેલી સ્ત્રીઓએ તો તેમને જવા દીધા નહિ. ને વળી ઘરમાંથી પૈસા ટકા તથા જે કાંઇ હતા તે દાગીના જોષી મહારાજને આપ્યા તથા કહ્યું કે "બાપજી! જેમ બને તેમ મંતર સાધી વ્હેલા વ્હેલા અમારા ધણીને માનવી બનાવજો. તમે તો ભગવાન જેવા છો! નહિતર અમને મરતી કોણ બચાવે? જરૂર આજ કાલ અમને ભુત મારી નાખત!" પછી જોષી મહારાજને વિદાય કર્યા. પદુજી અહીંથી પણ માલ મેળવી આગળ ચાલ્યા. હવે પેલા ચોરો તો બહુ બહુ મથ્યા પણ કંઇ ધન મળ્યું નહિ. છેવટ થાકીને બહાર નીકળ્યા તો બહાર પણ કંઇ મળે નહિ ચોરો બીચારા મનમાં સમજી બેશી રહ્યા કારણ કે નગ્ન હોવાથી દીવસે તો નગરમાં જવાય નહિ છેવટે રાત્રે નગરમાં આવી ઘરમાં પેસવા લાગ્યા કે બીચારાઓને પેલી ધોકા લઇને બેઠેલી તેમની બાયડીઓ ભૂત! ભૂત! કહી મારવા લાગી. એટલે ત્યાં તો જબરો શોર બકોર થયો. પાંચ પચાસ લોક જાગી ઉઠયું ને ભેગું થયું. બીચારા ચોરોની પૂરી ફજેતી થઇ. સ્ત્રીઓ કહે કે એ તો ભુત છે અમે પેસવા ન દઇએ કેમકે અમારો જીવ લે. આજ બપોરેજ જોષી મહારાજ કહી ગયા છે. આજથી પંદરમે દીવસે આવજો. ચોરોએ જાણ્યું કે પેલો પદુજીજ જોષી મહારાજ બની અહીં પણ આવ્યો હશે. છેવટે ચોરોએ પોતાની બધી વાત કહી લોકને સમજાવ્યા. ત્યારે લોકે સ્ત્રીઓને સમજાવી પછી ચોરને ઘરમાં જવા દીધા. ધીમે ધીમે વાતનો ભેદ વધુ ને વધુ ભાગ્યો તેથી બીજેજ દીવસે આઠે ચોરોએ મળી પદુજીની પુંઠ પકડી. છેવટે પદુજીને બરોબર સાંજની વખતે પકડી પાડયો.

ચોરનો સજા પરાક્રમ ૬ ઠું.

પેલા ચોરોને દુરથી આવતા દેખી માફા હાંકનારને તથા સ્ત્રીને આગળ જવા તથા અમુક ઠેકાણે ઉતારો કરવા સુચવી પોતે એક તીક્ષ્ણ છરો લઇ ઝાડ ઉપર ચઢી ગયો. પેલા ચોરો આવી પહોંચ્યા પણ રાતનો વખત ને પદુજી જેવો માણસ એટલે એકેની ઝાડ ઉપર ચઢવાની હિંમત ચાલી નહિ. છેવટે તેઓ ઝાડ નીચે ચોકી કરવા લાગ્યા. વારાફરતી એક ભાઇ જાગે ને બાકીના સાત ઉંઘે આવો ઠરાવ કર્યો. છેવટ અડધી રાત્રે એક નાના ચોરનો જાગવાનો વારો હતો તે નાના ચોરે વિચાર કર્યો કે કરનાસો ડરના નહિ. ચાલ આ ઝાડ ઉપર ચઢી ખપ્પો દઇ પદુજીને પાડી નાંખું. વળી અત્યારે પદુજી ઉંઘતો પણ હશે! તરત તે ઝાડ ઉપર ચડ્યો. કે પદુજીએ બરોબર પકડી તેની જીભ કાપી નાંખી એટલે પેલો તો બુમ પાડીને નીચે પડ્યો. ને તોતડી જીભે "તન તન" કરવા લાગ્યો! પેલા સાત જણા જાગ્યા તેમણે એમ વિચાર્યું કે આ કોઇ ભુત છે તેથી તે નાસવા લાગ્યા. સાત જણા જેમ આગળ આગળ નાસે તેમ આઠમો પણ પાછળ પાછળ દોડે તેથી પેલા સાત તો વળી વધારે દોડવા લાગ્યા. તેમના મનમાં એમ થયું કે જરૂર પદુજી પડીને મરી ગયો છે ને ભુત થઇ આપણી પછવાડે લાગ્યા છે. હવે પદુજી પણ રસ્તો માપવા લાગ્યો. સવાર થઇ કે પદુજી પણ પોતે પોતાની સ્ત્રીને સુચવેલ સ્થળે જઇ પહોંચ્યો. ને બધી વાત કહી ને પેલા ચોરો પણ ભુતનો ભેદ સમજ્યા ને પોતાના ભાઇની જીભ વઢાવાથી વધુ વેર લેવાનો ઠરાવ કર્યો, ઘેર ગયા. પદુજી પણ પોતાને ઘેર જઇ પહોંચ્યો ને સુખે રહેવા લાગ્યો. પેલા ચોરો પાછા પદુજીને ગામ આવ્યા ને રાત્રે પદુજી

બ્હાર ઓસરીમાં સુતેલો તેને ખાટલા સુદ્ધાં બાંધી જકડીને ઉપાડી ચાલતા થયા.

પકડાએલો પટુજી છુટયો. પરાક્રમ ૭ મું.

પેલા ચોરો તો ખાટલાને ઉપાડી ચાલ્યા જ છે. તેવામાં એક તળાવ આવ્યું ત્યાં સવાર થવાથી પેલા ખાટલાને હેઠળ ઉતારી તેઓ તળાવમાં દાતણ કરવા ઉતર્યા એટલે પેલો પટુજી અંદર રહ્યો બુમ પાડવા લાગ્યો કે "મારે નથી પરણવું, મારે નથી પરણવું" હવે પેલા પટેલનો સાચો જમાઈ (જે પટેલની દીકરીને પટુજી ઉઠાવી લાવ્યો હતો.) પરદેશથી પોતાની સ્ત્રીને તેડવા નીકળેલો હર્ષમાં પોતાના સસરાના ગામ ભણી ચાલ્યો જતો હતો. તેણે આ બુમ સાંભળીને પટુજીને પૂછ્યું કે "ભાઇ શું છે! તું શાને માટે બુમ પાડે છે." પટુજી બોલ્યો કે ભાઇ મારે પરણવું નથી ને બધા મને પરણાવવા લઇ જાય છે. કહે છે કે અપછરા જેવી બાયડી છે પણ માબાપ મારે નથી પરણવું. મને કોઇ બચાવો! પેલા બાયડી તેડવા જનાર જમાઇનું મન બદલાયું તે સ્ત્રીને મેળવતાં પહેલાં અપછરા મેળવવાનો લાગ સાધી લીધો તરત પેલા પટુજીને છુટો કરી તેની જગ્યાએ પોતે બંધાયો. ને પટુજીએ રસ્તો માપ્યો. પેલા ચોરોએ તો ખાટલાને પેર લઇ જઇ છોડયા વગરજ બાહારથી કુટવાનું શરૂ કર્યું. જ્યાં મોટા સોટા ને ગાંઠા ધબો ધબ ધબો ધબ વાગવા લાગ્યા કે અંદરથી અવાજ નીકળ્યો. "મારે નથી પરણવું મારે નથી પરણવું" આ સાંભળી ચોરોને તો કૌતક લાગ્યું ને ખાટલો છોડીને જુએ છે તો આખળ બ્હેરું કુટાયું પેલા ખાટલામાં પુરાએલા જમાઇએ નથી પરણવાની બુમનો ભેદ ભાગ્યો. ને ચોરોના હાથ હેઠા પડયા, ફેર ચોરો તથા પેલા જમાઇ પટુજીનું વેર લેવા ચાલ્યા.

ઠગને ઠગવો પરાક્રમ ૮ મું.

હવે પટુજી તો ચાલ્યો જતો હતો તેવામાં ઠગપટન કરીને એક ગામ આવ્યું જેમાં ઠીંગુજી કરીને એક મહાન પ્રખ્યાત ઠગ રહેતો હતો. જે સર્વને ઠગતો પણ કોઇથી ઠગાતો નહિ. અચાનક ગામ બહાર ઠીંગુજી ને પટુજીનો ભેટો થયો. ઠીંગુજી પટુજીને નવા થતા ઠગ તરીકે ઓળખતો હતો. કારણ કે પટુજીનો બાપ ઠીંગુજીનો મિત્ર હતો. પટુજીને જોઈ ઠીંગુજી તરત બોલી ઉઠયો કે ઓ ભાણુભાઇ! ભાણુભાઈ! કયાં જાઓ છો? મામનું ગામ મુકી આગળ જવાય કે! માટે ઘેર ચાલો તમારી મામી તમને બહુ યાદ કરે છે! પટુજી તરત મામાને ઘેર ગયો ને મામીના હાથના મિષ્ટાન ખાધા.. રાત્રે મામો ભાણેજ ગામના ચોવટે જઇ બેઠા એટલે ઠીંગુજી બોલ્યો. "ભાણુભાઇ! આજ આપણે ઘણે દહાડે ભેગા થયા છીએ માટે કાંઇક શરત મુકીને વાત કરીએ, હું જે વાત કહું તે તમારે સાચી ઠરાવવી ને તમે કહો, તે મારે સાચી ઠરાવવી જે ખોટી કહે તે પાંચ હજાર રૂપીઆ આપે." ભાણુભાઇ પટુજીએ ચોવટામાં બેઠેલા બધા લોકની સમક્ષ તે કબુલ કર્યું એટલે મામાએ વાત ચલાવી કે "ભાણુભાઇ! આગળના વખતની વાત શું કરવી! અમારા ઘરડાના ઘરડાના ઘરડા કહેતા હતા કે અમારે ત્યાં એક તબેલો હતો જેમાં આખી દુનીયાના ઘોડા બંધાતા હતા. કહો ભાણુભાઈ આ વાત સાચી શી રીતે!" પટુજી બોલ્યો કે "સાચી વાત છે મામા! અમારા ઘરડાને તથા તમારા ઘરડાને બહુ માયા હતી તેથી અમે એ વાત જાણીએ ખરા જે વખતની તમે વાત કરો છો તે વખતે અમારા ઘરડા પાસે એક મોટો ભાલો હતો જેની લંબાઇ એટલી બધી

હતી કે એક છેડો જમીનમાં ને બીજો છેડો અસમાનમાં જતો તે ભાલો તમારા ઘરડાના તબેલામાં લાંબો સુવાડીને રાખતા હતા. એમ અમારા ઘરડા પણ કહેતા હતા. તેથી તમારો તબેલો તો અમારો ભાલો રાખવા કામ આવતો છતાં તે વાત શી રીતે ખોટી કહેવાય ?" પેલો ઠગ મામો બોલ્યો. "વાહ વાહ ભાણાભાઇ ! લ્યો હવે તમે વાત કહો" પેલા બેજના પટેલા પટુજી ભાણાએ હવે વાત ચલાવી કે "મામા સાહેબ ! એક વખત હું મારી સ્ત્રી સાથે મારા ઘરના ગોખમાં બેસી હવા લેતો હતો તેવામાં જોરથી પવન ફુંકાયો, કે મારી સ્ત્રી તે પવનમાં ઉડી ગઇ. તે આવીને તમારા ઘરમાં પડી. તમારા ઘરમાં જે સ્ત્રી ફરે છે તે તેજ છે. મામા સાહેબ ! જો સાચી વાત હોય તો ઘરેણું પહેરાવીને સ્ત્રીને સોંપી દોને ખોટી વાત હોય તો પાંચ હજાર આપો !" પેલો ઠગ તો બિચારો, સુડા વચ્ચે સોપારીની માફક સપડાઇ ગયો ને રોકડા પાંચ હજાર ગણી આપ્યા તે લઇ પટુજીએ તરતજ ત્યાંથી રસ્તો માપ્યો-તથા ઘેર ગયો. હવે પેલા ચોરો તથા જમાઇ તથા ઠગાએલો ઠગ બધા ભેગા મળી વેર લેવા નીકળ્યા.

તમામને નકટા કરવા પરાક્રમ ૯ મુ.

હવે પેલા હશ જણાને આવતા દીઠા કે તરતજ પોતે ચુંદડી ઓઢી મંદીરમાં રહેલી માતાનો વેશ લીધો તથા એક ઓરડીમાં ઉભો રહ્યો જે ઓરડીને માત્ર એક નાનો ગોખલો હતો જેમાં માત્ર એકજ માણસ મ્હોં ઘાલી માતાના દર્શન કરી શકે સ્ત્રીને પણ બરાબર શીખવી રાખેલીજ હતી ને પોતે છરો લઇને ઉભો હતો. પેલા દશે જણા આવી પહોંચ્યા તથા સ્ત્રીને પુછવા લાગ્યા કે પટુજી

ક્યાં ગયા છે ? સ્ત્રી બોલી " આ ઓરડીમાં માતાનું સ્થાનક છે ત્યાં જે સોનાનાણું મૂકી દર્શન કરે તેને જે માગે તે માતા આપે છે. તે માતાની શેવા માટે ફુલ લેવા ગયા છે " પેલા ઠગે જાણ્યું એ વિચાર્યું કે પટુજીના આવ્યા પહેલાંજ આપણે માતાને રીઝવી લઇએ ને પટુજીનો ઠાર કરવાનું માગી લઇએ. તરતજ પોતાની પાસે સોનાનાણું કડું વીંટી વગેરે તે તેઓએ કઢાડયુ ને દરેક જણુ દર્શન કરવા જવા લાગ્યા. સોનાનાણું મુકીને જ્યાં બરોબર મ્હો ઘાલી દર્શન કરી કે ઝટ પેલો પટુજી માતા છરાથી નાક કાપી લે એટલે પેલો દર્શન કરનારો ઠુચો થઈને ન્હાસે. તે ઠુચો વાળી ન્હાસી જાય છે એટલે બીજો વળી વધારે સોનાનાણું મુકી દર્શન કરે એટલે તેના પણુ તેજ હાલ છેવટે સર્વ નકટા થયા. ને પટુજીની પુંઠ લેવી મુકી દીધી. પટુજી પણ ઠગ વિદ્યામાં ભલા પંકાયો ને સુખે કરીને જીદગી ગાળી.

કમ્બખત શેઠની કમ્બખતી. ૬૭

કોઇ એક કમ્બખ્ત શેઠ જે પોતાના નોકરને બહુ પીડતો હતો. જેને જેને તે નોકર રાખતો તેની પાસે તે દસ્તાવેજ લખાવતો કે પાંદડામાં ખાવું. શેઠ કહે તે કામ કરવું ને જો શેઠ રજાનુ આપે તો શેઠનું નાક કાપવું તથા નોકરને રજા માગે તો નોકર નાક કાપવું આવી રીતે લખાવ્યા પછી નોકરને નાનામાં નાના પાંદડામાં ખાવાનું આપતો તથા વસ્ત્ર વીગેરે કાંઇ નણુ આપતો નહિ તો પગાર આપવાની તો વાતજ ક્યાંથી હોય ? કામ સખ્ત કરાવતો હતો. આ બધું બીચારા નોકરો લાચારીથી સહન કરતાં હતાં કારણુ કે રજા તો મગાયજ નહીં રજા માગે તો નાક કાપી આપવું પડે. છતાં પણુ

શેઠની નીર્દયતા એટલી બધી વધી પડી હતી કે છેવટે થાકી થાકીને નોકરો નાક કપાવી ચાલ્યા જતા હતા. .નાક કપાવીને ચાલ્યા ગયેલાઆંના એકનો ભાઇ ઘણોજ ઉસ્તાદ હતો. તેણે પોતાના ભાઇનું વેર લેવા વિચાર્યું ને નાકને બદલે નાક લેવા ઠરાવ કર્યો. તરતજ તે પેલા શેઠને ત્યાં ગયો ને દસ્તાવેજ કરી નોકરી રહ્યો.

પતરાલામાં પાંદડાનો પેચ કમબખતી ૧ લી.

હવે પેલો નોકર તો તરત જઇને કેળનું પાંદડું લઇ આવ્યો. ને જમવા વખતે જમવા બેઠો. શેઠે કહ્યું કે " મારા આપેલા પાંદડામાં ખાવું પડશે. " નોકર બોલ્યો " તેની કાંઇ બોલી નથી. આ પાંદડુ ભરીને ખાવાનું આપો " શેઠ સમજી ગયા કે નોકર માથાનો મળ્યો. નોકર પોતે ખાય કે ન ખાય પણ ખાવાનું તો કેળનું મોટું પાંદડુ ભરીનેજ લે. તેથી નોકરની પતરાળીનું (ભાણાનું) ખરચ તો સેઠને કમબખ્તી રૂપ થઇ પડયું.

ભાંગ ફોડ કમબખતિ ૨ જી.

હવે શેઠ કેવી રીતે કંટાળે તેવા ઉપાય નોકર લેવા લાગ્યો. શેઠ તેને જે જે કામ સોંપે તે તે કામમાં તે નુકશાનજ કરે. પાણી ભરવા મોકલે તો માટલું ફોડી નાંખે, કે હાંડો કૂવામાં ખુડાડી કે દુધ લેવા જતો તો રસ્તામાં પી જતો ને દુધનું વાસણ કોઇ પણ રીતે કાણું કરી લાવી કહેતો કે દુધ તો કાણામાંથી ઢળી ગયું તેથી શેઠે થાકીને પોતાના છોકરાને નિશાળે લાવવા લઇ જવાનું તથા સાચવવાનું કામ સોંપ્યું.

છોકરાને ધોઇ નાંખવો કમબખતી. ૩

હવે તે નોકર છોકરાને સાચવવા લાગ્યો. હવે એક દીવસ ની-

ઞાળેથી આવતાં છોકરો પડી જવાથી કાદવમાં રગદોળાયો જેથી છોકરે કહ્યું કે "ધોઇ નાખ, અલ્યા ધોઇ નાખ" પેલા નોકરે છોકરાને ઉપાડી તળાવે લઇ જઇ બે ચાર ધોકા મારી સારી રીતે ધોયો ને ઘેર લાવી હવે માથે મુકવ્યો. છોકરો તો બુમે બુમ પાડવા લાગ્યો. જેથી સર્વને તે વાતની ખબર પડી શેઠ પણ દીલગીર થયા. તથા નોકર ઉપર બહુ ક્રોધ થયો પરંતુ કરે શું લાચાર તે કામથી બદલી પોતાની ડોશીમાને સાચવવાનું કામ હવેથી નોકરને સોંપવામાં આવ્યું કામની બદલી કરવાનોજ શેઠના હાથમાં માત્ર ઉપાય હતો. કારણ કે રજા આપતાં તો નાક આપવું પડે એ પંચાત હતી.

ડોશીનો દાટ વાળવો કમબખતિ ૪ થી.

એક દિવસ બપોરે ડોશીમાં ઉંઘતા હતા જ્યારે પેલો નોકર મ્હોં ઉપરથી માંખીઓ ઉડાડવા બેઠેલો હતો. ડોશીમાના તથા નોકરના નશીબે એક માખીએ હઠ લીધી તે કોઇપણ રીતે જાયજ નહિ. ઉડી જાય ને પાછી આવીને બેસે. ડોશીમાંના કપાળ ઉપરથી પેલો નોકર પેલી માંખીને ઘડી ઘડી ઉડાડે પરંતુ પાછી કપાળ ઉપરજ આવીને બેસે તેથી નોકરે કંટાળીને એક લોઢાનો દસ્તશેરો પાસે પડયો હતો તે ડોશીમાના કપાળ ઉપર છુટો માર્યો તરતજ ડોશીમાનો દમ પુરો થઇ ગયો, ડોશીમા મરી ગયા શેઠે આવીને નોકરને ઠપકો આપ્યો પરંતુ નોકર કહેવા લાગ્યો કે એમાં શું ખોટું કર્યું ? માખીને મારતા ડોશી મરી જાય તેમાં હું શું કરૂં, ન પાલવે તો કાપો નાક અને આપો રજા. શેઠને બીચારાને પહેલાના કરેલા કર્મની આ નોકર સજા કરવા લાગ્યો હોય ની ! તેવી રીતે નડવા લાગ્યો શેઠે હવે તેને ઘરના કામમાંથી બાતલ કરી ઉઘરાણીના કામમાં રાખ્યો.

ઉઘરાણીમાં ઉઠાવગીરી કમબખતિ ૫.

હવે પેલો નોકર તો ઉઘરાણી ગયો. તથા જે નાણા મળ્યા તે ઘેર પોંચતાં કરી સાંજે એક છાપરાનુ નેવું (નળીયું) તથા એક ઓઢવાની છત્રી લઇ શેઠને ઘેર જઇ આપવા લાગ્યો, તે શેઠ તે હીસાબ બનાવા લાગ્યો કે મુળચંદ પાસે નેવુંનું લેણું હતુ તે આ નેવું લ્યો ને પ્રેમચંદ પાસે છત્રીસનું લેણું હતું તે આ છત્રી લ્યો. મં તેમના રૂપીઆ ચોપડામાં જમે કર્યા છે ને તેમને પ્હોંચ પણ આપી છે. શેઠે તેને ઉઘરાણીના કામથી બાતલ કર્યો એટલામાં ત્યાં એક રાંડી રાંડ બાઇ કંઇક રૂપીઆ મુકવા આવી. શેઠ એવા પ્રકારની થાંપણુ બહુ લેતા હતા તેમણે તે બાઇને બેસાડી રૂપીઆ ગણી લેવા માંડયા.

આબરૂદારનું પાણી કમબખતિ ૬ ઠી.

રૂપીઆ ગણીને પચીસ પચીસની પચીસ ઢગલી કરી રૂપીઆ સવા છસો શેઠ જમે કરવા લાગ્યા નોકર બોલ્યો " શેઠ રૂપીઆનો સરવાળો તો કરો. કે લોકોના રૂપીઆ બાઇજિ જવા આ તો બીચારી રાંડી રાંડ છે ! એમ કહી પચીસનો આંકડો પચીસ વખત મુકી શેઠને સરવાળો કરવા કહ્યું પણ ગુણાકારજ કરને " સરવાળાની ખોટી મહેનત શા માટે કરવી પડે " નોકર બોલ્યો " રૂપીઆ લેવાને મહેનત નહિ, ભલે ગુણાગર કરવાની રાહ જોઇ શેઠે પચીસ પચીસ રૂપીઆની પચીસ ઢગલી માટે પચીસને પચીસનો ગુણાકાર કર્યો કે " પચીસ પચા સવાસો ના પાંચ ને બાકી વધ્યા બાર આગળ ગુણાકાર પૂરો કરે તે પહેલાંજ નોકર પગે લાગી બોલી ઉઠયો " બસ શેઠ ? બહુ થયું કાંઇક દાનત સાફ રાખો, હજી તો રૂપીઆ જમે

પણ થયા નથી. ને અત્યારથી આવું આડું બોલવા લાગ્યા કે જુઓ બાઈ સવાસોનાં પાંચ ને બાકી વધ્યા બાર ત્યારે બાકીનાં ક્યાં જાય? બોલોને શેઠ હજમ નહિ થાય નહિ રૂપીઆ ગણવામાંજ ખાઇ જ-વાય કે? પેલી બાઇને પણ ઠસી ગયું કે બરાબર છે. સવાસોનાં પાંચ બાકી વધ્યા બાર ત્યારે બહુ તો બારને પાંચ સતર રૂપીઆ સવાસોમાંથી નજરે દેખાડે છે બાકીનું અત્યારથીજ હજમ કરવા માગે છે. તરત તે બાઇ રૂપીઆ લઇને ચાલી ગઇ ને શેઠની દાનતનું વર્ણન આખા ગામમાં કરી દીધુ છેવટે થાકીને શેઠે નોકરને દુકાને બેસાડ્યો.

દુકાનમાં આગ । પેઠી કયાંથી કમબખતિ ૭ મી.

હવે પેલો નોકર તો દુકાને બેસી આડો અવળો વેપાર કરી સાંજે દુકાનને બે ત્રણ તાળાં વાસી કુંચી લઇ ઘેર આવ્યો. તથા શેઠને હિસાબ બનાવ્યા પહેલાંજ સુઇ ગયો શેઠ પણ આવીને સુઇ ગયા. મધ્ય રાતરે નોકરે જઈ દુકાનને આગ લગાડી. ઘેર આવી સુઇ ગયો, આગ લાગવાથી કેટલાક લોકો જાગી ઉઠયા ને શેઠને ત્યાં આવી ઓસરીમાં સૂતેલા પેલા નોકરને જગાડ્યો. તથા કહ્યું કે દોડ દોડ આખી દુકાન તો સળગી ગઇ ને હજી ઉંઘે છે, નોકર બોલ્યો ખોટી વાત છે. આગ લાગેજ નહિ. એમ રક ઝક ચાલતાં શેઠ જાગી ઉઠયા ને આગનો બનાવ જાણી શેઠ નોકરને ધમકાવા લાગ્યા કે "આગ લાગવા છતાં હજી કાંઈ ધ્યાનમાં આવતું નથી કે,?" નોકર તાડુકીને બોલ્યો "પણ શેઠ? મેં દુકાનને ત્રણ ત્રણ તાળાં વાસેલા છે ને આગ પેઠી કયાંથી? અંતે .બિચારા શેઠ પોતે દુકાન બચાવા ગયા. બીજે દીવસે આગલા દીવસનો હીસાબ માગ્યો. તો

તેમાં પણ ધબ્બડકોજ રોકડો વકરો તો મળેજ નહિ. તમામ વેપાર ઉધાર કરેલો ને જે ધણી અમુક ચીજ લઇ ગયો તેને નામે તે ચીજ ચોપડામાં લખેલી ખરી પણ ધણીનું નામ ઠામજ નહિ. રાતે સાડલે રાંડ ને પાશેર લઇ ગઇ ખાંડ ખુણેથી આવીને ખાચામાં ગઇ હા પોતે આ બધા તોફાનથી શેઠે તેને દુકાનના કામથી બાતલ કર્યો. તથા ગાડુ ભરી ઘી વેચવા બીજે ગામ મોકલ્યો.

ગાડાના મોતના સમાચાર કમબખતિ ૮ મી.

પેલો નોકર તો ગાડું બળદ તથા ઘી વેચી તેના નાણાં પોતાના ઘેર પહોંચતા કરી બળદને બાંધવાની રાશ લઇ શેઠ પાસે આવ્યો. તથા મોંઢેથી રડી રડીને કહેવા લાગ્યો. કે " શેઠ રસ્તામાં ગાડાને પ્રથમ તો ચુંક આવવા લાગી, પછી સખત તાવ આવ્યો તેથી તેને છાંયડે લઇ જઇ છોડયું થોડીક વારમાં તો તે મરી ગયું તેનું શરીર તદન ટાઢું થઇ ગયુ. ગાડાને અગ્ની દાહ દઇ આપની આબરૂ મુજબ તે ગામમાં બ્રાહ્મણોની ચોરાશી જમાડી ઘી તો ઘરનું હતું બળદ વેચીને બીજું ખરચ પુરૂં કર્યું પણ તમારી આબરૂને જરાએ બટ્ટો લગાડયો નથી. ફિકર કરશો નહીં " હવે શેઠે તેને કામ સોંપવા બંધ કર્યા પરંતુ શેઠના સાસરેથી શેઠને થોડાક દીવસ આવવાનું આમંત્રણ આવેલું હતુ તેથી શેઠ સહકુટુંબ સાસરે જવાના હતા. તેથી નોકરને ઘેર રાખે તો વળી કંઇ નવું કૌતક કરે તેથી તેને સાથે લીધો. ચાલતાં ચાલતાં જ્યારે સાસરાનું ગામ નજીક આવ્યું ત્યારે પેલા નોકરને સમાચાર કહેવા આગળ મોકલ્યો.

સમાચારમાં સ્ત્યા નાથ ! કમબખતિ ૯ મી.

પેલા નોકરે આગળ જઇ શેઠના સાસરાને જમાઈ આવવાની

જમાઇ દીઠી તથા સાથે સાથેજ કહેવા લાગ્યો કે " જુઓ શેઠ અમારા શેઠ શરીરે બહુજ બીમાર રહેતા હોવાથી વૈદની દવા ખણુ ખાય છે. ને તે દવાથી સખત ચરી પાળવી પડે છે. માત્ર મીઠા વગરની મોળી ઘેંશ ખાય છે. તે શિવાય બીજું કાંઇ પણ ખવાતું નથી. આવી સખત ચરી હોવાથીજ હું અગાઉથી ચેતાવવા આવ્યો છું. અમારા શેઠની જીભ વશ રહેતી નથી તેથી કદાચ કાંઇ માગે તો પણ આપનહિ. મ્હેમાનગીરી કરવી હોય તો ભલે તમારી દીકરીની તથા મ્હારી કરજો." આટલું ચેતવી નોકર પાછો વળ્યો. તથા સસરાજી જમાઇને તેડવા સામા ગયા. જમાઇને તેડી લાવ્યા. બધા જમવા બેઠા. પેલા નોકરને તો લાડવા તથા ભજીઆં વિગેરે મિષ્ટાન્ન પીરસ્યાં પરંતુ શેઠને બીચારાને મોળી ઘેંશ મળી આનું કારણ શેઠ કાંઇ સમજી શકયા નહિ. પરંતુ તે વખતનો મુંગે મોઢે જે આવ્યું તે બે કોળીઆ અનાજ ખાઇ લીધું. જમ્યા બાદ શેઠે પોતાના સસરાને એકાંતમાં ઘેંશ પીરસીને પોતાની મશ્કરી કરવાનું કારણ પુછ્યું. સસરાજીએ નોકરની ચેતવણી કહી સંભળાવી તેથી શેઠે સસરાજી પાસે નોકરના દુઃખની અથ ઇતિ વાત કહી. સસરાજીએ નોકરનો ઘાટ ઘડવાનો મનમાં સંકલ્પ કર્યો. હવે શેઠ સુઇ ગયા બાદ શેઠની સાસુ તથા સસરાએ સાથે મળીને નોકરને મોડી રાતરે પેટીમાં પુરી વગડામાં મુકી આવવાનો વીચાર કર્યો. એ વિચાર પેલો નોકર જે છુપો ઉભો રહીને વાત સાંભળતો હતો તે જાણી ગયો ને ચેતતો રહ્યો. હવે શેઠના સાસુ સસરા પણ હાલ તુરત તો સુઇજ રહ્યા, પેલા નોકરે શેઠના ખાટલા નીચે જઇ ચુંટીઓ ખણવા માંડયા તથા ખાટલો ઉંધો વાળી નાંખ્યો શેઠ તો બુમ પાડી ઉઠયા. એટલે નોકરે દોડતાં દોડતાં આવીને કહ્યું " શેઠ !

આવો મારી પથારીમાં સુઇ જાઓ ! અહિં તમારા ખાટલામાં તો માંકડ પણ ઘણા છે તથા ભુતની બીક પણ લાગે છે." શેઠ જઇને નોકરની પથારીમાં સુઇ ગયા. હવે મોડી રાતરે શેઠના સાસુ સસરાએ પેટી ખોલી તેમાં નોકરની પથારી પાસે આવી તેમાં સુતેલા શેઠને (તેમના મનમાં તો નોકરજ છે) પેટીમાં પુરી પેટી વગડામાં મુકી આવ્યા. (ક્રમબધ્ધિત ૧૦ મી) પેલો નોકર પણ ઉઠીને ફરવા ચાલ્યો ગયો ને સવારમાં શેઠના સસરાને ઘેર આવી જંગ મચાવ્યો. તે આવીને કહેવા લાગ્યો કે જાઓ મારા શેઠ! આવી રીતે લોકોને પેટીમાં પુરી વગડામાં મુકવાનો ધંધો કરો છો કે ? એ તો ઠીક થયું કે શેઠને કંઈ કામ યાદ આવવાથી ઘેર જતા હતા તે મારી બુમ સાંભળીને મને બહાર કાહાડયો. હવે હું તો જાઉં છું અને શેઠે કહ્યું છે કે શેઠાણીને તેડતો આવજે. મોકલવા હોયતો મોકલો નહિતર તમે જાણો" આવી રીતે નોકરે તોફાન મચાવ્યુ તથા ચાલવા લાગ્યો. તથા વગડામાં પેલી પેટી પાસે જઇ પેટી ઉઘાડી શેઠને બહાર કાહાડયા તથા શેઠને વહાલો થયો. શેઠે પુછયું કે અલ્યા આ શી રીતે બન્યું નોકરે કહ્યું "ભગવાન જાણે ! પણ હું સવારે ઉઠયો ત્યારે તમારા સાસુ સસરા વાત કરતા હતા કે હવે જમાઇનું પાપ તો ગયું. ઠીક પેટીમાં પુરી મૂકી આવ્યા છીએ. આ સાંભળી હું શોધતો શોધતો અહીં આવ્યો અને આપને બહાર કાહાડયા. હવે કોણ જાણે એમણે શું બાજી ગોઠવી છે માટે ચાલો હવે શેઠાણીને લઇને ઘેર જઇએ. શેઠ આજ સુધી મેં તમને બહુ સતાવ્યા માટે માફ કરજો" એમ કરીને ઢોંગથી તે રડી પડયો. ને કહેવા લાગ્યો કે અંતે તમારૂં નીમક ખાધું તે તમને બચાવ્યા વગર રહીએ કે ! આવી રીતે શેઠને વ્હાલા થવામાં તે શેઠનો પોતાના

પર વિશ્વાસ બેસાડવામાં પેલા લુચ્ચાનો શેઠને એક ખરેખરી નામોશી આપવાનો હેતુ હતો જે આગળ જણાસે. શેઠે તને હવે સુધરેલો જાણ્યો ને બંને જણા સારી રીતે વાત કરતા કરતા ચાલવા લાગ્યા. શેઠે પોતાની મરજી સાસરે નહિ જતાં ઘેર જવાજ જણાવી ને તે મુજબ ઘેરજ ગયા. હવે નોકર તો તદન ડાહ્યો થઇ ગયો ને શેઠનું બહુજ સારી રીતે કામ કરવા લાગ્યો. ધીમેધીમે નોકરે એવો તો વિશ્વાસ બેસાડયો કે ગમે તેવાં વિકટ કામ પણ નોકરને સોંપવાને શેઠ પાછી પાની કરે નહિ. હવે શેઠની દીકરી મોટી થયેલી હોવાથી તેના માટે સારો વર શોધી તેનું લગ્ન કરવાનું હતું તે કામ પણ પેલા શેઠે નોકરને સોંપ્યું અને કહ્યું કે "કોઇ વીસ વરસની ઉમ્મરનો હુશીઆર વર જોઇ લાવો અને લગ્ન પણ હવે તરતજ લેવાના હોવાથી ફાગણ શુદ પૂનમને દીવસે જાન લઇને આવવાનું પણ કહેતા આવજો" શેઠનું ખરેખરૂં નાક કાપવાનો આ વખત નોકરને હાથ આવ્યો તેથી નોકર તે તરતજ તે કામ કરવા ઉપડી ગયો.

વીસ વરસના એકવરને બદલે દસ વરસના બે ! કમબખતિ ૧૧ મી.

પેલા નોકરે તો દસ દસ વરસના બે વર સોધી બન્ને ઠેકાણે શેઠનો પત્ર દેખાડી વિવાહ કરી જાન લઇને આવવાનું કહ્યું. પછી પોતે ઘેર આવ્યો. શેઠને ઘેર પણ ધામધુમથી લગ્ન લેવાયું લગ્ન દીવસ આવી પહોંચ્યો એટલે બે જાન પણ ધામ ધુમથી આવી પહોંચી. શેઠ તો બે જાન જોઇને ગભરાયા તથા નોકરને પૂછવા લાગ્યા કે "આ શી ગડબડ થઇ છે?" ગડબડ શાની! વીસ વરસના એક વરને બદલે

દસ દસ વરસના બે વર સોધ્યા છે તેથી બે જાન આવી છે એમાં ગભરાઓ છો કેમ !" નોકરે કહ્યું "શેઠને તો લે મેલ થઇ પડી. જાન વાળા પણ તડા માર કરવા લાગ્યા અને અન્તે મહાજન ભેગું થઇ ગયું. શેઠને ઘેર બે જાન આવે એથી બીજુ કયું શેઠનું નાક વધારે કપાવાનું હતું કે નોકર ફરી મ્હોં દેખાડે. અંતે શેઠ ફજેત ફજેત થઇ ગયા તથા જાન વાળાને સમજાવી મહાજને પાછા વાળ્યા. તે દીવસથી શેઠે નોકર રાખવાનીજ બાધા લીધી.

(નોકર પણ એટલો ભલો કે કેરી સુંઘવાને નાક રહેવા દીધું.)

ખોડ વાળા કે ખોડ વગરના ? ૬૮

આંધળો—જુઓ ! જુઓ ભાઇ ! "તમને દેખાય છે કે "પેલો ચાંદો ચાંદણીને કેવો ધાવે છે ?

બ્હેરો—અરે એના ધાવવાનો બચબચાટ અહીંઆ સંભળાયછે ને?

લુલો—ચાલો ત્યારે જોવા જઇએ ! ઝપાટામાં જઇને આવતા રહીશું!

નાગો—ના ભાઇ ! કોઇ લુટી લે બાપ !

ભેદ સમાયા સોલા. ૬૯

એક ગાંધી બે આનાના ત્રણ પૈસા ભાર લવિંગ આપતો હતો એક દીવસ એક નાનો છોકરો તેને ત્યાં લવિગ લેવા ગયો ત્યારે વાણીઆએ ત્રણ પૈસા ભાર તોલ મુકી બીજી છાબડીમાં બે પૈસા તથા લવિંગ તોલ્યા અને તે પૈસા સાથે લવિંગ બાંધી આપ્યા તેથી છોકરો ખુશી થતો થતો ઘેર આવી માને કહેવા લાગ્યો.

છોકરો—મા ! મા ? બનીઆ એસા ભોલા કે લવિંગમે દો પૈસા તોલા.

માએ જણાવ્યું—બેટા બનીઆ નહિ હય બેલા, ઇસમે ગોઠ સમાયા સોલા.

વશીકરણ વધા. ૭૦

માસ્તર—(ઉભા ઉભા પ્રશ્ન પુછ્યો કે) છોકરા તું કાંઇ વશીકરણ વિદ્યા વિષે જાણે છે કે?

છોકરો—હા સાહેબ ! પોતાની પાસે કોઇ પણ સખસને ઉભો રાખી પોતાની પછવાડે પછવાડે તે સખસને ચાલવાની ફરજ પાડવી તેટલી વશીકરણ વિદ્યા જાણું છુ કહોતો આપની ઉપર અજમાવી તે પ્રત્યક્ષ કરી બતાવું.

માસ્તર—ભલે બતાવ જોઉં!

રજા મલી કે માથાના ફરેલ છોકરાએ બરાબર માસ્તરની સામે ઉભા રહી ખુબ મજબુતાઇથી માસ્તરના નાકની દાંડી પકડી તરતજ દોડવાનું શરૂ કર્યું કે માસ્તર પણ વસ થઇને પછવાડે પછવાડે બુમો પાડતા દોરાયા.

મૂર્ખ અને પાપી ! ૭૧

માસ્તર—છોકરા ! જગતમાં મુર્ખ કોને કહેવો? તથા પાપી કોને કહેવો!

છોકરા—આખો દીવસ જે બોલે તે મુર્ખ ને બીજાને મારે તે પાપી.

બાપ તેવા બેટા ! ૭૨

બાપ—બેટા તને ઇશ્વરે શા માટે પેદા કર્યો?

છોકરો—બાપા તમારા હાથનો માર ખાવા માટે! તથા ગાળો સાંભળવા માટે!

બાપ—ખરેખર! તું માણસ નહિ પણ ગધેડોજ છે!

છોકરો—એમ હોવુંજ જોઇએ કારણ કે "વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા!"

પીંજારો પોલીસ. ૭૩

એક પીંજારે પોતાનો ધંધો પડતો મુકી પોલીસમાં જમાદારીની નોકરી લીધી. નોકરી કરતાં કરતાં તેને કોઇ એક લડાઇમાં જવું પડયું ત્યારે તેને પોલીસની નોકરીની વિકટતા માલુમ પડી ને પસ્તાવા લાગ્યો. છેવટે જ્યારે તેને લડાઇમા ગોળી વાગી ત્યારે મરતી વખત તે બોલ્યો કે—

સુખે પીંજણ પીંજતાં, કયા કુમતડી ધાઇ,
પીંજણ બેચકે બદુક, લી, (તો) ગપકે ગોળી ખાઇ.

આવ બલા, પકડ ગલા. ૭૪

એક લુચ્ચો—(કોઇ એક વૃદ્ધ સખસને) કાકા! આજ હથેળીમાં ચળ બહુ આવે છે.

વૃદ્ધ કાકા—બહુ સારૂ! ધન મળશે! કયાંહીથી ધન આવવાનું છે શું?

એક લુચ્ચો—સાચી વાત કાકા! તમે બરોબર જાણો છો હો! હું તમારી પાસેજ પાંચ રૂપીઆ ઉછીના લેના આવ્યો છું! જ્યોતીષ સાચું જાણો છો હો!

વૃદ્ધ કાકા—પણ હું તમને ઓળખતો નથી તેનું કેમ ?

એક બુચ્ચો—રોજેરોજ હું તમારી પાસે આવ્યો છું ને ! ઓળખનારા તો પાંચ પાંચ પણ ધારતા નથી ! લ્યો હવે હાથે બહુ ચણ આવે છે ! આરોગો ! ભગવાન રામ જાણે હો !

જલદી ભણવું. ૭૫

માસ્તર—છોકરા ! માસ્તર જે બતાવે તે ઝટ ઝટ ભણવું !

છોકરો—બહુ સારૂ સાહેબ (છોકરો ઝટ ઝટ ભણવા લાગે.) "ક" ને કંઇ નહિ "ખ" "ગ" ને કંઇ નહિ "ઘ" "ચ" ને કાનો "છા" "જ" ને એક માતર "જે" વીગેરે.

પ્રોફેસર પટપટે પોતે ક્યાં ? ૭૬.

મી. પટપટે કોઈ એક કોલેજના પ્રોફેસર હતા. તે બહુજ ભુલકણા હતા અને તેથીજ દરેક વસ્તુ પોતે ક્યાં મુકી છે તે ભુલી જતા હોવાથી તે વસ્તુને માટે તેમને બહુ શોધાશોધ કરવી પડતી અને તેમ કરતાં કોલેજમાં જતાં મોડું થઇ જતું હતું. તેથી તેમણે એક યુક્તિ શોધી કહાડી ને તે એજ કે દરરોજ રાત્રે સુતી વખતે દરેક વસ્તુ ક્યાં પડી છે તેની નોંધ ડાયરીમાં કરવી. જેથી દરેક વસ્તુ ઝટ ઝટ હાથ લાગી જાય અને ડાયરી હાથે બાંધી રાખી રહેવું કે ઉઠતા વેંતજ તૈયાર રહે તેને પણ શોધવી ના પડે. તરોજ તે મુજબ અમલ થયો ને સુતી વખતે ડાયરીમાં નોંધ કરી કે "કોટ ઓરડાની વચ્ચેના ખીંટીએ, તથા પાઘડી તેના ઉપરજ પણ પાટલુન તથા શર્ટ ખુરસી ઉપર બન્ની પૂર્વ અને ઉત્તર દીશાની બે બાજુ વચ્ચેના ખુણામાં, તથા તે શીવાયનું તમામ છુટ મોજા વીગેરે ટેબલ

ઉપર માત્ર હું પલંગપર ગાદુલામાં" ડાયરી હાથે બાંધીને પ્રોફેસર સુઇ ગયા જ્યારે ઉઠયા ત્યારે સર્વ વસ્તુઓ એકઠી કરવા લાગ્યા. પાંચ મીનીટમાં બધું એકઠું થઇ ગયું ને પ્રોફેસર ડરેસ પહેરી સજ્જ થઇ ગયા. પરંતુ જ્યારે ડાયરીમાં છેલ્લી વસ્તુ "હું ગાદુલામાં" આવી તે કોઇ પણ રીતે જડે નહિ. પલંગ ને ગાદુલામાં ઘણી તપાસ કરી પણ "હું" મળ્યો નહિ, બીચારા પ્રોફેસર આ યુકિતમાં નિરાશ થઇ ગયા ને ફાવ્યા નહિ.

("હું ગાદુલામા છું" આ નોંધ ડાયરીમાં બીજી બધી વસ્તુની પહેલાં થઇ હોત તો પ્રોફેસરને આટલી બધી પીડામાં ઉતરવું પડત નહિ.)

રૂદન કે આશીર્વાદ ૭૭

એક મુર્ખ રાજા હતો. તેની મુર્ખામિને લીધે તેના લુચ્ચા કારભારીઓને રાજ્યની તીજોરી ખાલી કરી ઘર ભરવાની સારી તક મળી હતી, એક દીવસ રાજા પોતાના કારભારીએ સહિત મોડી રાત સુધી મહેલના ઝરૂખે બેઠેલ છે, તેવામાં વગડામાંથી શીયાળનો સ્વર સંભળાવાથી રાજાએ પુછ્યું કારભારીજી ! અત્યારે આટલી મોડી રાત્રે આ કોનો અવાજ સંભળાય છે. કારભારીએ કહ્યું સાહેબ ! આ તો શીયાળીયાઓ રૂદન કરે છે કારણ કે આ શીયાળાની ટાઢ તે સહન કરી શકતાં નથા. માણસો માટે જેમ ધર્મશાળાઓ કે મકાનો તથા વસ્ત્ર અને ગોદડાંની જરૂર પડે છે. તેમ શીયાળાની ટાઢથી બચવા બીચારા આ ગરીબ પ્રાણીઓને પણ તેની અગત્ય છે અને માટેજ તેઓ રૂદન કરી તેમ કરવા સુચવે છે.

પોતાના રાજ્યમાં શીયાળ સરખાને પણ દુઃખ શા માટે હોય?

તેવો વીચાર કરી તરત તેમના માટે વગડામાં થોડે છેટે છેટે મકાન બાંધવાનો તથા ગોદડાં વગેરેનો સગવડ કરી આપવાનો હુકમ કારભારીઓને ફરમાવી દીધો તથા તેને માટે જે ખર્ચ થાય તે છુટથી ખર્ચવાની મંજુરી આપી.

પેલા કારભારીઓ તો શીકારી કુતરાની માફક ટાંપીનેજ બેઠા હતા. હુકમ થતાંજ ત્રીજોરીમાંથી ખાલી થઇ શકે તેટલું ધન ખાલી કર્યું, અને દરેકે પોતપોતાનું ઘર ભર્યું. મુર્ખ રાજાને દેખાડવા વગડામાં બે ચાર મકાન પાંચ પચાસ રૂપીઆ ખરચી બંધાવ્યા હતા જો કે ત્રીજોરીમાંથી તો જરૂર બે ત્રણ લાખ રૂપીઆ લેવાયા હશે. કારણ કે ભાગના લેનાર કારભારીઓ કાંઇ એક બે નહતા ને આખા રાજ્યમાં શીયાળોને સુખી કરવાનું કામ મ્હોટું હોવાથી ધન ખરચવાની ગમે તેટલી મંજુરી મળેલી હતી. એક દીવસ રાજાને ફરવા લઇ જઇ પેલા મકાનો તથા ગોદડાની કરેલી સગવડ બતાવી જેથી રાજાજી ખુશ ખુશ થઇ ગયા.

વળી એક દીવસ કારભારીઓ સહિત રાજા સાહેબ! મ્હેલના ઝરૂખે બેઠેલા હતા ત્યારે પ્રથમની માફકજ ફેર શીયાળનો અવાજ સાંભળવાથી રાજાએ પુછ્યું કે કારભારીજી! હજી પણ આ શીયાળીઆંઓ કેમ રૂદન કરે છે વારૂ? લુચ્ચા કારભારીઓએ તરતજ સમાધાન કર્યું કે સાહેબ! આપ ભૂલો છો! હવે તે રૂદન નથી કરતાં પણ ખુશી થઇ થઇને આપને આશીર્વાદ આપે છે. આ સાંભળી રાજાજી વધારે ખુશી થયા.

(કોઇ મુર્ખ માણસને મ્હોડે મુર્ખ ન કહેવો હોય તો તેને રાજા માણસ કહેવાય છે.)

સીપાઇઓથી પકડાતા જબ્બર ગુન્હા. ૭૮

કોઇ ચાર માણસો રાત્રે નવ વાગ્યાના સુમારે પોતાના ઘરમાં બેસી ગંજીપાની રમત રમતા હતા. તેવામાં એક સખસે બાદશાહનું પાનું નાખ્યું ત્યારે બીજો તેના ઉપર એકાનું પાનું નાખી બોલી ઉઠ્યો કે "અમારો એકો તમારા રાજાને જીતસે."

તે વખતે રસ્તામાં ગુન્હા શોધતો ફરતો સીપાઇ આવેલો જતો હતો, તેણે આ સાંભળી તરત ચારે સખસને પકડ્યા અને કહ્યું કે "તમે એક થઇ રાજાને જીતવા માગો છો કે ' ચાલો તમે રાજદ્રોહી છો !"

પાડોશ પેહેલો જોજો. ૭૯

એક ધર્મશાલામાં કોઇ એક હીંદુએ આવીને ઉતારો કીધો જે ઓરડીમાં તે હીંદુએ ઉતારો લીધો તેની પાસેની ઓરડીમાં એક મુસલમાન ઉતરેલો હતો, તે હીંદુ મુસલમાનને ધીમે ધીમે વાતો કરવાથી મિત્રતા થઇ. હવે જ્યારે જમવાનો વખત થયો ત્યારે હીંદુએ મુસલમાનને પોતાના માટે કરેલા લાડવામાંથી એક આપ્યો. ત્યારે મુસલમાન પણ પોતે કરેલો રોટલો લઇ ત્યાં આવ્યો અને તે રોટલો હિંદુ પાસે આવીને આપ્યો તથા કહ્યું કે લો સાબ ! હમકું જો મીલા સો હમ દેતા હય. હિંદુ બાપનું તો તમામ ખાણું અભડાયું. ને તે તમામ મુસલમાનને મળ્યું પણ તેણે રીતે પોતાને તથા કોઇ પણ હિંદુને અડીને નહિ અભડાવવા સમજાવ્યું. હિંદુ ભાઇએ તો ફેર રસોઇ બનાવી અને પછી જમવા બેઠા એટલે પેલા મુસલમાને પોતાને મળેલા લાડવામાંથી એક લઇ દૂરથી હિંદુના

બાજુમાં ફેંક્યો તથા કહ્યું કે સો સાબ! અબ તો કુછ ડરકત નહિ ને! તુમારા હાથસે બનેગા લાકુ, ઔર મેં ઇસને દુરસે ફેંકા હય! હિંદુને ઉતારાની ઓરડીજ બદલી પડી.

ભગાભાઇનું પુરૂષ ચરિત્ર. ૮૦

મારવાડમાં રઘો અને ભગો કરીને કોઇ બે ભાઇ હતા. તેઓએ પોતાના ભાગ વહેંચી લીધા હતા. દૈવયોગે તેમાંનો મોટો ભાઇ રઘો ધાડપાડાથી ગરીબ થઇ ગયો ને તેથી ગામડામાં તેલ મરચાંની ફેરી કરી પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. ભગો પૈસે ટકે સુખી રહેવાથી શહેરમાં રહેતો તેને કાંઇ કોઇ વખત પોતાના ભાઇ રઘાની દયા આવતી હતી ને તેથીજ જ્યારે રઘો કાંઇ કામ અર્થે શહેરમાં આવે ત્યારે તે તેને કેટલીક મદદ કરતો પરંતુ ભગાની સ્ત્રી મહા નીચ અને કર્કશા હતી તેથી તેના જાણવામાં જ્યારે તે આવ્યું ત્યારથી ભગાભાઇના ભોગ નઠયા. ભગાભાઇનું સ્ત્રી પાસે ચલણ હતું નહિ છતાં પણ ભગાભાઇ એટલા તો સ્ત્રીઓને વેચી ચણા ખાય તેવા ડગાદ હતા ખરા! હવે એક દીવસ સવારમાં રઘો ભગાને ત્યાં આવી ઉભો રહ્યો જેથી ભગાએ પોતાની સ્ત્રીને જલદી રસોઇ બનાવવાનું ફરમાવ્યું પરંતુ રઘાભાઇને નજરે જોઇનેજ જે સ્ત્રી બળી જતી હોય તે વળી તેના માટે જલદી રસોઇ બનાવે ખરી કે? તરતજ તેણીએ તદબીરપુર્વક કહ્યું કે રાત્રે ચુલા ઉપર ખાડ ઢળવાથી ચુલાને કીડીઓ તાણી ગઇ છે. માટે આજ તો ટાઢું ખાવું હોય તો ખાઓ. રસોઇ તો જ્યારે નવો ચુલો બનાવીશ ત્યારે થશે. ભગાભાઇ બીચારા મનમાં સમજી ગયા ને છેવટે રઘાને ટાઢું ખવડાવી રજા આપી. જતી વખતે રઘાને છાની રીતે પાંચ રૂપીઆ

આપવા જતાં ભગાભાઇ તેમની સ્ત્રીથી પકડાઇ ગયા અને મહા જંગ જામ્યો તે સ્ત્રીએ કહ્યું કે જો રઘાને એક પણ રૂપીઓ આપશો તો હું કુવે પડીશ. લાચાર! હવે ભગાભાઇના શા બાર હોય કે જરાએ ઉચ્ચાર થાય. છેવટે પેલો રઘો તો ગામમાં પોતાનું કામ કરી ચાલ્યો ગયો પરંતુ પેલી સ્ત્રીને સજા કરવા હવે ભગાભાઇને ચટપટી થઇને તરતજ તેણે નીચેનો ઉપાય અજમાવ્યો.

એક દીવસ હાથમાં લાંબો કાગળ લઇ દીલગીર થતો થતો તે દુકાનેથી ઘેર આવ્યો. અને કનાવળથી જેમ તેમ જમી ઉઠયો. પોતાના ધણીને અચાનક ઉદાસ થયેલો જોઇ તેની સ્ત્રી પુછવા લાગી કે ઉદાસ થવાનું શુ કારણ છે? દીલગીરીના ડુસકા ભરી ભરીને ભગાભાઇ કહેવા લાગ્યા કે તારા બાપને ઘેર આગ લાગી છે ને તેથી તમામ ઘર બળી જઇ ઘણું નુકશાન થયુ છે. તેનો આ કાગળ આવેલો છે જે વાચી મારો તો જીવ પણ ઉડી ગયો છે. મને તો ઘણુએ થાય છે કે એક બે ગાડા ભરી અહીંથી કેટલોક સરસામાન મોકલીએ પણ તારો જીવ કંજુસ તેથી લાચાર છુ જોને મારા ભાઇને માત્ર પાંચ રૂપીઆ આપતાં પણ તું જીવ કાઢવા તૈયાર થઇ હતી ને! સ્ત્રીએ તરતજ સ્ત્રી ચરીત્ર ચલાવી કહ્યું કે "બળ્યું એમા અમે શું જાણીએ. કંઇ ભાયડાથી અમે થોડાકજ વધારે ડાહ્યા છીએ. તમે કરો તે ખરૂં મોકલોને ગાયં હું કયાં ના પાડું છુ. અમારો બઇરાનો જીવ મુઆ ખરાબ તેથી કોઇક દીવસ વગર વીચારે બોલી જવાય તેથી શુ તમે આદમી થઇને બઇરાંના બોલવા સામે જોતા હશો કે?" આટલું બોલી તરત તે રડી પડી એટલે ભગાભાઈ ઉઠયા ને ગાડાં લેવા ચાલ્યા. ચાલતાં ચાલતાં પુછી લીધું કે કેટલા ગાડાં લાવું! બે લાવું કે વધારે? સ્ત્રીએ કહ્યું,

એમાં મને શું પુછતા હશો. બે પણ ચાર જે લાવવા હોય તે લાવો. એક વધારે હશે તો પણ શું બગડવાનુ છે. ભગાભાઇ બોલ્યા કે કંઈ હરકત નહિ. તરત થોડીવારમાં ભગાભાઇ તો ચાર પાંચ ગાડા લાવ્યા ને સ્ત્રીને તે ગાડામાં સરસામાન ભરવા હુકમ કરી દીધો. સ્ત્રી તરત તે કામ કરવા લાગી અને ધણીના છાની રીતે ઘરેણા વગેરે કેટલુંક ધન પેટીમાં ગોઠવી ગાડામાં ભરવા લાગી. આડી આંખે બાટો થઇને ભગો આ બધો બનાવ જોતો હતો. પરંતુ તે કાંઇ પણ બોલ્યો નહિ છેવટે ગાડા ભરાયાં ને પોતે તે ગાડાં મુકવા ચાલ્યો. સ્ત્રીના દેખતાં પોતાના સસરાના ગામ ભણીનો માર્ગ લીધો તો ખરો, પરંતુ પછી રસ્તો બદલી ગાડાં રઘાભાઇના ગામ ભણી લઇ ચાલ્યો અને તમામ સરસામાન તથા દ્રવ્ય રઘાને ત્યાં આપી ગાડાવાળાને વીદાય કરી પોતે પોતાને ગામ લંગાડાતો લંગડાતો આવ્યો. ભગાને દેખી તરતજ તેની સ્ત્રીએ પોતાના બાપના સમાચાર પુછયા. એટલે ભગાભાઇનો આપ ફાટો ને [illegible] ફેરવી બોલ્યા કે રાંડ હું લંગડો થયો તેનું તો કંઇ નહિ ને બાપના સમાચાર પુછે છે. કોણ તારા બાપને ત્યાં કુશળ ક્ષેમ પહોંચ્યું છે? રસ્તામાં કાગડાનું ટોળું આવ્યું ને બધાં ગાડાં આભમાં લઇ નાશી ગયું. એ તો હું નશીબવાન કે એ કાગડાની બકાઝીમાં હું ગાડાંનાંથી છુટો પડયો ઘેર આવવા પામ્યો.

સ્ત્રી પોતાના રૂપમાં આવી ભવાં ચડાવીને બોલી કે મારા ભોયા! કાગડા તે વળી ગાડાં તાણતાં હશે કે!

પોતાના પુરૂષ ચરિત્રમાં સહિસાટ થએલા ભગાભાઇ તાડુકી કહ્યા. કે રંડ! કીડી ગુલાને તાણી જાય છે તો પછી કાગડા ગાડાંને તાણે તેમાં શી નવાઇ.

(ચુપા ચુપ.)

મીયાંભાઇની બહાદુરી. ૮૧

એક મીયાંભાઇ હાથમાં સમશેર લેઇ દોડતા દોડતા આવી પોતાનું પરાક્રમ કહેવા લાગ્યા કે યાર ! આજતો જબર જંગ મચાથા. હમ અકીલા ઓર દુશ્મન બ્હોત મગર બંદાને સબકા હાથ પાંઉ કાટ ડાલા ઓર સબકા મુંપર જુતીયાં લગાઇ.

સાંભળનાર—ઓર શીર કયું નહિ કાટા શીર !

મીયાંભાઇ—વો તો યાર પહિલેસેંહિ કીસને કાટ લીયાથા.

એક એકડો કામનો કે વધુ મીંડાં કામના ? ૮૨

એક વાણીઓ કાંઇ કામ અર્થે એક ગામથી બીજે ગામ જતો હતો. તેવામાં રસ્તામાં પોતાના ઓળખીના ચોર મળ્યા, શેઠ પાસે ચોરવા જેવું કાંઇ પણ હતું નહિ. તેથી ચોરોએ વીચાર કર્યો કે હવે શું કરવું ? આવા ઓળખાણ વાળા આપણા ગામનાજ શેઠ ફરી ફરીને ક્વારે લાગમાં આવવાના છે. માટે શેઠને કોરે કોરા તો ન જ જવા દેવાય. માટે આપણી પાસેથી રૂપીઆ લીધાનો કાગળ (દસ્તાવેજ) લખાવી લેવો. તેથી તે શેઠને કહેવા લાગ્યા કે શેઠજી ! તમારી ઓ-ળખાણ શું કામની ? કોઇ દીવસ તમે અમારી પાસેથી રૂપીઆ લી-ધાનો કડકો કાગળ (દસ્તાવેજ) પણ લખી આપ્યો છે ! માટે આજતો એટલું કામ કરો તો તમારી ને અમારી આંખની શરમ સચવાશે. શેઠ ચોરોના દાનત સમજી ગયા. ને તરત બોલી ઉઠયા કે હોવે બા ! કેમ ન લખી આપીએ. તમારે અમારે કાંઇ જુદાઈ નથી કે ન લખી આપીએ. શેઠે તો દસ્તાવેજ લખવો શરૂ કર્યો અને ચોરોને પુછ્યું

કે કહો કેટલા રૂપીઆ લખું? પેલા ચોરમાંથી એકે હજાર રૂપીઆ કહ્યા એટલે બીજાએ કહ્યું કે મારૂં મીંડું વધારજો શેઠ! શેઠે તો તરત હજાર રૂપીઆ લખ્યા ને બીજાનું મીંડું પણ વધાર્યું ધીમે ધીમે એક એક ચોર એક એક મીંડું વધારવાનું કહેતો ગયો. ને શેઠ કાગળ ચીતરતા ગયા લાખ કરોડ જેટલાં મીંડાં વધાર્યા પછી શેઠ બોલ્યા કે જુઓ ઠાકોર! તમારી બધાની મેં શરમ રાખી છે માટે મ્હારી એક વાતની શરમ તમે ન રાખો કે! ચોરો બોલ્યા એમ તે બને કે શેઠ! બોલો તમે કહો તેમ કરીએ શેઠે કહ્યું કે માત્ર આ રૂપીઆમાંથી આગળનો એક એકડો કાઢી નાંખો તો બસ ચોરોએ કહ્યું કે એમાં તે શું મોટી વાત કહી. તમે આટલા બધા મીંડાં વધાર્યા ત્યારે અમે એક એકડો નહિ કહાડીએ. કહાડી નાંખો એકડો! શેઠ તરતજ એકડાને છેકી ચાલતા થયા.

હુંશીયારી કોઈના બાપની છે! ૮૩

એક શખ્શને ત્યાં રાત્રે મીજલશ હોવાથી પોતાના કેટલાક મિત્રો તેમાં ભાગ લેવા આવ્યા હતા. મીજલસ વેરાયા બાદ સર્વ મિત્ર કેટલીક વાતો કરવા થોડી વધુવાર બેઠા. તેવામાં વરસાદ આવવાથી પેલા શખ્સે પોતાના મિત્રને પોતાને ત્યાંજ સુઇ રહેવા વિનંતી કરી. સર્વ મિત્રોએ તેમ કરવા કબુલ કર્યું અને ત્યાં સુતા થોડીકવાર બાદ પોતાના મિત્રમાંના એકને બ્હારથી પલળતો આવતો દેખી પેલા શખ્સે પુછ્યું કે તમે વળી ક્યાં ગયા હતાં? તેનો તે હુશીયાર મિત્ર બોલી ઉઠયો કે "વરસાદ આવવાથી હું મારા મિત્રને ત્યાં સુવાનો છું માટે મારી કોઇ રાહ જોશો નહિ. એટલું જણાવવા હું ઘેર ગયો હતો કે જેથી કોઇ ફીકર કરે નહિ,

તાજો કલમ. ૮૪

એક શખ્સ પોતાના મિત્રને ત્યાંથી પોતાને ઘેર આવ્યા. બાદ પોતાની વીંટી ગુમ થએલી જાણી તરતજ પોતાના નોકરને ચીઠી લખી આપી કે તમારે ત્યાં મારી વીંટી હું ભુલી ગયેલો છું. માટે આ નોકર સાથે મોકલાવશોજી! નોકર ચીઠી લઇને જવા લાગ્યો. તેટલામાં વીંટી પોતાના ખીસામાંથીજ મળી આવવાથી નોકરને પાછો બોલાવી તે ચીઠીમાં તાજા કલમ લખી આપી કે મારી વીંટી મને હાથ લાગી છે માટે મોકલાવશો નહિ.

માસ્તરને કાંઇ નથી આવડતું જો ! ૮

બુચો—બાવાજી! બાવાજી! મારા માસ્તરને કાંઇ બી નહિ આવડતું જો!

બાવાજી—એમ કે? તેં કેમ જાણ્યું વારૂ?

બુચો—જો આવડતું હોય તો મને પુછેજ શું કરવા! ભાવનગર અને મુંબઇ જેવાં મ્હોટાં શહેરો ક્યાં છે તેની તેવણુને ખબરજ નથી જો! આ મનેજ તેવાણુ પુછતા હતા કે ભાવનગર ક્યાં આવ્યું? નકસામાં પણ અમે બતાવીએ ત્યારેજ તેવણુને ખબર પડે જો!

પહેલો નંબર. ૮૬

છોકરો—બાપા! બાપા! બાપા! આજતો મેં નીશાળમાં પહેલો નંબર મેળવ્યો છે.

બાપ—(ખુશી થઇને) વારૂ લે આ પાવલી ઇનામ! પરંતુ કહે જોઇએ તેં કેવી રીતે પહેલો નંબર મેળવ્યો.

છોકરો—જુઓ બાપા ! માસ્તરે પુછ્યું કે છને છ કેટલા ? કોઇએ સાત કહ્યા તો વળી કોઇએ આઠ કહ્યા એમ બધા છોકરા જુદો જુદો જવાબ આપવા લાગ્યા. નવ, દસ, અગીઆર, તેર, ચૌદ પંદર એમ જેને જે સાચુ લાગે તે બોલે પણ વચ્ચે બાર રહી ગયા તે કોઇ બોલ્યું નહિ. તેથી છેલ્લા નંબરે બેઠેલો મારો વખત આવ્યો, કે મેં કહ્યું બાર ! તરત જ નંબર ચોથો આવ્યો, પછી પહેલા નંબરના છોકરાને માસ્તરે પુછ્યું કે લંકા હીંદુસ્તાનની કઇ દીશામાં છે ? પહેલે કહી પુર્વ ને બીજે કહી પશ્ચિમ ત્રીજે કહી ઉત્તર એટલે હું બાકીની બોલ્યો દક્ષિણ એટલે મળ્યો પહેલો નંબર પછી માસ્તરે મને બીજા ઘણા સવાલો પુછ્યા પરંતુ મેં જવાબજ દીધો નહિ. કોઇનો મહેનતનો નંબર લેવાય કે ? છેવટે આપણે પાછા હતા ત્યાં ને ત્યાંજ આપણી જગ્યાએ દાખલ થઇ ગયા. તો પણ નંબર તો પહેલોજ છું ! (ડાબા હાથનો)

અડધી ટીકીટ. ૮૭

કાણો—(નાટકની ટીકીટ આપનારને) ઓરચેસ્ટરાની અડધી ટીકીટ આપો.

ટીકીટ આપનાર—અડધી ટીકીટ કેવી રીતે ?

કાણો—મારે માત્ર એક આંખેજ નાટક જોવાનું છે તેવી રીતે !

મંગળવાર સારો કે ખોટો. ૮૮

એક સજ્જન—(બીજાને) ભાઇ મારે મંગળવારની જબરી દશા છે ! દર મંગળવારે મારૂં કાંઇ ને કાંઇ ખોવાય છેજ. ગયા મંગળવારે મારાં બટન ગુમ થયાં, અને ગયાનાં આગલા મંગળવારે

ઘડીઆળ ગૂમ થઇ જ્યારે ગઇ કાલના મંગળવારે સો રૂપીઆની નોટ ખોવાઇ છે. ખરે ખર મંગળવાર એ મહા ખરાબ વાર છે.

બીજો સખ્સ—ભાઇ મને તો મંગળવારજ સારો છે. કેમકે મંગળવારે મને કાઇ ને કાંઇ મળેછેજ. ગયા મંગવારે મને બટન મળ્યાં અને ગયાના આગલા મંગળવારે ઘડીઆળ મળી હતી જ્યારે ગઇ કાલના મંગળવારે સો રૂપીઆની નોટ મળી છે. વારૂ સાહેબજી! બીજા મંગળવારે ફરી મળીશું !

નાટક—પરીક્ષા. ૮૯

હસનઅલી—કેમ દોસ્ત ફીદાઅલી કાલનું નાટક કેવું ?

ફીદાઅલી—ઘણું મજેનું !

હસનઅલી—તને નાટકનો કયો ભાગ સઉથી સરસ લાગ્યો!

ફીદાઅલી—અંક પડયા પછીનો ! ચાહ પાણી પીવાનો.

ભણ્યા પણ ગણ્યા નહિ. દાખલો ૧ લો ૯૦

ચાર બ્રાહ્મણો કેટલાક વરસ કાશીમાં રહી સારી રીતે વિદ્યાભ્યાસ કરી પછી પોતાના ગામ જવા નીકળ્યા. તે ચાર જણામાં એકે પાક શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો, બીજાએ ન્યાય શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. ત્રીજા વૈદકમાં મહા નિપૂણ બન્યા હતા. જ્યારે ચોથા જ્યોતિષ શાસ્ત્રી હતા. ચારે શાસ્ત્રીજીએ બે સારા બળદ લઇ તેની ઉપર તમામ વિદ્યાના પુસ્તકો ભરી કાશીથી પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં રસ્તામાં મુકામ કર્યો. તથા ભોજન પટીની તૈયારી કરવા લાગ્યા. પાક શાસ્ત્રીને રસોઇના કામમાં રોકવામાં આવ્યા. કાશીથી

કેટલુંક સીધું સાથે લીધેલું હોવાથી તે લેવા જવાની જરૂર હતી નહિ. ન્યાય શાસ્ત્રીને ઘી લેવા મોકલવામાં આવ્યા, વૈદ્ય શાસ્ત્રી શાક લેવા ગયા અને જ્યોતીષ શાસ્ત્રીજી પેલા બળદને ચારો ચરાવવા ગયા. પાક શાસ્ત્રીજીએ પ્રથમ ખીચડી ચુલે મુકી. થોડીકવાર થઇ એટલે ખીચડી ખદખદવા લાગી. પાકશાસ્ત્રી ગભરાયા કે આ ખદખદ ખદખદ શું થાય છે? અને તેમ થાય તો શું કરવું તેના માટે પાકશાસ્ત્રના તમામ ગ્રંથો તથા શ્લોકો જોયા પરંતુ ક્યાંય પણ ખદ ખદવાની વાત સરખી પણ મળી નહિ. તેથી પાકશાસ્ત્રીજીએ હાંલ્લાને ઉચકી સારી રીતે નીચે પછાડયું જેથી ખીચડી ખદ ખદતી બંધ થઇ અને હાંલ્લુ પણ ફુટી ગયું. પાક શાસ્ત્રીજી વિલખા થઇને બીજાની રાહ જોતા બેઠા. એટલામાં ન્યાય શાસ્ત્રીજી ખાલી તપેલા સહીત આવી પહોંચ્યા. પાક શાસ્ત્રીએ પુછયું કે ઘી કેમ ન લાવ્યા. ત્યારે ન્યાય શાસ્ત્રીજી બોલી ઉઠયા કે ઘી તો લીધું હતું પરંતુ રસ્તામાં પ્રશ્ન થયો કે "પાત્રાધારે ઘૃતં કિંવા ઘૃતાધારે પાત્ર" અને તે પ્રશ્નનો નિર્ણય કરવા પાત્ર ઉંધુ કર્યું જેથી ઘી ઢળી ગયું. એટલામાં "પાત્રાધારે ઘૃતં ઘૃતારે પાત્ર ન," એમ નક્કી તો થયું. એટલામાં વૈદ્ય શાસ્ત્રી લીંબડાની ડાળીઓની મોટા ભારા સહીત આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા કે તમામ શાસ્ત્રનાં આ વનસ્પતિનું શાક તદન નિરોગ છે માટે હું તે લાવ્યો છું જુઓ સાંભળો.

બીડા તો બારે પડે, તુરીયું લાવે તાવ;
વાલોળો બહુ વાયડી, નિંબ નિરોગી સાવ.
કારેલે કરકર ઘણી, વાયુ કરે ગવાર;
ગાલોડે બુદ્ધિ ઘટે, નિંબ નિરોગી સાવ.

એટલામાં જ્યોતિષ શાસ્ત્રી આવીને કહેવા લાગ્યા કે ભાઇ ! બળદ તો આજે ગુમ થયા ! ચરતાં ચરતાં કોણ જાણે ક્યાંય નાસી ગયા. કેટલેક છેટે ગયા એટલે તે દેખાતા તો ખરા પરંતુ હું પછવાડે તેની સોધ લેવા ગયોજ નહિ કારણ કે જ્યોતિષમાં જોતાં જણાયું કે હવે તે પાછા હાથ આવશે નહિ. તેથી વ્યર્થ મહેનત નહિ કરતાં અહીં આવી પહોંચ્યો છું.

ભણ્યા પણ ગણ્યા નહિ. દાખલો ૨ જો

કાશીમાં રહી ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરી ગુરૂની પ્રસન્નતા મેળવી વિદ્યાના સારા સારા ગ્રંથો પોઠીઆ ઉપર ભરીને એક બ્રાહ્મણ પોતાના ગામ જવા નીકળ્યો. કેટલાક મુકામો કરતાં કરતાં ચાલતા ચાલતાં જ્યારે તે પોતાના ગામની નજીક એટલે વીસ પચીસ ગાઉના છેટે આવી પહોંચ્યો ત્યારે એક જાણવા જોગ બનાવ બન્યો. એક કણબી લોકોનુ ગામ હતું ત્યાં તે બ્રાહ્મણ આવી પહોંચ્યો અને મુકામ કીધો. તે ગામમાં માત્ર એકજ બ્રાહ્મણ હતો અને તેથી તેનું ઘણું માન હતું જો કે તે બ્રાહ્મણ કાંઇ પણ ભણેલો નહિ હતો. પરંતુ લોકોને અષ્ટમ સમજાવી ધુતી ખાવામાં તે ભારા ઉસ્તાદ હતો. વળી ગામડીઆ લોકો ને સમજાવવા એ કાંઇ ઘણું મુસ્કેલ નહોતું તેથી તેનુ ગુજરાન ચાલતું હતું. બીજા કોઇ પણ બ્રાહ્મણને તે આવવા દેવો નહિ. અને જો કોઇ આવીને વસવાટ કરે તો ગમે તેવી યુક્તિ પ્રયુક્તિથી તે તેને કહાડતો ત્યારેજ જંપતો હતો. તીથી તથા વારનો ગામડીઆ લોકોને પણ કલા વગર છુટકોજ નહિ તેથી તે જાણવાને માટે એક ગોઠવણી કરી હતી કે રોજ સવારે તે બ્રા-

કાણુની સ્ત્રી ઉઠીને ભીંત ઉપર કોયલાનું લીટું કરે એકમને દીવસે એક લીટી હોય ને બીજાને દીવસે બે થાય. પુનમ થાય એટલે તે ભીંત ધોઇ નાખે તથા બીજી ભીંતે લીટા કરે અમાસ થાય એટલે તે ભીંત પણ ધોઇ નાખે અને ફેર પુનમ વાળી ભીંત ઉપર લીટા કરે અને ત્યારે નવો મહીનો શરૂ થવાની ખબર પડે. વાર જાણવાને સાત રંગના સાત સાંબેલા રાખ્યાં હતાં જેમકે લાલ રંગના સાબેલાથી સોમવાર તો પીળા રંગના સાંબેલાથી મંગળવાર જાણવો જે વાર હોય તે દીવસે તે વારના માટે નક્કી કરેલું સાંબેલુ ગોર મહારાજની બેઠક સામે લાવીને ગોરાણી ગોઠવે આવી રીતે તે ગોર મહારાજ પોતાનુ કાર્ય ચલાવતા તથા જે કોઇ તીથી વાર પૂછે તેને ઉપલી ગોઠવણીથી પોતે શરલતાથી જવાબ દઇ શકતા હતા, તીથીની વધઘટ આવે તેનો હિસાબ ગોરાણી પોતેજ કરી આપતા. એક દીવસ ગોર ગોરાણીને તકરાર થઇ અને તેથી ગોરાણીએ પેલી ગોઠવણી ભાંગી નાખી જેથી ગોરને તો પાકી પંચાત થઇ પડી પરંતુ ગોર મહારાજે કેટલાક વીચાર કર્યા બાદ એક નવો મુદ્દો ઉઠાવ્યો અને પછી જે પુછવા આવે તેને કહેવા લાગ્યા કે આજતો ગોટાળા પંચકતો દીવસ છે. આજ તીથી તથા વાર ગ્રહાય નહિ. આજનો દીવસ બહુજ સારો છે. રામચંદરના વખતમાં એક વખત આવો દીવસ આવ્યો હતો. તે પાછો આજ આવ્યો છે. આજ જેજે પુન દાન કરે તેનુ ઘણું ફળ મળે પેલા ભોળા લોકોઆઓએ તો તે દીવસે દાન દક્ષણાથી મહારાજને સારી રીતે નવાજી નાંખ્યા, અને ઘરનો કંકાસ તો કલ્યાણકારક થઇ પડયો. એજ ગોટાળા પંચકના દીવસે પેલો કાશીથી આવતો બ્રાહ્મણ પણ તે ગામમાં આવી પહોંચ્યો હતો અને પટેલ લોકોએ તેને પણ મિજાન જ-

બાકી સારી રીતે દાન દક્ષણા કરી હતી. પહેલો કહેવા લાગ્યા કે ધન-ભાગ્ય અમારા કે તમારા જેવા કાશીથી ભણી આવના બ્રાહ્મણનો આજ ગોટાળા પંચક જેવા સારા દીવસે જોગ બન્યો. ગોટાળા પં-ચક દીવસનું નામ સાંભળી પેલો બ્રાહ્મણ વિસ્મય થઇ પુછવા લાગ્યો, કે એ દીવસ તમને કોણે બતાવ્યો ? એ દીવસનું અમે તો નામ પણ સાંભળ્યું નથી. પટેલ લોકો કહેવા લાગ્યા, કે કાશીમાં રહી અ-ભ્યાસ કર્યો તોય તમે એ દીવસ જાણતા નથી. એતો ગજબ કહે-વાય. અમારા મહારાજ પણ એટલું તો જાણે છે અને કહે છે કે આવો દીવસ ફેર ફેર નથી આવતો. માત્ર રામચંદરના વખતમાં આ-વ્યો હતો. તે પાછો આજ આવ્યો. મહારાજ તમે ભણ્યા પણ પુરૂ ભણ્યા નહિ હો ! પેલો બ્રાહ્મણ બોલી ઉઠયો કે એ બધી વાત ખોટી છે. ગોટાળા પંચક દીવસ હોયજ નહિ, માટે કાલ તમે ગામ ભેગું કરી તમારા મહારાજને બોલાવો અને તમે બધા બન્નેની પ-રીક્ષા જુઓ. અને જે સાચો હમે તે જણાઇ આવશે કાંઇ શક્ષ કોઇની શરમ રાખતું નથી. પટેલોએ તેમ કરવા કબુલ કર્યું અને તે બ્રાહ્મણ પોતાના મુકામે ગયો. રાત્રે તે બ્રાહ્મણ ગામ વાળા બ્રાહ્મણને મળવા ગયો પરંતુ તે ગામ વાળા ગોર મહારાજ તો કોઇના લગ્ન કરવા ગયા હતા તેથી પેલો બ્રાહ્મણ પણ ત્યાં જઇ ઉભો રહ્યો અને ગોર મહારાજ શી રીતે લગ્ન કરાવે છે તે જોવા લાગ્યો. પેલા ગોર મહારાજ તો નીચે મુજબ મંત્ર ભણી રહ્યા હતા. કે " બકરા મેલે હમર કાકડી જેટલું લાંકુ સ્વાહા ઉંટ મેલે સોપારી જેટલુ લાંકુ સ્વાહા, " પેલો બ્રાહ્મણ તો છેવટે મુકામે ગયો. અને ગોર મહા-રાજને પટેલ લોકોએ બીજે દીવસે કાશીથી આવેલા બ્રાહ્મણ જોડે વાદ કરવા ફરમાવી દીધું. ગોર મહારાજથી કાંઇ ના કહી શકાય

તેમ ન હતું તેથી વાદ કરવાનું કબુલ કરી ઘેર જઇ ગોરાણીને વા ! કરી ત્યારે ગોરાણીએ કહ્યું કે ભણ્યા હોત તો આટલી બધી મુઝવણ થાત ! ગોર મહારાજ બોલ્યા કે પઠતવ્યં તોપિ મર્તવ્યં ન પઠતવ્યં તોપિ મર્તવ્યં ત્યારે વૃથા દંત કટાકટી કિં, કર્તવ્યં ભણેલા ભીખ માગે ને મારા જેવી રમત રમનારા સુખે રોટલા ખાય સમજી ? જો હવે કાલે બચવાનો ઉપાય એવો સોધી કાઢયો છે કે પેલાથી કશું બોલાયજ નહી. ગોરાણીએ પણ ગોરે ફુલ મારવાથી કાંઇ પણ સલાહ આપી નહિ. બીજે દીવસે આખું ગામ એકઠું થયું અને બન્ને બ્રાહ્મણો ત્યાં આવી હાજર થયા. જો કાશીવાળો બ્રાહ્મણ હારે તો તે પોતાનો પોઠીઓ તથા પાના પુસ્તક વીગેરે સર્વસ્વ આપી દે ને જો ગામવાળો બ્રાહ્મણ હારે તો તે ગામનું ગોરપણું કરવું મુકી દે આવી શરત તે બન્ને વચ્ચે કરવામાં આવી અને પછી વાદ કરવો શરૂ થયો. ઉમ્મરમાં ગામવાળો બ્રાહ્મણ વૃદ્ધ હોવાથી પ્રથમ પ્રસ્ન પુછવાનો તેને અધિકાર આપવામાં આવ્યો. અને તેથી તેણે હરખાનાં હરખાનાં તરનજ પ્રસ્ન પુછયો કે અરે બ્રાહ્મણ ! જો કાશીમાં રહી બરાબર અભ્યાસ કર્યો હોય તો પ્રથમ તો સામાન્ય પ્રશ્ન પુછું છું કે "તુંબ તુંબા" એટલે શું ? પેલો બ્રાહ્મણ તો ડીંગ થઇ ગયો અને કાંઇ પણ શમજી શકયો નહિ. તથા પ્રશ્નનો ઉતર પણ દઇ શકયો નહિ. કારણ કે પોતે જે જે શાસ્ત્ર ભણ્યો હતો તેમાંના એક પણ શાસ્ત્રમાં તેને તે વીષે કાંઇ મળ્યું નહિ. અને પાના પુસ્તક હારી પોતે પસ્તાવો કરતો ઘેર જવા નીકળ્યો, ઘેર જઇને પોતાના બાઇને બધી વાત કહી અને ફેર કાશી જવા વીચાર જણાવ્યો. તેનો બાઇ આ વાત સાંભળી દીલગીર થયો. અને કહ્યું કે બાઇ બાપા પણ ગણ્યા નહિ. માટે ઘેર બેસો. કાશી જવાથી હવે કશું વળવાનું નથી. અને

હું તે બ્રાહ્મણ પાસેથી તારા પાના પુસ્તક પાછાં લાવી આપું છું પછી તેનો ભાઇ પેલા ધુર્ત બ્રાહ્મણના ગામ જઇ પોતાની વાદ કરવાની ઇચ્છા જણાવી. તરત ગામ એકઠું થયું અને ગામના ગોર મહારાજ પણ આવી પહોંચ્યા ગોર મહારાજે તો પ્રથમની માફકજ દમમાં ને દમમાં પ્રશ્ન પુછ્યો કે " તુંબં તુંબા " એટલે શું ? તરત પેલા બ્રાહ્મણે ગોરને લપડાક મારી કહ્યું કે આવા જુઠા પ્રશ્ન કેમ પુછો છો ! " તુંબં તુંબા " તે પ્રથમ હોય કે ? પ્રથમ તો વાવંવાવા. શીંચં શીંચા, ઉગં ઉંગા ફુલં ફુલા, પત્રં પત્રા ને તુંબં તુંબા તો સૌ છેવટે હોય મહારાજ ! કેમ પટેલ બોલતા નથી. પટેલોને તે વાત તરત કબુલ કરવી પડી, ને ગોરને ગોરપણું મૂકી દેવા વખત આવ્યો છેવટે પેલા બ્રાહ્મણને સમજાવી તેના ભાઇના પાના પુસ્તક આપી પટેલોએ સમજાવ્યો. અને પોતાના ગોરનું ગોરપણું સાચવી રખાવ્યું. જતાં જતાં પણ વેર વાળવા પેલા બ્રાહ્મણે ગોરથી છુટા પડતી વખતે નમસ્કાર કરી ગોરના માથામાંથી બે ત્રણ વાળ ચુંટી દાબડીમાં પેલા પટેલોના દેખતાં ભરી લીધા પટેલોએ તેનો તેમ કરવાનું કારણ પુછ્યું એટલે તે બ્રાહ્મણે જણાવ્યું કે એ વાત એકાંતે કહેવાય તેવી છે, પછી ગોરતો થોડે છેટેથી પાછા વળ્યા. અને પેલા બ્રાહ્મણને વીદાય કરવા તથા પેલા વાળ ચુંટવાનું કારણ જાણવા પટેલ કેટલેક દુર સુધી ગયા. ત્યારે બ્રાહ્મણે જણાવ્યું કે તમારા ગોર પુન્યશાળી છે. તેનો એક વાળ જો શનીવાર ધુપ દઇને ઘરમાં સાચવી રાખીએ તો દર વરસે એક હજાર સોનામહોર મળે. મેં ત્રણ વાળ ચુંટી લીધા છે એમ કહી તે વીદાય થયો પછી બધા પટેલોએ મળી શનિવારે પેલા ગોર મહારાજના વાળ ચુંટી નાખ્યાં અને બીચારા મહારાજ તો

દુઃખી દુઃખી થઇ ગયા. પેલા બ્રાહ્મણે પાના પુસ્તક લઇ જઇ પોતાના ભણેલા ભાઇને સોપ્યા અને કહ્યું કે—

વિદ્યા ભણો વરસો લગી, બુદ્ધિ વિણ નકામ.
હેતુ સમજ્યા વગરનું, એ પોપટીયું જ્ઞાન.

જેમ પોપટને "બીલ્લી આવે ભાગ જાના" એટલું બોલતાં શીખવાડવાથી કાંઇ તે બીલાડી આવેથી ન્હાસવાનું સમજતો નથી તેમ બુદ્ધિ વગરની વિદ્યા નકામી થઇ પડે છે.

ખાવાની વિચિત્ર વસ્તુઓ. ૯૨

(કદાચ વૈદ બહુ સખત ચરી પળાવે તો નીચેની વસ્તુઓ, ખાજો સાહેબો)

ઝોકાં ખાવા, બગાસાં ખાવા, ડોળાં ખાવા, છીંક ખાવી, ઉધરસ ખાવી, દાસો ખાવો, દમ ખાવો, શ્વાસ ખાવો, થાક ખાવો, ઠોકર ખાવી, ઠેસ ખાવી, ધક્કા ખાવા, ધોકા ખાવા, માર ખાવો, વીગેરે વીગેરે,

(ખુટતી વસ્તુઓ હાથે લઇ લેજો. શરમાશો નહિ.)

મશ્કરી કરતા પહેલાં વિચારજો. ૯૩

એક વખત પાંચ છ સખ્સ સાથે ભોજન લેતા હતા. તેમાં એક મહા પંડિત પણ હતો. તે પંડીતને બધી વસ્તુઓનો સ્વાદ લેતો જોઇ એક શખ્સ બોલી ઉઠયો કે શું પંડીતો પણ મિષ્ટ વસ્તુઓ ખાતા હશે કે ?

પંડીતે ઉત્તર આપ્યો કે શું ત્યારે કુદરતે મીષ્ટ વસ્તુઓ માત્ર મુર્ખાઓને માટેજ ઉત્પન્ન કરેલ છે કે ?

રામ નામે પથરા તરે કે ? પોથીનું પોથીમાં ! ૯૪

એક કથા ભટ રામાયણની કથા કહેતા હતા. તે સાંભળવાને ભાવિક હરી જનોની ઠઠ સારી મળતી હતી. એક દીવસ પાસેના ગામડેથી તે ગામમાં ઘી વેચવા આવેલી એક ભરવાડણ પણ તે કથા સારી લાગવાથી સાંભળવા ઉભી રહી. રામનામે પથરા પણ તરી જાય એવુ રામાયણનું મહા-વાક્ય તે ભરવાડણે કથામાં સાંભળ્યુ પછી તે પોતાના ગામ જવા ચાલી. કથામાં બેસવાથી મોડુ થઇ ગયું હતુ અને વળી દૈવયોગે રસ્તા વચ્ચેની નદી પણ પુર આવવાથી બન્ને કાંઠે ભરપુર હતી. જવાનો એકે માર્ગ ન હતો પરંતુ તરત તેને રામાયણનું મહા-વાક્ય યાદ આવ્યું કે તરતજ એક પથ્થરની મોટી શીલા લઇ પુર્ણ શ્રદ્ધા પુર્વક રામ નામ પોકારી નદીમાં તરતી મુકી ઉપર પોતે બેશીને સામે કાંઠે ચાલી ગઇ. અને તેવી રીતે તે હમેશ કથા સાભળવા આવવા લાગી એક દીવસ તેણીએ કથા ભટને પોતાના ઘેર જમવાનું કહ્યું અને કથાભટને સાથે સાથે તેના ઘરભણી ચાલવા લાગી. કથા ભટના નશીબે તે દીવસે પણ નદી તો ભરપુરજ હતી. પેલી ભરવાડણ તો હમેશના રીવાજ મુજબ શ્રદ્ધા પુર્વક રામનામ પોકારી શીલા તરતાં મુકી ઉપર બેસી ચાલતી થઇ. કથા ભટતો તે જોઇજ રહ્યા ને પેલી ભરવાડણ કાંઇક ઇલમ વાળી ધારી બોલી ઉઠયા કે અરે બલા બાઇ! અમને જમાડવા છે કે નહિ ? માટે ન શી રીતે પથરો તરાવીને ગઇ તે કહે ? ભરવાડણ તો વિસ્મય પામી કહેવા લાગી કે મહારાજ આસું બોલો છો ? તમે ક્યાં નથી જાણતા કે રામનામે પથરા તરે છે તે મને .પુછો છો ? કથા ભટ બોલ્યા કે બાઇ એતો સતયુગમાં બનતું હતું ! હાલતો બધું

પોથીનું પોથીમાં જાણ્યું ભરવાડણે જવાબ દીધો કે મ્હારાજ! તમે શ્રદ્ધા વગરના છો. નહિતરે હું કેમ રામનામથી પથરા ઉપર બેસી જઇ શકું છું. માટે જો તમારાથી તેવી રીતે અવાય તો ભલે નહિતો મારે જમાડવાની જરૂર નથી. અંતે કથા ભટતો પાછા વળ્યા.

કોઇ નહિ! એ તો હું. ૯૫

સાંકળ ઠોકનાર—(બ્હારથી) એ ઉઘાડજો!

અંદરથી—કોણ છે?

સાંકળ ઠોકનાર—કોઇ નહિ.

(નવાઇ થાય છે કે કોઈ નહિ ત્યારે બોલ્યું કોણ)?

અંદરથી—કોઇ નહિ પણ કોણ છે?
કોઇ નહિ છતાં કોણ છે? કેવી નવાઈ)

સાંકળ ઠોકનાર—ઉઘાડોને ઝટ એ તો હું છું હું.
(હું પણ કોણ તે બોલવાનું નહિ).

અંદરથી—હું પણ કોણ?

સાંકળ ઠોકનાર—(જોરથી) હું! હું! હવે ભલા આદમી ઉઘાડને ઝટ!

આવ ભાઈ હરખા, આપણે બન્ને સરખા. ૯૬

એક સખ્સ—અરેરે! ભાઇ આજે મારી ભેંશ મરી ગઇ!

બીજો સખ્સ—મારી પણ આજે કાળી હાંલ્લી ફુટી ગઇ છે. ખરેખર આપણે બન્નેને કાળી ચીજ ઉપર લેણું નથી.

શેઠ હુંશીઆર કે નોકર ? ૯૭

તૈયબઅલી—(સેઠને) સેઠ હુ માલ ખરીદ કરીને ગાડાં ભરીને ચાલો તો ખરો પણ ટંએ ચરા ને ડબકો પરો. ચોર આવા ને ઘણીએ ના પારી પણ તે તો સઘરો માલ લઇ ચાલા.

હસનઅલી—(તૈયબઅલી નોકરને) પન તારે ખુમ તો પારવી હતી તો અમે પન સાંભરત તો દોરા દોરા આવત તો ખરા.

તૈયબઅલી—પન શેઠ ફિકર શુ છે. માલ ભલેને લઇ ગયા, બરતીયું તો મારી પાસે છે. એ વેચશે શું ભાવે !

હસનઅલી—એ તો હું સમજ્ને ! પન અતારે તો પીરા.

કયાં એક દીવસનું કામ છે ? ૯૮

એક કંજુસ પોતાનો છોકરો મરી જવાથી ઠાઠી લેવા ગયો. કંજુસે ઠાઠી વાળાને ભાવ પુછવાથી દોઢ રૂપીઓ કહ્યો. કંજુસ ઉપદેશ આપતાં બોલી ઉઠયો કે ભાઇ ! જરા તો વીચાર રાખ. બીજી વખત ફેર આંગણે ચડવાનું મન થાય એવું તો રાખ. કયાં એક દીવસનું કામ છે. હજી તો મારે નવ છોકરા છે નવ. ઘણીએ વખત લેવા આવવું પડશે.

શેખસલ્લીની લાત. ૯૯

એક શેખસલી (હવાઇ વીચાર કરવાનો જેને ઇજારો મળ્યો હોય તે) એક ટોપલામાં કાચના વાસણ ભરી બજારમાં વેચવા બેઠો હતો. ધીમેધીમે તે હવાઇ મનસૂબાઓ કરવા લાગ્યો કે.

હવાઇ વીચારો.

આ કાચના વાસણના ધંધામાંથી હું સારા પૈસા મેળવીશ. એટલે હું વખતે વખતે તે પૈસાથી મોટા મોટા ધંધા કરવા લાગીશ. પછી હું પૈસાદાર બનીશ. અને મોટા મોટાઓ પણ મારી સલામ ભરશે. ધીમેધીમે હું અમીર ઉમરાવોમાં જતો આવતો થઇશ. અને મારી આબરૂ વધશે. પછી મોટા મોટાની કન્યાઓની મારા માટે માગણી થશે. તે વખતે હું તે સર્વને નાલાયક ગણીશ. છેવટે એક અમીરની છોકરીને પરણીશ. પ્રથમ તે અમીરની છોકરી મારી સાથે રીસાશે એટલે હું તેને આમ લાત મારીશ કે રાંડ...

આ વીચારો આટલેથીજ અટક્યા કારણ કે "હું તેને આમ લાત મારીશ કે રાંડ" બોલતાંની સાથેજ એકદમ પગ ઉચકી સાચે સાચી લાત કાચના વાસણ ભરેલી પેલી ટોપલી (અમીરની છોકરી) મારી જેથી સર્વ વાસણના ચુરે ચુરા થઇ ગયા અને પોતાની લાત પોતાનેજ વાગી.

"નવરા" શબ્દે નખ્ખોદ કહાડયું. ૧૦૦

એક ગુજરાતી એક દક્ષિણીને ત્યાં ઉઘરાણી ગયો તે વખતે તે પુરૂષ ઘેર નહિ હતો. તેની સ્ત્રી હતી અને તેણીએ પોતાની ભાષામાં નમ્રતાથી જવાબ આપ્યો કે શેઠ! રૂપીઆ જરા મોડા અપાશે. બે દીવસ પછી આવજો.

ગુજરાતી બોલ્યો કે એ નહિ બને! અમે કાંઇ નવરા બવરા છીએ કે શું. દક્ષણી ભાષામાં "નવરા" એટલે "ધણી" એવો અર્થ થતો હોવાથી પેલી સ્ત્રી તો અવળું સમજી અને તે એમ કે

ગુજરાતીએ પોતાનો ધણી થવા સુધીની ગાળ દેવાની બે અદબી કરી છે તેવું સમજી, તેથી તરતજ ગુજરાતીને છુટા પાટવે મારવા માંડયો.

("નવરા" શબ્દે નખ્ખોદ કહાડયું તો નવરા માણસો શું ન કરે. ?)

શેળભેળ–ભાષા અને ભાષા–ફેરનો ભવાડો. ૧૦૧

૧

ગુજરાતી મોદી—(દક્ષીણી ઓને) અલી બાયકુ ! તારા માંટીડાને સાંગજે કે મગના મણાચા અઠાઇ રૂપીઆ ઝાલ્યા સે ને ચોખાચા મણના સવાઇ બે રૂપીઆ ઝાલ્યા સે.

૨

એક ફળવાળો—(સાહેબને) સાબ ! વન પૈસે જાદુકેલા, વટે તો વઠ (લેવા હોય તો લે) નહિ તો પાંજે રસ્તે ગો આતા કટ કર.

૩

સાહેબ—(પોતાને ગીતાનો અભ્યાસ કરવાની ઇચ્છા થવાથી) ત્યા ! ગો ઓન ! હુમ ગાવમેં જાકર એક ગેટા લેઆવ (ભૈયો ાંઉમે એટલે ગાઉ ફરતામાં સમજી એક ગાઉ રખડી રવડી એક ડો ઉપાડી લાવ્યો.

૪

બારીસ્ટર—(કોઇ હીંદુ વીલાયતથી બારીસ્ટર થઇ આવીને માં અંગ્રેજી વાત કરતાં ઓને કહેવા લાગ્યો કે) કેમ જી ડીઅર !

સ્ત્રી—જાઓ ! જાઓ ! બઇરીને વળી દીયર કહેવાનાં હશે કે દીયર એટલે તો વરનો નાનો ભાઇ !

બારીસ્ટર—અરે હું તો ઇંગલીશ બોલું છું, ઇંગલીશ ગો ઓન બ્રીંગ આ ચેર.

સ્ત્રી—(તમામ જાતનો આચાર લાવીને હાજર કર્યો) લ્યો વ્હાલા ! શેનું અથાણું મગાવ્યુ હતું હું તો તમામ લાવી.

બારીસ્ટર—હેઇયો બ્લાડી રાસ્કલ.

સ્ત્રી—(આમ તેમ દોડવા લાગી) ક્યાં છે બીલાડી ક્યાં છે ?

(જેટલું લખીએ તેટલું થોડું.)

બાચકી બોઘા, ચપટી ચુપ ને ટીપું તારી માનું નાતરૂં. ૧૦૨

એક પટેલનો છોકરો (નાનો દસ બાર વરસનો) પોતાના કાકા સાથે પોતાના સાસરે પહેલ વ્હેલો ગયો. તેના કાકાએ રસ્તામાં સાસરે ઘણું નહિ બોલવાનું પણ સમજાવી દીધું હતું. તેનો સસરો પૈસે ટકે સુખી હતો તેથી જમાઇ અને વેવાઇ આવ્યા માટે શેવો ચુલે ચડવા લાગી. બન્નેને જમવા બેસાડયા. સાસુજી હરખાતાં હરખાતાં બન્નેના ભાણામાં શેવો પીરશી ગયાં, હવે પેલા છોકરે બાપ જન્મારામાં શેવ જોયેલી નહિ તેથી કાકાને પુછવા લાગ્યો કે કાકા ? કાકા ? આ શું ! કાકો બોલ્યો કે બેશને બોઘા, એટલે કે છાનો માનો બેશી રહે પણ પેલો તો શેવોનું નામ બોઘા સમજ્યો પછી સાસુજી ખાંડ ભભરાવી ગયા એટલે પેલા છોકરે ફેર પુછ્યુ કે કાકા ! આ શું છે ! કાકો બોલ્યો કે ચુપ ! પેલો સમજ્યો કે આનું નામ

ચુપ. પછી સાસુજી ધી ઢોળી ગયાં." એટલે પેલે પુછયું કે આટલું બધું ઢોળ્યું એ શું ! છોકો રીસમાં આ ને બોલ્યો કે તારી માનું નાતરૂં. પેલો સમજ્યો કે આ વળી જબરૂ છે. પછી જ્યારે બાણામાં તે સર્વ થઇ રહ્યું એટલે તે છોકરો બુમ પાડી બોલી ઉઠયો કે—

સાસુડી ઓ સાસુડી ! આવજે ને લાવજે ! બાચકી બોબા, ચપટી ચુપ ને દીધું તારી માનુ નાતરૂં !

(સાસુ તો રઘંબાઇજ ગઇ.)

જવાબ દેવાની રીત. ૧૦૩

એક માણસને સામો માણસ કાંઇ પુછે તો તેને જીભથી જવાબ નહિ દેતાં "હા" કે "ના" નો જવાબ ડોકું ધુણાવીને આપવાની ટેવ પડી હતી અને તેમ કરવામાં તે પોતે ડહાપણ માનતો હતો. એક દીવસે કોઇ સખ્સે તેને પુછયું કે તેમ કરવામાં શું ડહાપણ છે વારૂ ! તેણે કહ્યું કે બહુ બકબક નહિ કરવુ ચાલે ત્યાં સુધી જીભથી બોલવાની જરૂર શી ? નકામી જીભને વલોવવી એ શું ગાંડાઇ નહિ કે ?

પેલા સખ્સે જવાબ આપ્યો કે અધોળની જીભડીને બદલે અઢી શેરનું માથું ધુણાવે છે એ શું ડહાપણ છે કે ?

એ વડાં ! વડાં ! વડાં ! ૧૦૪

એક સખ્સને તેની સાસુએ વડાં ખવરાવ્યાં. તે મૂર્ખ જમાઇ જ્યારે ઘેર આવવા નીકળ્યો ત્યારે "વડુ" ગોખતો ગોખતો ચાલવા લાગ્યો. કારણ કે વડા તેને બહુ મીઠાં લાગ્યાં હતાં. ચાલતાં

ચાલતાં એક વાડ આવવાથી તે તે વાડને કુદકો મારી ઠેકી ગયો. તે વખતે તેટલામાં પાસે બેઠેલો કોઈએક પટેલ બોલી ઉઠ્યો કે "ભલો ઠેકો." પેલો સખસ "વડું" ભુલી જઈને "ભલો ઠેકો, ભલો ઠેકો" ગોખવા લાગ્યો અને ઘેર આવીને પોતાની સ્ત્રીને કહ્યું કે તું મને ભલો ઠેકો કરી આપ તારી માએ કર્યો હતો તેવો ભલો ઠેકો કરી આપ, ભલા ઠેકામાં બીચારી સ્ત્રી કાંઈ સમજી નહિ અને બોલી કે મને તો ભલો ઠેકો આવડતો નથી તેથી તે ગમારે બીચારી સ્ત્રીને ખુબ માર માર્યો તેટલામાં તો કેટલાક લોકો તે તમાશો જોવા એકઠાં થઈ ગયા. તે એકઠા થયેલાઓમાંથી એક સ્ત્રી બોલી ઉઠી કે બા! ખુબ માર માર્યો છે હો! આ બીચારીના ગાલ તો સુજીને વડા જેવા થઈ ગયાં છે. તરત પેલાને વડા યાદ આવ્યા અને બોલી ઉઠ્યો કે હા! એ વડાં! વડાં! વડાં!

ચોરના પગ કાચાજ હોય.

હવે તેવામાં તે રસ્તે થઈને એક જોગીનો ચેલો ચાલ્યો જતો હતો, તે ચેલો ભિક્ષા લેવા ગયો હતો અને તેને કોઈક જગ્યાએથી ભિક્ષામાં વીસ વડા મળ્યાં હતાં. રસ્તામાં તેણે વિચાર્યું કે મઠમાં પહોચ્યા પછી મારા ભાગના દશ વડા તો ગુરૂ મને જરૂર આપવાના છે ત્યારે તે મારા ભાગના વડાં હું શા માટે ઠરવા દઉં! એમ વિચારી તેણે રસ્તામાં દશ વડાં ખાધા હતાં, વળી ફેર વિચાર્યું કે મેં દશ વડા ખાધાં છે એ કાંઈ ગુરૂને ખબર નથી તેથી ગુરૂ મને આ બાકી રહેલા દશ વડામાંથી પાંચ આપશે. માટે તે પાંચ વડાં ખાવામાં હું શા માટે વિલંબ કરૂં.! એમ વીચારી પાંચ પણ ખા-

ધાં હતાં. એમ વીચારતાં વીચારતાં ચેલાજી રસ્તામાં તમામ વડાં હોઇયાં કરી ગયા હતા અને અંતે આકીની લુખી ભિક્ષા લઇ ગુરૂજી પાસે ચાલ્યા જતા હતા તે વખતે પેલા સખ્સનો " એ વડાં ! વડાં ! " શબ્દનો પોકાર સાંભળી તે ચેલો ત્યાંજ સ્થંભાઇ ગયો. ચેલે જાણ્યું કે આ સખ્સે મારી વડા ખાવાની વાત જાણી છે. પણ ફિકર નહિ હાલ ને હાલ ગુરૂ પાસે જઇને પ્રથમથીજ મારી સચ્ચાઇ સિદ્ધ કરી દઉં કે જેથી કાંઇ વાંધો આવે નહિ. ગુરૂ પાસે ભિક્ષા ધરીને તરતજ ચેલા બોલી ઉઠયો કે " ગુરૂજી! ફલાણો સખ્સ મારી ગમે તે કારણથી અદેખાઇ કરતો હોય પણ ગામમાં નાહક ખોટી રીતે મને વગોવે છે અને દરેકને કહે છે કે આ ચેલો રસ્તામાં વડાં ખાઇ ગયો છે માટે હવે મારે આ પાપી ગામમાં રહેવું નથી અને જો મને રાખવો હોય તો તેને બોલાવી કબુલ કરાવો કે ચેલાએ વડાં ખાધાં નથી.

એટલામાં ગુરૂનો એક ભકત ત્યાં આવી પહોંચ્યો કે જે પેલા સખ્સનું વડાં સંબંધી ફારસ જાણતો હતો. તેણે આવીને તે હાસ્ય-જનક ફારસ સંભળાવ્યું એટલે ગુરૂજી ચેતી ગયા કે ચેલાજીએ ચોરી કરી છે ખરી. કારણ કે પેલા સખ્સને અને ચેલાને કોઇ જાતનો સંબંધ નહોતો કે જેથી અદેખાઇનું તેને કારણ મળે. પરંતુ આ તો પોતાનું પાપ પોતાને હાથેજ કાડયું છે. પરંતુ હવે ચોરી ચાવી (જાહેર) ન થાય માટે પેલા ચેલાની હઠ છોડાવવા ચેલાના સાંભળતાં પેલા ભકતને " પટેલાણીના તલ " ની હાસ્ય જનક વાર્તા સંભળાવવા લાગ્યા કે—

પટલાણીએ તલ ખાધા નથી.

એક પટલાણી હતી. તેણે એક દીવસ તલની માટલીમાંથી છાની રીતે એક મુઠી ભરીને તલ ખાધા, તેટલામાં પાડી બરાડી. પટલાણીએ જાણ્યું કે તલ ખાધાની વાત પાડાએ જરૂર જાણી છે માટે હવે તે ગામમાં બરાડી બરાડીને કહી દેશે તેથી તેનો ઉપાય કરવો. પટેલ ઘેર આવ્યા એટલે પટેલને તે વાત કહી. પટેલે આખા ગામમાં ઢંઢી પીટાવી કે ભાઇઓ પટલાણીએ તલ ચોરી ખાધા છે, એવું પટેલની પાડી બરાડી બરાડીને કહે છે, તે કોઇ પણ માનશો નહિ. એ વાત ખોટી છે. આને ચોરી છુંપાવવાની રીત કે ચાવી કરવાની રીત (ગુરૂજીએ વાત પુરી કરી.

ચોરી આપો આપ ચાવી થાય છે.

ચેલાજી સમજી ગયા કે ચોરી ગુરૂજી કળી ગયા છે. માટે મને સમજાવવા આ પટલાણીની વાત કરી છે. પણ લોકમાં મારી બે આબરૂ થાય એ મને કેમ પાલવે તેથી તેણે પોતાની હઠ મુકી નહિ. અને ગુરૂજી પાસે પેલા શખ્સને બોલાવરાવ્યો.

ગુરૂજી—(પેલા શખ્સને) ભાઇ તે વડાં સંબંધી શું બુમ પાડી હતી ?

શખ્સ—ગુરૂજી ? એ વડાં ! વડાં ! વડાં !

ગુરૂજી—એ વડાં વડાં ! એટલે કેવડાં વડાં હતા વારૂ !

શખ્સ—ગુરૂજી ખાસી રીતે પેંડા જેવડાં હતાં (પોતાની સાધુને આાં જે ખાધા હતા તે પ્રમાણે તે બીચારાએ જણાવ્યું)

ચેલાજી—ગુરૂજી ! જુઓ એની જુઠાઇ ! એથી તો અડધા ભાગનાએ નહોતાં ! (પકડાયા)

શખ્સ—ચેલાજી ! ને તમે ક્યાં મારી સાસુને ત્યાં જમવા આવ્યા હતા. તે તમને ખબર હોય ?

ગુરૂજી—ગમે તેવડાં હોય પણ ભાઇ તુ કહે કે ચેલાએ વડાં ખાધાં નથી !

શખ્સ—તે ત્યાં આવ્યા વગર શેના ખાય ! નથી ખાધાં ! નથી ખાધાં ! પણ એથી અડધ ભાગના નાના કનાં જોયાં વારૂ ત્યારે (એટલામાં ભીક્ષા આપનાર ભગત આવી પહોંચ્યા.)

ભગત—ગુરૂજી ! એ તો અમે ભિક્ષામાં વીસ વડાં આપ્યાં હતાં અમારે ત્યાં નાના નાના વડાં કરવાનો રીવાજ છે બાપજી !

(ચેલાજી ચૂપ)

બાધા તે બદલાય કે ! ૧૦૫

એક શખ્સને કાંઇ કારણસર ખાંડની બાધા હતી. એક વખત જમણમાં જ્યારે તે જમવા ગયો ત્યારે લાડવામાં ખાંડ નાખેલી હતી. ગોળના લાડવા નહોતા તેથી તે વિચારમાં પડ્યો. કે હવે શું કરવું ? પાસે બેઠેલા તેના કાકાએ કહ્યું કે તું જાણે ભાઇ ! બાધા બદલવી હોય તો બદલ. તરત તે શખ્સે બાધા બદલી અને બાજરીની બાધા કરી. પછી સારી રીતે લાડવા જમ્યો. અને જ્યારે બાજરા આવ્યા ત્યારે ફેર વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું ? પેલા કાકાએ ખાટો પાડા ઠપકો દીધો કે ડફોળ ! બાધા તે ક્યાંઇ બદલાતી હશે. કોઇ તો ગમે તેમ કહે પણ આપણું કેહ્યું ન હોય ! નાહક વ્હેમ

પડતી વાત કરવી. રાખ પાછી હતી તેજ બાધા ! ઘડી ઘડી બાધા બદલવાનો. ઢોંગ કેમ કરે છે પેલા શખ્સે કાકાનું વચન અંગીકાર કરી ફેર ખાંડની બાધા કાયમ રાખી ભાત ખાધા.

અદલ—ન્યાય. ૧૦૬

એક શખ્સ પોતાની ગર્ભવંતી સ્ત્રી સહીત પોતાના સાસરાના ગામ ભણી જતો હતો. રસ્તામાં એક આંબાનું વૃક્ષ જોઇ તે સ્ત્રીને કેરી ખાવાની ઇચ્છા થઇ. તે શખ્સે ને વૃક્ષ ઉપરથી એક કેરી તોડી તેની સ્ત્રીને ખવડાવી તેણીની ઇચ્છા પુરી કરી તેટલામાં તે વૃક્ષનો માલીક આવી પહોંચ્યો. અને તે શખ્સને ખુબ ધમકી આપવા લાગ્યો. તથા ગાળો દેવા લાગ્યો. તથા રાજા તથા પ્રજા તે હદ અંધેર નગરીની હતી. અને ત્યાંનો રાજા મહા મુર્ખ હતો. જેથી તેના રાજ્યના તમામ અમલદારો પણ રૂશવતખોર હતા અને પ્રજા પણ તેવીજ હતી. પેલા શખ્સે તેને સમજાવ્યો અને કેરી તોડી તે બદલ તે માફી માગવા લાગ્યો. એટલે વૃક્ષનો માલીક વધુને વધુ લડાઇ કરવા લાગ્યો. તકરાર વધી પડી અને તે વૃક્ષના માલીકે ગુસ્સામાં પેલા શખ્સને તથા તેની સ્ત્રીને ખુબ માર માર્યો પેલી સ્ત્રી ગર્ભવંતી હોવાથી ખુબ માર પડવાથી તેનો ગર્ભ પડી ગયો. અને છેવટે તે તકરાર કચેરી સુધી જઇ પહોંચી. બન્ને જણ એક એકના વાદી પ્રતિવાદી થયા. પ્રથમ લોભીલાલ ન્યાયાધીશના હાથમાં તે કામ ગયું અને તેમણે જુબાનીઓ લીધી. તેમાં પ્રથમ આંબાવાળાએ એવી જુબાની આપી કે સાહેબ ! મેં આપને ત્યાં ભેટ કરવા માટે (લાલચ) અથાગ મહેનત કરી તે આંબાના

વૃક્ષને ઉગાડયું છે અને તેને કેરીનો આ પહેલોજ ફાલ છે તેમાંથી આ મુસાફરે કેરી તોડી મારી મહેનત બરબાદ કરી નાંખી છે. સોબીલાલને હવે બીજી વધુબાનીની જરૂર હતી નહિ એટલે તરતજ ફેંસલો આપ્યો કે મુસાફરે કેરી તોડી આંબાવાળાને નુકશાન કર્યું છે અને તેને પોતાને જે નુકશાન થયું છે તેનું કારણ તે પોતેજ છે. ટુંકામાં કોઇ પણ રીતે મુસાફરજ ગુન્હેગાર છે માટે તેણે કેરી તોડ્યા બદલની નુકશાનીના એક સો રૂપીઆ આંબાવાળાને આપવા. પેલા મુસાફરે હજુર સરકાર આગળ અપીલ કરી એટલે રાજા સાહેબે નીચે મુજબ અદલ ન્યાય આપ્યો કે—

જો કે નીચેની કચેરીનો કરેલો ફેંસલો ખરો છે અને નિઃસંશય મુસાફર ગુન્હેગાર છે તથાપિ મુસાફરને સામાન્ય વાંક માટે વિશેષ વેઠવું પડયું છે. તે વાત પણ ભુલી જવી બનતી નથી. આ બનાવમાં અરસપરસ એક એકની નુકશાની એક એકને અપાવવી ઘટે છે. અને તેથી ફરમાન કરવામાં આવે છે કે મુસાફરે આંબાવાળાને રૂ. પાંચ નુકશાનીના આપવા તથા આંબાવાળાએ મુસાફરની સ્ત્રીના ગર્ભનું નુકશાન કર્યું છે; માટે જ્યાં સુધી તે બાઈ બીજો ગર્ભ ધારણ કરે. ત્યાં સુધી આંબાવાળાએ તે સ્ત્રીને પોતાને ખર્ચે પોતાને ઘેર રાખવી. (પેલા મુસાફરે પોતે દંડ ભરી પોતાનું નુકશાન લેવાની ઇચ્છા પાછી ખેંચી લીધી.)

વાણીઆનો કાગળ. ૧૦૭

સ્વસ્ત શ્રી ફલાણા ગામ મધે ભાઇ ફલાણા તથા ભાઇ ફલાણી જોગ લુંકડા ગામથી લીં. ઢેંકણા ભાઇના જુવાર (બાજરી ન હ)

વાંચજો, બીજું લખવાનુ કે તને આવજો બીજું લખવાનું કે મારા સંદેશા કહાવજો, બીજું તમે અમારા વહાલાં સગાં છો. બીજું તમારૂં હેત ઘડી એક વીસરતું નથી.

બીજું..................... ...બીજું..........................બીજું

(બીજા ઉપર ત્રીજું તો આવેજ નહિ.)

જાણવા જોગ સમાચાર. ૧૦૮

એક અમદાવાદના કોઇ શેઠ હતા, તેમની એક દુકાન અમદાવાદમાં હતી. અને બીજી દુકાન મુંબઇમાં પણ હતી. પોતે ઘણું ખરૂં અમદાવાદ રહેતા હતા અને મુંબઇનું કામ મુનીમથી ચાલતુ હતું હવે મુનીમને એવી ટેવ પડેલી કે શેઠને કાગળ લખે તેમાં માત્ર વેપાર શીવાય બીજુ કાંઇ પણ જાણવા જોગ લખે નહિ. તેથી એક વખત તેને શેઠે જણાવ્યું કે મુનીમજી ! મુંબઇ જેવું ગામ છે તેમાં હજારો જોગ બનાવો બને છે. છતાં તમે કાંઇ પણ લખતા નથી માટે હવેથી ધ્યાન રાખીને લખતા રહેજો. એ કાગળ મુનીમજીને પહોંચ્યો કે તરતજ મુનીમજીએ સુચના મુજબ કાગળ લખ્યો અને શેઠને પહોંચ્યો કે શેઠ નીચે મુજબ વાંચવા લાગ્યા.

જાણવા જોગ સમાચાર.

શેઠજી ! તમારા લખવા મુજબ સમાચાર લખુ છુ તે જાણજો.

૧. બીલાડીએ પાશેર દુધ ઢોળ્યુ છે તે અપશુકન પણ ગાદી ઉપર શાહી ઢળી છે શુકન.

૨. ઊંદર ઘણા થયા છે પણ આજે ઊંદરીયું (પાંજરૂં) લાવવાનો છું.

૩. બપોરે નળમાં પાણી આવતું નથી.

હાલ એજ. વધુ સમાચાર હવે પછી.

(હવે પછી શહેર—સમાચાર લખવાની શેઠે ના લખી મોકલી.)

લખતી વખત પુરતું ધ્યાન રાખવાની જરૂર. ૧૦૯

એક સખ્સને પોતાની સ્ત્રીને તેના પીયરથી પોતાના ઘેર બોલાવવા વીશે કાગળ લખવા બેઠો. તે જે જગ્યાએ કાગળ લખવા બેઠો તેની બરોબર સામે એક ઝાડ હતું જેનાં ઉપર એક કાગડો બેઠો બેઠો "કા" "કા" કર્યા કરતો હતો તે કાગડાનું બોલવું તેને કંટાળા ભર્યું લાગતું. એટલામાં તે કાગળ લખી રહ્યો. આખો કાગળ બહુજ મધુર ભાષામાં લખ્યો હતો. છેવટે પેલા કાગડાથી કંટાળી બોલી ઉઠયો કે શું કરૂં દૂર છે! અહીં હોત તો ચીરીજ નાખત. આ શબ્દો જેવા બોલાયા તેવાજ કાગળમાં લખાઇ ગયા. તે કાગળ પેલી સ્ત્રીને પહોંચ્યો. વાંચતાં વાંચતાં તેણી પ્રથમ તો હરખાણી પણ છેલ્લી લીટી વાંચી કે રામ રમી ગયા. હોશ કોશ ઉડી ગયા. પતીએ જરૂર મારામાં કાંઇક મોટો ગુન્હો જોયો હશે માટેજ આવું ભયંકર વાક્ય લખ્યું છે કે—શું કરૂં દુર છે! અહીં હોત તો તો ચીરીજ નાંખત.

પેલી સ્ત્રી સાસરે જવાને તૈયાર હતી પણ આ ભયંકર લીટીથી હાલ તરત જવાનું તેણીએ મુલતવી રાખ્યુ

ખોવાયલો ઉતારો શોધવાની રીત. ૧૧૦

એક સખ્સ પોતે કાંઈ કામ અર્થે કાનપુર ગયો, ત્યાં જઈ તેણે કોઈ અમુક સ્થળે ઉતારો લીધો. અને પોતે ખુશીથી કાનપુર પહોંચ્યો છે એવી મતલબનો એક (ટેલીગ્રાફ) તાર પોતાના ઘેર કર્યો જેમાં પોતાના ઉતારાનું પણ ઠેકાણું જણાવ્યું હતું. હવે તે સાંજે ફરવા નીકળ્યો અને પછી પોતે પોતાનો ઉતારો ભુલી ગયો. તરતજ તાર ઓફીસે આવી પોતાને ઘેર અરજંટ (બે રૂપીઆનો તાર કર્યો કે–

હું ઉતારો ભુલી ગયો છું. મેં બપોરે તમને તાર કર્યો હતો તેમાં ઉતારાનું ઠેકાણું લખેલ છે માટે તરત જણાવો. હું તાર ઓફીસે ઉભો છું.

(પાછા જવાબ માટે પણ બે રૂપીઆ ભરવા પડયા.)

પરદેશમાં મિત્ર શી રીતે યાદ આવે. ૧૧૧

એક સખ્સ—(પોતાના એક કંજુસ મિત્રને) ભાઈ! મારે આવતી કાલે લાંબી મુસાફરીએ જવાનું છે તો આ તારી વીંટી મને આપ કે જેથી કરીને પરદેશમાં તું યાદ આવે.

કંજુસ મિત્ર—ભુલ્યો ખરો! મને જો યાદજ કરવો હોય તો હું વીંટી નહિજ આપું એટલે વધુ યાદ આવીશ કારણ કે તને એમ થયા કરસે કે મેં વીંટી માગી પણ આપી નહિ તેથી હું વધુ યાદ આવીશ કેમ દોસ્ત ?

મુર્ખાની મુસાફરી. ૧૧૨

એક સખ્સે પોતાના મુર્ખ ભાઇને પોતાના સાસરેથી પોતાની સ્ત્રીને તેડી લાવવા મોકલ્યો. જો કે તેની તેને મોકલવાની મરજી તો નહોતી પણ ભાઇના સાસરે માલ મલીદા ખાવાના મળશે એમ ધારી મુર્ખાએ પોતે ત્યાં જવાનો હઠ લીધેલો તેથી તેને મોકલવો પડયો. જતી વખત તે સખ્સે મુર્ખાને શીખામણ દીધી કે દીવસ આથમે અને રાત પડે ત્યાં વાસો કરવો (રહેવું). સર્વની સાથે સભ્યતાથી બોલવું અને એક વખત "હા" નો એક વખત "ના" નો ડાહાપણ ભર્યો જવાબ દેવો બોલાવ્યા વગર કોઇની સાથે બોલવું નહિ. માન પાન વગર કોઇને ત્યાં જવું નહિ. કોઇનું કંઇ કામ હોય તો ખુશીથી કરી આપવું. ના કહેવી નહિ. એવો મુર્ખાને ખુબ સમજાવીને મોકલ્યો અને મુર્ખાભાઇ તો ભાભીને તેડવાની મુસાફરીએ માલ મલીદાના વીચારમાં મલકાતા મલકાતા દોટે દોટે મોટે પગલે ચાલવા લાગ્યા.

દી આથમ્યો કે રાત પડી.

ચાલતા ચાલતા રસ્તામાં સંધ્યા સમય થઇ ગયો. પેલો મુર્ખો મુંઝવણમાં પડયો કે આ તે દી આથમ્યો કે રાત પડી. થોડીક વાર વીચાર કરતાં કરતાં રાત પડી કે તરતજ ત્યાં મુકામ કર્યો અને એક ઝાડ નીચે તે બેઠા. થોડીક વાર બાદ કોઇ ઘીના કુલા શહેરમાં વેચવા જનારાઓ આવી પહોંચ્યા. તેમને પેલો મુર્ખો કહેવા લાગ્યો કે આવી અંધારી રાત્રે ક્યાં જશો ? કોઇ લુટી લેશે માટે અહીં રાત વાસો રહી સવારે જજો. એકથી બે ભલા એવું પેલા કુલ્લાંવાળાઓએ વીચારી

તેઓ પાસેના ઝાડ નીચે સુતા વળી થોડીક વાર પછી બે ચાર સોની સારા સારા ઝવેરાતથી જડેલા ઉંચા પ્રકારના ઘાટ ઘરેણાની પેટી ભરી શહેરમા કોઇ અમીરને ત્યાં આપવા જતા હતા તેમણે પણ પેલા મુર્ખાના કહેવાથી જરાક છેટેના ઝાડ પાશે ઉતારો કર્યો અને સુતા. મુર્ખાએ જાણ્યું કે આ રસ્તે થઇને સોની લોકો પણ ચાલ્યા જાય છે માટે આ રસ્તો નીર્ભય છે. અહી ચોરનું તો નામ પણ હોય નહિ. પછી તે પણ સુતો

મુર્ખાનો પરોપકાર.

મધ્ય રાત્રી થઇ એટલે મુર્ખાબાપને ભુખ લાગી તેથી તે ભાતું ખાવા બેઠો. તેટલામાં ત્રણ ચાર ચોર વાતો કરતા કરતા આવી પહોંચ્યા તેમાંનો એક ચોર કહેવા લાગ્યો કે આજ કાંઇ શીકાર હાથ લાગ્યો નહિ બીજો બોલ્યો કે આજ ગોળની કાંકરી ચાખ્યા વગર નીકળ્યા એટલે એમ થયુ. ત્રીજો બોલ્યો કે હવે તો થાક પણ લાગ્યો છે અને ખાવાનું મળે તો પેટમા પણ ભુખ લાગી છે. પેલા મુર્ખાએ આ બધું સાંભળ્યું અને વિચાર કર્યો કે આ બીચારા શીકારી લોકો થાકી ગયા છે અને તેમને ભુખ પણ લાગી છે માટે લાવ તેમને બોલાવીને જમાડું બાપે એમ કહ્યું છે કે કોઇનું કામ કરી આપવું. તરત તેણે ઘાંટો પાડયો અને ચોરને બોલાવ્યા કે આમ આવો ભાઇઓ ! તમે ભુખ્યા છો માટે લ્યો મારી પાસે ભાતું ઘણું છે તે ખાઓ. શીકારનું પછી થઇ રહેશે જુદાઇ જાણશો નહિ હો. આ બધું તમારૂ જ છે ને એવી રીતે મુર્ખો સભ્યતાશી વાત કરવા લાગ્યો. ચોરોએ તેને મુર્ખો જાણી ત્યાં જમવા બેઠા એટલે એક ચોર બોલ્યો કે આપણે તો કંઇ પૈસા ટકો હાથમાં આવ્યા વગર ખાવું. હરામ

છે મુર્ખો બોલ્યો કે પૈસાટકા તો અહીં નથી અને જો ઘાટ ઘરેણા જોઇતા હોય તો પેલા સોની લોકો સુતા છે તે તમને આપશે. અને પાછા આવો ત્યારે પેલા ઘી વાળા સુતા છે તેમની પાસેથી ભાખરીમાં ચોપડવા ઘી લેતા આવજો, પેલા ચોર લોકોને તો એટલુંજ હતું તરત પેલા સોનીને લુટયા અને ઘી વાળાને પણ લુટી ચાલતા થયા. પેલા સોનીઓએ તથા ઘી વાળાઓએ મુર્ખાને ખુબ માર માર્યો. મુર્ખો કહેવા લાગ્યો કે બીચારાને જોઇતું હતું તે લઇ ગયા. ભલા તમે એટલું એનુ કામ કર્યું. પેલાઓએ તેને મુર્ખો જાણી જવા દીધો.

ચાલતાં ચાલતાં સવાર થઇ એટલે. રસ્તામાં એક તળાવ આવ્યું તેમાં તે નાહ્યો અને પછી નવું ધોતીયું પહેર્યું તથા પલાળેલું પંચીઉં જલદી સુકાઇ જાય તેટલા માટે શરીરે ઓડયુ. હવે તે ગામ પોતાના ભાઇના સાસરાનુંજ હતું પણ કોઇ તેડવા આવ્યા વગર જવું નહિ એવી ભાઇએ શીખામણ આપેલી હોવાથી તળાવે બેઠી રહ્યો. તેના ભાઇના સાસરો તળાવે નહવા આવ્યો પોહોંચ્યો અને પોતાના જમાઇના ભાઇને તળાવ ઉપર લુગડું ઓઢીને બેઠેલા જોઇ પુછવા લાગ્યો કે કેમ વેવાઇ! ક્યારે આવ્યા? ગામમાં આવવું છે કે નહિ?

મુર્ખાએ એક વખત "હા" અને એક વખત "ના" નો જવાબ દેવાની શીખામણનો ઉપયોગ કર્યો અને કહ્યું કે ના"

વેવાઇ—તમારું આવવું કેમ થયું છે? તમારી ભાભીને તેડવા?

મુર્ખો—હા.

વેવાઇ—ત્યારે ગામમાં ચાલોને! અહીં કેમ બેસ઼ા છો?

મુર્ખો—ના !

વેપારી—કોઈ મરી ગયું છે તે ના પાડો છો ?

મુર્ખો—હા !

વેપારી—કોણ તમારી મા કે બહેન ?

મુર્ખો—ના !

વેપારી—ત્યારે બાકી રહ્યું કોણ ? એક તમારા બાપ !

મુર્ખો—હા !

વેપારીએ તો [illegible] પોક મુકી અને થોડીક વારમાં તો રડા રોળ થઇ ગઇ. મુર્ખોની [illegible] [illegible] [illegible] મુર્ખોને કહ્યું કે હવે તમારા બાબી [illegible] માટે લાવ [illegible] નહિ મોકલાયે. મુર્ખો તો પાછો [illegible] [illegible] [illegible] કહેવા લાગ્યો કે મારા બા-બાનો તો [illegible] નહીં [illegible] [illegible].

[illegible]—[illegible] [illegible] [illegible] કે [illegible] ?

[illegible]—[illegible] [illegible] છે તે [illegible] [illegible] ગામ તો [illegible] અને બા બા કેમ [illegible] ?

[illegible] [illegible] [illegible] . ૧૧૩

[illegible] [illegible] [illegible]—([illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માસમાં રૂપીઆ [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. [illegible]-વારી ૫ [illegible] [illegible] રી [illegible] [illegible] ઘી ૨૦ [illegible], [illegible] [illegible] ૫ [illegible], [illegible] હીવેલ [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible]-

ટોંબર. રૂપટોબર, અકટોબર, નકટોબર, હલકોબર, નવાંબર, જુનાબર રકતાંબર ડીસાંબર, ખીસાંબર.

આહક—ગુજરાતી મહીનાથી ગણો. અંગ્રેજીમાં તો ખબર નથી પડતી.

બ્યાજખાઉ—વાર ગુજરાતીમાં ગણો. જો ૧૯૫૦ ના આસો મહીને રૂપીઆ લીધા પછી સાલ ફરી અને ૧૯૫૧ નું વરસ બેઠું. એક વરસ તો એ. પછી કારતક, અધીક કારત, માગશર, પોસ, મહા ફાગણ, હોલીનો મહીનો તથા ધુળેટીનો મહીનો પછી ચૈતરી વરસ બદલાયું એટલે બે વરસને તને ગણાવ્યા તે આઠ મહીના, તને જે રીતે ફાયદો પડે તે રીતે બ્યાજ આપ બાઇ! મેં તો ગુજરાતી અને અંગ્રેજી બન્ને મહીના ગણાવ્યા.

(આહક ગુંચવડામાં પડયો કે હવે શું કરવું.)

તીખા વકીલને તીખો જવાબ. ૧૧૪

કોઇ એક મારા મારીના કેસમાં કોઇ એક તીખા વકીલે સાક્ષીને દમમાં લેતાં પ્રશ્ન કર્યો કે સાક્ષી! હુમલા વખતે તું કેટલો દુર હતો?

સાક્ષી—સવા પાંચ ગજ ને સવા ચાર તસુ.

વકીલ—આવો ચોક્કસ જવાબ તું કેમ દઇ શકયો?

સાક્ષી—હું જાણતો હતો કે આવો પ્રશ્ન કરનાર કોઇ મુર્ખ મળશે ખરો!

કોઇની (જ કોઇ ઉપર. ૧૧૫

માણેકચંદ એક વખત પોતાના છોકરાને અભ્યાસ નહિ કરવા માટે મારવા લાગ્યા, તેથી છોકરો ખુબ રડવા લાગ્યો. છોકરાનું રડવું સાંભળી માણેકચંદની સ્ત્રી માણેકબાઇ બોલી ઉઠયાં કે ખબરદાર! મારા છોકરાને મારશો નહિ. નહિ ભણાય તો ભણવાના બાપનું કંઇ દેવું નથી. કયું સમજ્યા! મારી મારીને છોકરાને અડધો કરી નાંખ્યો.

માણેકચંદ—અરે નહિ ભણે તો એને કન્યા કોણ આપસે કન્યા?

માણેકબાઇ—મુઇ રાંડ કન્યા! નહિ આવે તો શું બગડયું. આવશે એટલે રોજ લોહી ઉકાળા થવાના કેની! (પ્રથમથીજ નિર્ણય.)

માણેકચંદ—લોહી ઉકાળા કરવા કે ન કરવા તે તારા હાથમાં કે બીજાના. આપ ભલા તો જગ ભલા.

માણેકબાઇ—હો એને આપ ભલા કેમ થઇએ તે! મને મારી સાસુએ કાંઈ ઓછું દુઃખ નથી દીધું તો. મનેતો જંપીને બેસવાએ દીધી નથી તો હું કેમ ભુલીશ.

કાકાનો વાડકો કાગડા લઇ ગયા. ૧૧૬

[વૃદ્ધ—વિવાહ.]

એક સાઠ પાંસઠ વરસના બુઢ્ઢા કાકા (જેમને થોડા દહાડા પછી ચીતાબાઇ જોડે પરણવાનું નક્કી થયું છે છતાં પણ) તેમના દીકરાના દીકરાની હોય અને તે જેટલી ઉમ્મરની હોય તેટલી ઉમ્મરની એક આઠ દસ વરસની બાલીકાને (કન્યાને) પરણ્યા. જ્યારે કાકા કાકી સાથે પરણીને પાછા આવતા હતા ત્યારે એક

ગામને પાદરે તેમણે ઉનામો કીધો અને ભાતુ ખાવા બેઠા એટલામાં એક કાગડો આવ્યો અને તેમના ભાતામાંથી કાકા જે વાડકો ખાતા હતા તે વાડકો ઝાપટ મારી લઇ ગયો. ગામને પાદર રમતા આવેલા છોકરાઓએ આ બનાવ જોઇ સમજ પડી નહિ તેથી એકદમ અવાજે બુમ પાડવા લાગ્યાં કે "કાકાનો વાડકો કાગડા લઇ ગયા, કાકાનો વાડકો કાગડા લઇ ગયા." પેલા કાકા કે જેને આંકડા ભણવાના હતા તે પણ બીચારી નાની છોકરી ત્યાંથી બેઠાં છોકરાંઓ ભેગી ભાગી ગઇ અને બુમ પાડવા લાગી કે "કાકાનો વાડકો કાગડા લઇ ગયા, કાકાનો વાડકો કાગડા લઇ ગયા,"

લાડુ ભટજી અને લાડુના ગુણગાન. ૧૭

ગોળ મટોળ દેવ (લાડવા) ના પુજારી એક લાડુ ભટજી એક જજમાનને ત્યા જમવા ગયા હતા, હમેશના રીવાજ મુજબ લાડુ ભટજી ધીમે ધીમે શ્લોક બોલતા ગયા અને એકેકું લાડવાનું બટકું ઉતારતા ગયા.

તોટક છંદ.

મન મોદ 'મોદક' મિત્ર મળ્યો,
જપજાપ ગયો તન તાપ ટળ્યો.
નર ગોળ ઢેબા કાજ ન મળ્યો,
ધિક ધિક ખરે અવતાર બળ્યો. ૧

વળી બોલો ગોળ મટોળ દેવકી જે (દાળના સબડકા)

નર દેહ મળ્યા બહું મેળવશું
પણ મોદકનું નહિ નક્કી કશું

જજમાન મળે ફરી નહિ મળે,
પછી મોદક લાગુ મળવા શી વલે, ૨

માટે બોલો જીભ જીવાડણ દેવકી જે (શાખ જરાતરા)

નહિ લાગે મુંને પતરાળાં ઝીણાં,
મન મોદક ખાતાં મન ભાંગ્યા,
ફરકો બટકા ભટકા અંતે,
ઝટપટ મુખ ભરી ભરી રહીને, ૩

વળી એક લાભની વાત બોલો મગજ મોદક દેવકી જે

(ચરણીનું ચાટણુ)

જેમ મોદક એક વધુ જમશું,
ત્યમ રામનું નામ વધુ સ્મરશું,
જજમાનનું પુન્ય વધું વધશે,
બસ ટાઢક ગાઢક ક્યાંય જશે.

બોલો ટાઢક કારક દેવકી જે (એકાદ પતરવેલીયું)

માટે (મો. ગો.ગ. મડિ.)

ત્રણ ગગ્ગાની ગોળા, રોળી ચોળી સારી રીતે જમજો,
સવા શેરની ઝોળા. (પટ) મોદક માટે મોટી મોટી કરજો,
શતાકની રમત રમવી પણ પતરાળી પુરેપુરી જમવી.
ધમા ધમ નહિ કરવી આંખું બેસી ઠીક ધીરજ ધરવી.

જમણવાર છે જમણવાર નગરી બોલો ગિતા સુરક દેવકી જે
(શાર્દુલ ૨ જા.

જજમાન—ગોર મહારાજ ! જમતાં પ્રભુને તો વીસરીજ
જવાના કે ?

ગાર—એમ તે હોય કે મિષ્ટાન્નમાં તો તેઓના નામ ખાસ સમાય છે, સાંભળો.

રામ નામ લાડવા, ગોપાળ નામ ઘી કૃષ્ણ નામ ખીર ખાંડ ઘોળી ઘોળી પી. (ખરે ખર દેવોના નામ ઘોળી પી જવાય છેજ અર્થાત યાદ નથી આવતા.)

આવી રીતે ટોલ ટપ્પા કરતાં લાડુ ભટજીએ ખાસી રીતે ત્રણ ચાર કલાક કહાડ્યા હશે અને તેટલામાં પચીસ ત્રીસ લાડવા તો સહજ ઉઠાવે એમાં કાંઇ નવાઇ કહેવાય નહિ, પછી જજમાન આગ્રહ કરવા લાગ્યા. ત્યારે ગોર મહારાજ બોલ્યા કે લાવો ત્યારે કારણ કે કહ્યું છે કે—

તોટક—છંદ.

જજમાન તણું અપમાન કરે,
દ્વીજ નીશ્ચય પાપની પોઠ ભરે,
કદી દેહ દુખી કરવો પડતો,
કરવો નહિ મોદક એ નડતો.

(જજમાનનો મોદક નડે નહિ, માટે દેહની દરકારજ ન રાખવી.)

લાડુ ભટજીએ તો પછી આગ્રહથી પણ બીજા પાંચ દસ પંદર લાડવા ચટ કર્યા હશે. પછી વીચાર બાતનો થયો હશે પણ જજમાન કાચા નહોતા તેમને તો વધુ પુન્ય જોઇતુ હતું તેથી હવે વાત શરત ઉપર આવી અને જજમાન કહેવા લાગ્યા કે મહારાજ ! જો હવે એકેકો લાડવો ખાઓ તો લાડવા દીઠ પાવલી પાવલી આપું.

તોટક છંદ.

સુણી પાવલી ચાવલ દુર થયા,
મન મોદક મિત્ર નજીક રહ્યા,
જજમાનનું માન ધરી ભટજી,
દશ પાંચ બીજા વળીએ ચટજી,

પાવલી પાવલીની શરતે ભાત ખાવાનું મોકુફ રાખી તેની જગાએ ભટજી વળી બીજા દસ પાંચ (કદાચ દશને પાંચ પંદર કહો તો હરકત નથી.) ખલાસ કર્યા, છેવટે જ્યારે ભટજી ખુબ થાકયા (પીતાંબર તો પહેલેથીજ ઢીલું હતું એટલે હવે તે પણ ઉપાય બાકી ન હતો.) ત્યારે જજમાને દર લાડવા દીઠ પાંચ રૂપીઆ આપવાનું કહ્યું એટલે ભટજીના તો ભાગ્ય ખુલ્યા. એક મોદક ખાતાં ચાંદીના પાંચ ગોળ મટોળ મોદક મળે કે જેનાથી આવા મોદકો કદાચ બીજા ભવમાં જજમાન કહેનાર ન મળે તો પણ નીપજાવી શકાય તેવો દાવ કેમ ચુકાય? એવો વિચાર કરીને ભટજી બોલ્યા કે—

તોટક છંદ.

મુખવાશની કાશ તજી દઇશું
જજમાનની વાણી ધરી લઇશું,
નહિ મોદકની કદી ના કહીએ,
કહી ના કહીએ જો જઇ કયાં રહીશું,

હે જજમાનજી ! તમને તે મોદકની ના કહેવાય. ભલે અમે મુખવાસ ખાઇએ છીએ તે નહિ ખાઇએ અને તેને બદલે લાડવાથી પેટનો ગાળો ભરીશું જેથી અમારે પણ બે દીવસ વધુ ચાલશે તમને ના કહીએ તો તો પછી અમને રહેવા માર્ગજ નહિ મળે.

છેવટે ભટજી થાકયા ખાધેલું પાછું આવવા માંડયું પેટ ફુલી ને ફાદું ફાદું થવા લાગ્યુ અને ગાગર જેવડું થઇ ગયું. ભટજીથી ઉઠી પણ શકાયું નહિ, ભટજીને ખાટલામાં ઘાલી ઘેર લઇ જવા લાગ્યા. રસ્તામાં એક વૈદ મળ્યો તેણે લાડુ ભટને પુછયું કે તમને શું થયું છે? લાડુભટ બોલ્યા કે જજમાનના ઉપકાર માટે સહન કરવો પડતો એ મોદીકીઓ રોગ છે. એ રોગ નથી પણ એક જાતનો જોગ છે, જુઓ હવે કેટલાક દીવસ ખાધા વગર તપશ્ચર્યા કરશું તે વગર જોગીએ જોગ પળશે કે નહિ, વૈદને દવા આવવાથી પોતે પોતાની પાસેથી ભટજીને આરામ થાય તેવું વ્યાધી વિનાશક ચુર્ણ આપવા માંડયું ત્યારે ભટજી બોલ્યા કે જો તમારા ચુરણ જેટલી જગ્યા હોત તો મારા જજમાનનું મન ન રાખત કે લાડુ પણ મળત અને ચાંદીના સીક્કા પણ મળત વૈદ બોલ્યો કે—

દવા મળે સહિ રોગની, પણ આ તો છે જોગ;
મોદકીઓ મટતો નહિ, હોય નિરાય ભોગ.

(ઓચો ગોળ ખાગ ફાકી જય)

હજામે પણ ખુબ કરી હો! ૧૧૮

એક હજામ એક સખ્સની હજામત કરવા જતો હતો. પેલો સખ્સ વળી વીલાયતીનાં નામ વગર વાત કરતો હતો નહિ, તેથી તેને આ હજામનો દેશી અસ્ત્રો તથા દેશી સાબુનો ગોળો લાડવો વગેરે ગમતાં નહિ, તેથી તેણે હજામને તમામ સામાન ઉંચો વીલાયતી લાવવા સુચના કરી અને જો તે પ્રમાણે તે નહિ લાવે તો હજામત નહિ કરાવવાની ધમકી પણ સાથેજ આપી દીધી. બીજી વખત તે હજામ

કોઇ હજામનો વીલાયતી સામાન લઇ હજામત કરવા ગયો. પેલા સખ્સે પુછ્યું કે કેમ બધું વીલાયતી છે ને ? હજામે કહ્યુ કે હા સાહેબ ! પછી તે હજામત કરવા બેઠા છતા પણ હજામનું લુગડું તે સાહેબને પસંદ નહિ પડવાથી પોતે પોતાનું લુંગડું લેવા અંદર ગયો. હવે હજામે વીચાર કર્યો કે આ પાણી દેશી છે તેનું કેમ ? પછી ટેબલ ઉપર એક સલફયુરીક આસીડ (ગંધકના તેજાબ) નો શીશો ભરેલો હતો તેને વીલાયતી પાણી સમજી તે પાણી વાટકીમાં કહાડી રાખ્યું. પેલા સખ્સ અંદરથી લુગડું લઇને આવીને હજામત કરવા બેઠા. હજામે પેલા પાણીમાં બ્રસ બોળી જેવા તે સખ્સનાં માથું અને દાઢી પલાળ્યા તેવાજ તે સખ્સ બુમ પાડી બોલી ઉઠયો કે ઓ બાપરે ! આ શુ પેર વાળ્યુ. હજામે કહ્યુ કે કાંઇ નહિ સાહેબ ! એતો વીલાયતી પાણી છે. આ શીશામાથી મેં લીધું છે. તમામ વીલાયતી અને પાણી વળી દેશી ચાલે કે ?

બોડીઆ અક્ષરના ગુંચવાડા. ૧૧૯

કેટલાક માણસોને બોડીઆ અક્ષરો લખવાની ટેવ પડી ગયેલી હોય છે, બોડીઆ અક્ષર એટલે આંકડાનુ ઠેકાણું નહિ, મુળ અક્ષર લખીને મરજી મુજબ કાનો માત્ર વધારવા યા ન વધારવા તેને બોડીઆ અક્ષર કહે છે, જેમકે 'મુગચદ' લખવુ હોય તો બોડીઆ અક્ષરોમાં ઘણી રીતે લખી શકાય જેમકે મગનચંદ, મગાચંદ, મગાચાંદા વગેરે. હવે "મુગાચાંદા" જો જોવા જઇએ તો બે શબ્દ પણ થઇ ગયા. એવી રીતે બોડીઆ અક્ષરથી ઘણા ગુંચવાડા ઉત્પન્ન થાય છે, અને કોઇ કોઇ વખત તો અનર્થ થઇ જાય છે.

એક વખત એક ગામડીએ પોતાના એક દૂર દેશાવર રહેતા સગાને કાગળ લખ્યો. તેમાં પોતાના કાકા અજમેર ગયા છે, અને કાકી કોટે છે, તથા તમે આવો ત્યારે હીંગ મરી ટોપરૂં અને ચોખા પાણી બે લાવજો એવી રીતે લખ્યું હતું પણ તે બોડીઆ અક્ષરમાં લખાએલું હતું જે નીચે મુજબ—

" બાજુ કાકા આજે મરી ગયા છે, આને કાકી કુટે છે. તામો આવજો તારે હગ મર ટપર ન ચખ, પલ બ જરૂર જરૂર લવજ બલસ નહ "

પેલા સગાએ તો કાકા મરી ગયાનું સ્નાન કર્યું, હવે બીજી લીટી માટે તે ઘણું ઘણું મથ્યો પણ તેનાથી તે શું લખ્યું છે તે સમજી શકાયું નહિ.

અક્ષરનો ઉજાસ. ૧૨૦

એક શખ્સને બહુ ઉતાવળથી ગડબડીઆ અક્ષર લખવાની ટેવ હતી. તેથી તેનું લખાણ કોઇને ઉકલી શકતું નહિ. જ્યારે તેણે તેના મિત્રને એક કાગળ લખ્યો ત્યારે તેના મિત્રે તેને જવાબ આપ્યો કે તમારા વીજળીક બળથી લખાએલા અક્ષરોનો ઉજાસ એટલો બધો છે કે તેનું તેજ હું સહન નથી કરી શકતો. અંજાઇ જાઉં છું માટે મહેરબાની કરીને જેવો પત્ર ટપાલમાં નાંખો તેવુજ તેની સાથે તમારે ટ્રેનમાં બેસી અત્રે પત્ર વંચાવવા આવવું.

જાહેરખબરોની જાળ. ૧૨૧

એક શખ્સને જાહેર ખબર વાંચવાનો ઘણો શોખ હતો. તેથી તે બહુ બહુ જાહેર ખબરો વાંચતો અને તે જાળમાં તે ઘણો ફસા-

તે તેણે ઘણા તમાચા ખાધા ત્યારે તેણે જાહેર ખબર વાંચ-વાનું મુકી દીધું. તેણે ખાધેલા તમાચાઓ નીચે મુજબ—

તમાચો ૧ લો.

એક વખત એક અખબારમાં એવી જાહેર ખબર આવી કે—

સાહી વગર લખવાની રીત.

માત્ર બે રૂપીઆ મોકલવાથી મોકલવામાં આવશે.

આ જાહેરખબર વાંચી પેલા શખ્સે બે રૂપીઆ મોકલ્યા ત્યારે બે રૂપીઆ લેનાર ધણીએ લખી મોકલ્યું કે સાહી ન હોય ત્યારે તમારે પેન્સીલથી લખવું.

તમાચો ૨ જો જમતી વખત માખીઓ દુર કરવાની રીત.

માત્ર બે રૂપીઆ મોકલવાથી મોકલી દઇશું.

તરત પેલા શખ્સે બે રૂપીઆ મોકલ્યા કે બે રૂપીઆ લેનારે નીચે મુજબ રીત લખી મોકલી કે અંધારે ખાવા બેસવું. ખાતી વખતે લીંબડાની ધુણી કરવી. અને છતાં માખી આવે તો એક હાથે ખાવું અને બીજે હાથ હલાવતાં રહેવું.

તમાચો ૩ જો જાહેર ખબર ભવિષ્ય–કથન.

માત્ર અઢી રૂપીઆ મોકલવાથી તમારૂં ભવિષ્ય કહી આપીશું.

તરત પેલા સખસે અઢી રૂપીઆ આપ્યા એટલે ભવિષ્ય ક-થન આપ્યું કે તમે કોઇ ઉદાર છો અને તેવાજ ઉદાર રહેશો. ક-

જી તમારે જીવવાનું છે જેમ સારો ઉદ્યમ કરશો તેમ સારી રીતે દ્રવ્ય મેળવશો. તમોને પુત્ર થશે. પુત્રી થશે. તે જીવે કે નહિ તે તેમના નસીબની વાત. તમે કેટલીક વખત માંદા પડશો પણ મરણના મંદવાડ પહેલાં કોઇ પણ માંદગીમાં દવા કરવાથી આરામ થઇ જશે. તમે દ્રવ્ય મેળવશો તેવુંજ વાપરશો. ટુંકામાં તમારૂં નસીબ સારૂં છે. પછી ચડતી પડતી તો આખી દુનીયાની આવે છે. તેથી કાંઇ ડરી જવાનું નથી. 'છુપા ભાગ્યની કંઇ કોઇને ખબર હોતી નથી.

તમાચો ૪ થો જાહેર ખબર કમાવાની રીત.

એક રૂપીઓ મોકલવાથી મોકલીશું.

તરત એક રૂપીઓ મોકલ્યો કે જવાબ ફરી વળ્યો કે અમોએ જેવી રીતે તમને ઠગ્યા, અને રૂપીઓ મેળવ્યો. તેમ કરવાથી રૂપીઆ કમાઇ શકાય છે.

તમાચો ૫ મો જાહેર ખબર—આરોગ્ય રહેવાની રીત.

એક રૂપીઓ મોકલવાથી મોકલીશું.

તરત એક રૂપીઓ મોકલ્યો કે જવાબ ફરી વળ્યો કે અમારી દવા ખાવાથી તમે આરોગ્ય રહેશો. જેટલા પૈસાની દવા જોઇએ તેટલા પૈસા મોકલી દેજો, અમારી વ્યાધિવિનાશક નામક ઔષધિ તમામ વ્યાધિને હરે છે. માટે રોગની પરીક્ષા કરાવવાની અગત્ય નથી.

૧૨૧

ત ચો ક ઠો–અને છેલ્લો

જાહેર ખબર–ઘેર બેઠા મુંબાઈ.

માત્ર વીસ રૂપીઆ મોકલવાથી ઘેર બેઠા મુંબાઈ–કલકત્તા વીગેરે દેખાડીશુ.

તરત રૂપીઆ મોકલ્યા અને તેથી એક નાની દુરબીન તથા મુંબાઈ-કલકત્તાના ચિત્રો આવી પહોંચ્યા.

(બસ તે સખસે પ્રતિજ્ઞા કરી કે હવે જાહેર ખબર માત્ર વાંચવીજ નહિ.)

હોટલમાં કેમ ન જવું. ૧૨૨

એક સખ્સ—(બીજાને) ભાઇ ! તને હોટલમાં જવું કેમ ગમે છે વારૂ !

બીજો સખ્સ—ભલા તું કહે કે અમે હોટલમાં કેમ ન જઇએ ! શુ પોઝીશનમા કમ છીએ કે પૈસાથી તંગ છીએ ? નહિજ. અંગમાં એકઠી થયેલી આળસ ઉડાવવાને શુ ચાહની જરૂર નથી કે ? ચાહ પીધાથી થયેલી ગરમી ટાળવાને તેજ રકાબીમાં શું આઇસક્રીમની જરૂર નથી કે ? તમામની અગત્ય છે દોસ્ત ! સરબત, સોડા, લેમન, આઇસ શું નથી મળતું, વળી શીખંડ, બાસુદી, પુરી, ખમણ ઢોકળાં, અને ગરમા ગરમ પત્તરવેલીઓની રકાબી તૈયાર મળે તો શું ખોટા પડશે કે? નહિ ગમશે કે ? ત્યારે શુ ત્યાં જ્ઞાતિ ભેદનો વાંધો નડશે કે ? જરાએ નહિ. ટોપી વાગેરે ઉતારવાની

પણ ખટપટ નહિ જો. વી વાળાની માફક ત્યાં કાઈ વાસણ સાફ થતાં વાર લાગવાની છે કે ? ટપો ટપ ધોઈને તૈયાર, ચાર હોટલમાં જવું એ તો એક આનંદનો તાર છે.

પહેલો શખ્સ—તે બધું ગમે તેમ પરંતુ તમે બોલી ગયા તે બધી ચીજ શું તાજી, સારી અને સ્વચ્છ મળે છે કે ? શું તેનાથી તંદુરસ્તી બગડતી નથી કે ?

બીજો શખ્સ—વસ્તુઓ તાજી, સારી અને સ્વચ્છ છે કે નહિ તે તપાસવાનું કામ શું આપણું છે કે ? નહિ ! નહિ ! એતો મ્યુનીસીપાલીટી વાળાનું કામ એ. તેના કામની આપણ તે શું પંચાત. તંદુરસ્તી બગડે તેમાં હોટલવાળો શું કરે બીચારો ! વૈદનું વ્યાધિવિનાશક ઔષધ કયાં તૈયાર નથી કે માત્ર એક દીવસ ખાવાથી તમારા દરદોનો નાશ અને પાછા હતા તેવાને તેવા.

કેસ ડીસમીસ. ૧૨૩

માજીસ્ટ્રેટ—(એક ગુન્હેગારની જુબાની લેતાં) તારૂં નામ શું ?

ગુન્હેગાર—મારૂં નામ રવીશંકર.

માજીસ્ટ્રેટ—વારૂ ! આજથી ત્રણ વર્ષ ઉપર જ્યારે તું ગુન્હેગાર તરીકે પકડાયો હતો ત્યારે તેં શું નામ નોંધાવ્યું છે તે તું જો.

ગુન્હેગાર—હાજી ! સુર્યરામ સાહેબ ! મારાં બે નામ છે.

માજીસ્ટ્રેટ—શું તું નથી જાણતો કે કોર્ટમાં જેટલી વખત જુબાની આપવી પડે તે બધી જુબાની એક સરખી હોવી જોઈએ. જુબાનીમાં પણ નામનો ફેરફાર. વારૂ તારી ઉમ્મર કેટલી છે ?

ગુન્હેગાર—સતાવીશ વર્ષની.

માજીસ્ત્રેટ—સતાવીશ વર્ષ તો આજથી ત્રણ વર્ષ ઉપર પણ તેં જણાવેલાં છે ! હજી પણ સતાવીશ રહ્યાં છે કે શુ ?

ગુન્હેગાર—ના સાહેબ ! વર્ષ તો ત્રીશ થયાં છે પણ આપે જણાવ્યું કે દરેક જુબાની એક એકને મળતી આપવી. ફેરફાર કરવો નહિ તેથી મેં હાલ પણ સતાવીશજ વર્ષ જણાવ્યાં છે. (હસા હસ)

માજીસ્ત્રેટ—જે સાચી વાત હોય તે જુબાનીમાં જણાવવી ! હાલ તું શું કરે છે વારૂ ?

ગુન્હેગાર—જુબાની આપું છું.

માજીસ્ત્રેટ—અરે ધંધો શું કરે છે ?

ગુન્હેગાર—માથા ફોડવાનો સાહેબ ! બ્રાહ્મણના દીકરાને બીજો શો ધંધો હોય !

માજીસ્ત્રેટ—ઘડી ઘડી ગુન્હાઓ કરવાનું કેમ મન થાય છે સારૂ ?

ગુન્હેગાર—ખાવા ખુટે એટલે શું કરવું બીજું ! (હસાહસ)

માજીસ્ત્રેટ—વારૂ ત્યારે તેં આ સખ્સને તમાચો માર્યો છે કે ?

ગુન્હેગાર—હા સાહેબ ! જોરથી માર્યો છે કે ?

માજીસ્ત્રેટ—કેમ માર્યો વારૂ ?

ગુન્હેગાર—(પેલા તમાચો ખાનાર સખ્સને બોલાવી) આમ આવ અલ્યા ! તને તમાચો કેમ માર્યો તે મારી દેખાડું જેથી સાહેબ પણ જુએ. (હસા હસ)

માજીસ્ત્રેટ—(બીજવાઇને) તને પાંચ રૂપીઆનો દંડ કરવામાં આવે છે.

ગુન્હેગાર—સાહેબ ! મારી પાસે પાંચ રૂપીઆ છુટા નથી. દસ રૂપીઆની નોટ છે તેથી બીજો તમાચો મારવા દઇ દસ રૂપીઆ લઇ લ્યો. (હાંસાબી વાત જબરી હસાહસ)

માજીસ્ટ્રેટ—કેમ અલ્યા કોર્ટની પણ મશ્કરી કે ?

ગુન્હેગાર—સાહેબ મારૂં શું ગજું કે હું કોર્ટની મશ્કરી કરૂં પરંતુ આપ બરોબર ન્યાય નથી કરતા પછી મારે શું કરવું. મે એને કાંઇ વાંક વગર તમાચો નથી માર્યો સાહેબ ! એ બહુજ નીચ માણસ છે. વધારે શું કહું પણ ગયે કાલ ૮ મને એ કહેતો હતો કે " બચ્ચા માજીસ્ટ્રેટને લાલચ આપીને પણ તને તો જરૂર સજા કરાવીશ." અંતે દંડ કરાવ્યો કે ની ! (ખુબ હસા હસ)

માજીસ્ટ્રેટ—જાઓ કેસ ડીસમીસ—

ન મટે તો પૈસા પાછા. ૧૨૪

" રોગ ન મટે તો અમારી દવાના અમે પૈસા પાછા આપીશું" આવી જાહેર ખબરથી લલચાઇને એક દરદીએ એક રૂપીઆની વ્યાધિવિદારક ગૂટીકા મંગાવી અને તે સંપુર્ણ ખાવા છતાં રોગ ન મટવાથી પૈસા પાછા માગ્યા. ત્યારે દવાવાળા વૈદરાજે કહ્યું કે અમોએ લખ્યું છે કે " અમારી દવાના પૈસા પાછા આપીએ " માટે દવા પાછી લાવો એટલે પૈસા પાછા આપીશું.

જાદુગરનો મફત ખેલ. ૧૨૫

કંજુસ શેઠ—(જાદુગરને) જાઓ મારા સાહેબ ! તમે કોઇ દીવસ એકાદ પણ ખેલ મફત કરી દેખાડયો કે ? અમે શાથી જાણીએ કે તમે જાદુગર છો !

જાદુગર—(શેઠને) એમ હોય કે શેઠ ! હું ક્યાં તમારાથી જુદાઇ સમજું છું. વારૂ લાવો એક રૂપીઓ આપો જોઉં. તેનો ખેલ બતાવું.

કંજુસ—(ખેલ કરી બતાવવા રૂપીઓ માગે છે માટે પાછો મળશે એમ વીચારીને) લ્યો આ રૂપીઓ.

જાદુગર—(રૂપીઓ લઇને મુઠી વાળીને) એક, દો, તીન ચલ જા બચ્ચા આકાશમેં. (રૂપીઓ ઉડી ગયો) જુઓ શેઠ રૂપીઓ ઉડાવી દીધો. હવે અત્યારે મારી મંત્ર સાધના ઉતરી ગઇ છે માટે હાલ રૂપીઓ પાછો નહિ આવે. બસ શેઠ જોયો મજન ખેલ !

" બ " નકામો કે કામનો ? ૧૨૬

પેસેન્જર—(મજુરને) બોલ ? આ બોજો ઉપાડવાની મજૂરી શું લઇશ ?

મજુર—સાહેબ ! બે આના !

પેસેન્જર—અધધધ ! એટલું બધું શું છે વારૂ !

મજુર—સાહેબ ! ટ્રંક બ્રંક, પેટી બેટી, પોટકું બોટકું, પાકીટ બાકીટ, ડબો બબો, બીસ્તરો ફીસ્તરો.

પેસેન્જર—વારૂ ? તારા કહેવા મુજબ. પણ આમાંથી અડધો સામાન ઉપાડ અને હું તને એક આનો આપીશ.

મજુર—વારૂ શું શુ ઉચકું.

પેસેન્જર—ટ્રંક લે, બ્રંક રહેવા દે, પેટી લે બેટી રહેવા દે, પોટકું લે, બોટકું રહેવા દે, પાકીટ લે, બાકીટ રહેવા દે, ડબો લે, બબો રહેવા દે, બીસ્તરો લે ફીસ્તરો રહેવા દે.

બાપને દીકરાની ટાઢક. ૧૨૭

બાપ–કેમ દીકરા, હવે તારે તારા દુર્ગુણો છોડી સુધરવુ છે કે નહિ?

દીકરો—તમારે ટકટક કરવાનું છોડવું છે કે નહિ? મને સુધારવો હોય તો તમારે બોલવુંજ નહિ.

બાપ—પેટમાં બળે છે ત્યારે બોલીએ છીએ બાપ!

દીકરો—એમ કહોને ઠંડક કરૂં! (પાણીનો ઘડો લાવી પેટ ઉપર ઢોળ્યો)

કોટવાળ, જમાદાર, ચોર. ૧૨૮

એક વાણીઆના ઘરમાં ચોર પેઠા. તે વાણીઆના જાણવામાં આવ્યું તેથી પોતે પોતાની સ્ત્રી સાથે વાત કરવા લાગ્યો. વાણીઓ ચોર સાંભળે તેવી રીતે મોટે અવાજે વાત કરવા લાગ્યો જેથી વાણીઅણ પણ સમજી ગઇ કે ચોર મામા ઘરમાં દાખલ થયા છે ખરાં હવે વાણીઓ ચોરોને રમુજ પડે તેવી વાત કરવા લાગ્યો કે "અલી! હવે તને મહીના પછી છોકરો આવશે હં! ખરૂં કે; ખરૂં કે! (ગાંડો થઇ થઇને વાત કરવા લાગ્યો) પણ તેનું નામ શું રાખીશું વ્હાલી હં! હં! હં!"

પેલા ચોર આ યુક્તિ છે એવું સમજી ન જાય માટે વાણીઅણ ખેંચતાણ કરતી વળી છણકો ઠણકો પણ કરતી કરતી બોલી કે "જાઓ જાઓ! શેખસલ્લી જેવા વિચાર બેઠા બેઠા કરો છો ને? બીજો ધંધો શું! નવરો વાણીઓ નખ્ખોદ કાઢાડે." પેલા ચોરને વધુ વિશ્વાસ પાડવા વળી વાણીએ સ્ત્રી ઉપર ખીજાવાનો

ઢોંગ કર્યો અને ધીમે રહીને એક તમાચો પણ મારી દીધો અને બોલ્યો કે રાંડ ! ધણીનું કહેવું માનતી નથી. બસ અત્યારે ને અત્યારે બોલ કે તેનું નામ શું રાખીશું હં ! બોલ ઝટ, હં ! વાણીઅણ બોલી કે "કોટવાળ નામ રાખવું." વાણીઓ બોલ્યો કે કોટવાળ ! વાહ ! વારૂ બીજા છોકરાનું નામ શું રાખીશું. વાણીઅણ બોલી કે "જમાદાર" વાણીએ કહ્યું પણ ત્રીજાનું નામ શું રાખીશું વાણીઅણે કહ્યું કે "ચોર નામ પાડવું" વાણીઓ બોલ્યો કે અલી ! તેં નામ તો ઠીક પસંદ કર્યા છે હો ! વાણીઅણ બોલી કે જો પસંદ પડયાં હોય તો એટલું કરો કે જાણે તે અવતરી ચુક્યા, મોટા થયાં, અન રમવા પણ ગયા છે અને ખાવાનો વખત થયો છે. માટે બારણે જઇ જરા ધાંટો પાડી બોલાવો તો !

હા ! હા ! હા ! કરી વાણીઓ ખડખડ હસી પડયો અને બોલ્યો કે રાંડ ગાંડી થઇ કે શું ! વગર છોકરે તે બુમ મરાય કે ? વાણીઅણ બોલી કે બુમ મારતાં મારતાં ભગવાન દીકરા આપશે તો ! માટે તમને મારા સમ છે. મારા છોકરાંને બોલાવી લાવો. છેવટે હા, ના, કરતાં વાણીઓ જાણે આ વશ થયો હોય તેવી રીતે ઉઠીને છોકરાને ધાંટો પાડવા ગયો.

પેલા ચોરો તો આ રમુજમાં એવા લીન થઇ ગયા કે બીજું બધું તે ભાનજ ભૂલી ગયા અને હવે વાણીઆ—વાણીઅણનું શું ફારસ થાય છે તે જોવા લાગ્યા.

પેલા વાણીએ તો બહાર જઇ બુમ પાડી કે "કોટવાળ, જમાદાર, ચોર આવો, આવો," "કોટવાળ, જમાદાર, ચોર, આવો, આવો"

તરત ટવાળ અને જમાદાર દોડી આવ્યા અને પેલા ચોરને પકડી મુશ્કેટાટ કરી લાયા.

પારકું ફારસ જોતાં ખાંગરાં ઘેરે. પોતેજ ફસાઇ ગયા એવો બનાવ ખરેખર વાણીયાને ત્યાંજ બને.

બેંશ ભાગોળે, છાશ છાગોળે અને મલાઇની મારામારી. ૧૨૯

એક મીયાંભાઇ બેંશ લાવવાનો વિચાર કરવા લાગ્યા. ત્યારે બીબી જાન બોલ્યાં કે બેંશ આવશે એટલે મલાઇ મેં ખાઉંગી ઓર દુધ તુમકે દઉંગી. મીયાંભાઇ બોલ્યા કે મલાઇ તો મેં ખાઉંગા. તેરેકુ મલાઇ દેઉંગે કયું ! મલાઇ ખાને વાળી ન દેખા હોતો દેખાઓ ! દુધભી તુમકે ન મીલેગા દુધભી સમજી !

મીયાં બીબીથી લડાઇ જામી અને લોક ભેગું થઇ ગયું અને લડાઇનું કારણ સહુ કોઇ પુછવા લાગ્યા. ત્યારે બીબી બોલ્યા કે બેંશ લાવવાની છે તેની મલાઇ મીયાં ખાવા માગે છે. અને હું કહું છું કે હું ખાઉં. હવે ન્યાય કરો કે મલાઇ કોણ ખાય.

લોકો બોલી ઉઠ્યા કે મીયાંભાઇ જ્યારે લડે ત્યારે ફોગટનાજ. હજી બેંશ લાવીને દુધ મલાઇ તૈયાર તો રાખો, પછી ન્યાય કરાવજો બે બીલાડી વચ્ચે ફાવી જનાર વાંદરો કોઇને કોઇ મળી રહેશે.

ખેલ ખલાસ.

કેટલાક જાણવા લાયક સવાલ જવાબ,

સવાલ—દુનીયામાં દુઃખી કોણ? જવાબ—લોભી.

સવાલ—દુનીયામાં સુખી કોણ? જવાબ—સંતોષી.

સવાલ—હમેશાં દેનારનો હાથ ઉંચે અને લેનારનો હાથ નીચે રહે છે છતાં પણ એવું ક્યારે બને છે કે લેનારનો હાથ ઉંચે અને દેનારનો હાથ નીચે રહે.

જવાબ—દાબડીમાંથી છીંકણી સૂંઘાડતી વખતે તેમ બને છે.

સવાલ—સૂર્યના પ્રકાશમાં શું ન દેખાય? જવાબ—અંધારૂં.

સવાલ—લાલ, લીલી, પીળી વીગેરે જુદા જુદા રંગની તમામ વસ્તુઓનો એક સરખો રંગ ક્યારે દેખાય વારૂ? જવાબ—પડછાયામાં.

સવાલ—મોટામાં મોટું પાન કયું?

જવાબ—નાગરવેલનું કે જે મોટા મોટા અમીર ઉમરાવ અને બાદશાહોના મ્હોં સુધી જઇ પહોંચ્યું છે,

સવાલ—મોટામાં મોટી જીભ કોની?

જવાબ—સાંની કે જેણે બોલવાનો તથા લડવાનો ઇજારો લીધો છે

સવાલ—કઇ ગએલી વસ્તુ પાછી ન મળે? જવાબ—વખત.

સવાલ—એવી કઇ વસ્તુ છે કે જે જરા પણ જંપ્યા વગર આખો વખત પોતાનું કામ કર્યાજ કરે છે?

જવાબ—લેણદારનું વ્યાજ.

સવાલ—પોતાની વય થોડી કોણ બતાવે? જવાબ—વેસ્યા.

સવાલ—પોતાની વય વધુ કોણ જણાવે? જવાબ—જોગી.

સવાલ—બચ્ચાંને ખાનાર દુષ્ટ માબાપ કોણ?

જવાબ—સાપ તથા પૈસા લઇ કન્યા દેનાર (કન્યા વિક્રયી)

સવાલ—ઘણુ ચાલવા છતાં પણુ તેની તે જગ્યાએ હોય ?

જવાબ—પાણીનો બળદ.

સવાલ—જગતમાં જલદીથી કોઇ વાત સારી રીતે જાહેર કરી દેવાનું સરલમાં સાધન કયું ?

જવાબ—જે વાત જાહેર કરવાની હોય તે વાત સ્ત્રીને કહેવી અને જો ખાસ જલદીથી જાહેર કરવી હોય તો સ્ત્રીને તે વાત કહીને પાછળથી તેને વિશેષ જણાવવું કે " આ વાત ખાનગી છે કોઇને જણાવવી નહિ. "

સવાલ—કડવાશ ધરાવતાં છતાં સ્વાદથી શું ખવાય છે ?

જવાબ—કારેલાં.

સવાલ—અહોનિશ ભરવા છતાં પણુ કઇ કોઠી ખાલી રહેછે ?

જવાબ—પેટ.

સવાલ—ખુબ ખાવાનું આપવા છતાં પણુ કોણુ ધરાય નહિ ?

જવાબ—ઘંટી.

સવાલ—ખુબ પીવાનું આપવા છતાં પણુ કોણુ તરસ્યો રહેછે ?

જવાબ—દીવો.

સવાલ—કોઇની થઇ નથી અને થવાની નથી તે કોણુ ?

જવાબ—પૃથ્વી અને બાયડી,

સવાલ—ધીમે ધીમે પેશીને વીંધે છે કોણુ ?

જવાબ—એક શાયડી અને બીજી બાયડી.

સવાલ—ઝાઝાં લાકડાં લડાવનાર કોણુ ?

જવાબ—એક પૈડાની નાયડી અને બીજી બાયડી.

સવાલ—ધીરે ધીરે ખસી જઇ દુર થનાર કોણુ ?

જવાબ—એક ઝાડની છાયડી અને બીજી બાયડી.

સવાલ—જંપીને બેસવા નહિ દેતાં ઘડી ઘડી હેરાન કોણ કરે ?

જવાબ—એક વસ્તુ વાયડી અને બીજી બાયડી.

સવાલ—ફોગટ શું થાય ?

જવાબ— શિખરીણી છંદ.

દવા રોગી ખાયે, તદપિ ચરી પાળે નહિ ખરી,
વિલાસો વિલાસે, નીતિ નિયમ ભોગી દુર કરી.
દિલાસો શોગીને, ભીતર પીડ ભાગી પણ નહિ,
થયા જોગી દુઃખે, ભટકતું મન ફોકટ સહિ.

રોગી ગમે તેવી તીવ્ર દવા ખાવા છતાં ચરી ન પાળે, ભોગી ભોગ ઉપભોગ ભોગવતાં નીતીનું ઉલ્લંઘન કરે, શોક વાળાને દીલાસો દીધા છતાં તેની અંતરની પીડ ભાગી નહિ, અને દુઃખથી કંટાળી ભલે જોગી થયા પરંતુ મન ભટકતું રાખ્યું; તો સર્વ ફોકટ છે.

સવાલ—દીવો પીળા રંગનો છતાં તેનું કાજળ કાળું કેમ ?

જવાબ—જે જેવું ખાય તેવું નીકળે. દીવો અંધારું ખાય છે અર્થાત દીવાનો ખોરાક અંધારું છે (જેનો રંગ કાળો છે) તેથી તેનો ઝાડો પણ કાજળ (કાળા રંગની) છે.

સવાલ—માથા પગ વિનાનો, આંગળીઓ વગરના હાથવાળો, જમીનથી અદ્ધર ચાલનાર, મોટી મોટી સભાઓમાં માન અપાવનાર પુરૂષનો સગાથી કોણ ? જવાબ—ડગલો.

સવાલ—કાના માત્રા વગરનું સાત અક્ષરનું શહેર કયું ?

જવાબ—અહમદનગર.

સવાલ—સાત અક્ષરનું નામ કયું છે કે જે બન્ને બાજુથી સરખી રીતે વંચાય ?

જવાબ—રગનાથ નાગર.

સવાલ—બે અક્ષરની એવી કઇ નદી છે કે જેને અવળી બાજુથી વાંચતાં નામ સગાઇ નીકળે? જવાબ—તાપી.

સવાલ—એવી કઇ દવા છે કે જે બન્ને બાજુથી સરખી રીતે વંચાય? જવાબ—મલમ.

સવાલ—એવા કયા શબ્દો છે કે જે બન્ને બાજુથી સરખી રીતે વંચાય?

જવાબ—બી. જુ, બે, છ, સો, વીગેરે. (કેમ ખરો જવાબ છે ને? ખોટો હોય તો બોલજો).

સવાલ—ત્રણ અક્ષરનો એવો કયો શબ્દ છે કે જેના પહેલા અને બીજા અક્ષરના અર્થ ગાંધીને ત્યાં એક વસ્તુનું નામ છે એટલુંજ નહિ પણ એક સંખ્યા પણ થાય છે અને જેના બીજા અને ત્રીજા અક્ષરના એકઠા થવાથી એક જાતના અનાજનું નામ નીકળે છે, અને ત્રણ અક્ષરથી જે શબ્દ બને છે તે શબ્દ તો આપ સાહેબ હાલ પળે પળે વાંચો છો. જવાબ—સવાલ.

સવાલ—ત્રણ અક્ષરનું એક મીઠાઇનું એવું કયું નામ છે કે પહેલા અને બીજા અક્ષરથી એક જાતનું અનાજ સૂચવે છે અને બીજા અને ત્રીજા અક્ષરથી દરજીનું એક સાધન સૂચવે છે. ત્રણે અક્ષરના એકઠા થવાથી એક મીઠાઇનું નામ નીકળે છે ઉપરાંત તમારી પાસેની પણ એક ચીજ છે કે જેને હાલ તમે આનંદ આપી રહ્યા છો. જવાબ—મગજ

સવાલ—બન્ને બાજુથી સરખા રીતે વંચાય તેવું એક ચીકણી ચીજનું નામ કયું? જવાબ—સરેસ.

સવાલ—બન્ને બાજુથી સરખા રીતે વંચાય તેવું વિશેષણ કયું છે કે જેનો અર્થ "સારૂં" એવો થાય? જવાબ—સરસ.

સવાલ—બે અક્ષરનું એક દેવનું નામ કયું છે કે જે લખવાથી સાડા છ વાંચી શકાય? જવાબ—૨।૪। (રામ)

સવાલ—કઇ અક્ષરપંક્તિને "લ" લગાડીએ તો એક જાતના કાપડનું નામ થાય?

જવાબ—મલમને "લ" લગાડવાથી મલમલ થાય.

સવાલ—કયા કાપડનું નામ લખવાથી સત્તાવીશ થાય

જવાબ—૨૭૨૭ (મલમલ)

સવાલ——માણુસનું પાંજરૂં કયું ?

જવાબ—માણુસને દુઃખદાયી સ્થિર પાંજરૂં કેદખાનું અને સહેલ કરાવતું હરતું ફરતું પાંજરૂં આગગાડી.

સવાલ—ખરી રૂતુંઓ કઇ ?

જવાબ—ગરીબાઇ, મધ્યમાવસ્થા. શ્રીમંતાઇ, અમીરાઇ, વિગેરે

સવાલ—દુઃખ પડેથી શું કરવું ?

જવાબ—ધીરજ રાખો પરદેશ જવું.

સવાલ—સુખમાં શું તજવું ? **જવાબ**—ગર્વ.

માટેજ કહ્યું છે કે—દુહો

દુઃખમાં તો ધીરજ રહે, સુખમાં મદ નવ થાય.
જ્યોમંત્ર નવાક્ષરી, "આ...પણ...દીન...વહી...જાય"

સવાલ—મતિમાં ક્યારે ફેરફાર થાય ?

જવાબ—મોત વખતે—કહ્યું છે કે—વિનાશ કાળે વિપરીત બુદ્ધિ

(વળી) ગાનિ

સો કોશ છતાં પણ છે, ખગ નિજ જોઇ શકે ચારો,
તે તો જાળ ન દેખે, આવે જ્યારે મોત તણો વારો.

સવાલ—ચોરી અને જુગાર એ શાથી છૂટા જાય છે ?

જવાબ—"માર" અને "હાર"થી માટેજ કહ્યું છે કે—
ચોરી વડો વ્યાપાર જો માર ન હોયે
જુઆ વડો રોજગાર જો હાર ન હોયે. (માર અને હારથી ચોરી અને જુગાર લાચાર)

સવાલ—સબસે બડા ક્યા ?

જવાબ—સમજે બડી ચૂપ.

સવાલ—સુખી રહેવા માટે શું કરવું નહિ ?

જવાબ—કરજ કરવું નહિ. અગર કરો પણ કરજ ન કરવું.

સવાલ—નીચમાં નીચ ધંધો કયો ?

જવાબ—બીજાના માગ્યા મુક્તાફળ મળે પણ બીજાને માથે ભટ.

સવાલ—તાડના ગર્જનાના અધિકારી કોણ ?

જવાબ—ઢોલ, ગમાર, શુદ્ર, પશુ નારી; યે સબ તાડનકે અધિકારી

સવાલ—બન્ને બાજુથી સરખી રીતે વંચાય તેવા ત્રણ અક્ષરની એવી કઇ વસ્તુ છે કે જેમાંથી એક મુખ્ય ખાવાની વસ્તુ થાય છે વળી તે વસ્તુને જેમ વધુ કુટે (ખુંદે) તેમ તેમાંથી બનતી વસ્તુ વધુ સારી બને છે. જવાબ—કણેક.

સવાલ—પ્રખ્યાત લુટારા ક્યા ?

જવાબ દુહો.

બાર વગડામાં લુટતા; કોળી ઠાકર ભીલ.
બાર નગરીમાં લુટતા, વેશ્યા વૈદ વકીલ.

સવાલ—જમવાનો, રમવાનો, લુટવાનો અને કુટવાનો કોને કોને અધિકાર છે ?

જવાબ—બ્રાહ્મણ થયા જમવા, બાળક થયા રમવા, કોળી થયા લુટવા, હિંદુઓના બૈરાં થયા હાય હાય કુટવા.

સવાલ—કલિકાળનો દેવ કોણ ?

જવાબ—દામ. તેના પુજારીઓ શું કહે છે તે જુઓ.

રામ ભજો ભલે શ્યામ ભજો પણ દામ વીના સૌ ધુળ
દામ દામનું ધામ માનવું, દામ રામનું મુળ
રામ નામનો આઠે જાપ જપ, દામ વિના છે શુળ
કલિકાળમાં દામજ દેવજ, બાકી સૌ પ્રતિકુળ

સવાલ—ઉંઘમાં પણ જાગતો કોણ ?

જવાબ—આત્મ-જ્ઞાની.

સવાલ—બુરામાં બુરૂં શું ? જવાબ—એકલતા.

સવાલ—વાણીઆને વ્હાલું શું? જવાબ—વેપાર.
સવાલ—બ્રાહ્મણને વ્હાલું શું? જવાબ—લાડવા.
સવાલ—સાકરથી વધુ મીઠું શું? જવાબ—ગરજ.
સવાલ—શાહુકારી રીતે કઇ વસ્તુની સહેલાઇથી ચોરી થઇ શકે
જવાબ—લેખણની (કાને ખોસતાં શી વાર લાગેરૂ વા)!
સવાલ—આંધળો કિર કોણ? જવાબ—ગાંધી
સવાલ—ખાનદાનીવાળા વધતા કોણ?
જવાબ—વાણીઆ. (કારણ કે તે શાહ કહેવાય છે અને બાદશાહ તે શા માંથી બાદ એટલે કમતી છે.)
સવાલ—કોના કોઇનો પણ ભાર ન હોય? જવાબ—રાજા.
સવાલ—કોને ઠગવા સ્વપ્નામાં પણ વીચાર ન કરવો?
જવાબ—વાણીઆને.
સવાલ—મોટામાં મોટો ગુણ કયો?
જવાબ—વિનય. (વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ)
સવાલ—મિત્રતા કેવી જોઇએ?
જવાબ—મિત્રતા દૂધ-પાણીની જોઇએ. જ્યારે પાણી બળી જાય છે કે તરત ચૂલેથી દૂધ ઉભરાઇ જાય છે ને પાછું તેમાં પાણી પડતાં તેનો ઉભરો સમાઇ જાય છે.
સવાલ ઘણાજ અલ્પ સમયમાં હજારો પ્રકારના સુખ દુઃખ ભોગવનાર કોણ? જવાબ—સ્વપ્ન.
સવાલ—વહેમને વધારનાર કોણ?
જવાબ—જોષી તથા ભુવા.
સવાલ—હરદો કરતાં પણ શરીરની વધારે પાયમાલી કોણ કરે છે?
જવાબ—ઊંટ વૈદો.
સવાલ—વાટ કેમ ખુટે! લત (આદત) કેમ છુટે?
જવાબ—વાટ ખુટે વાતથી ને લત છુટે લાતથી.
સવાલ—સુતારાની હ્રાવટ ક્યાં થાય?

જવાબ—શોભીઆ પાસે.

સવાલ—સાડા ત્રણ દીવસનો રાજા કોણ? જવાબ—વરરાજા.

સવાલ—ડાક્ટરોને ત્યાંથી મળતી પ્રવાહી દવામાં ઘણી દવા કઈ વપરાય છે?

જવાબ—દમયંતી પતી રસ. (દમયંતીનો પતી નળ અને નળનો રસ તે પાણી.)

સવાલ—એક કાળજું કાપી બીજાને ખુશી કરનાર કોણ?

જવાબ—સુડી.

સવાલ—નભારવગ.

આ સવાલમાં ગોઠવાયલા આડા અવળા અક્ષરોમાં કયું એક પ્રખ્યાત શહેરનું નામ છુપાયેલું છે? જવાબ—ભાવનગર.

સવાલ—પ્રભુત (મોટાઇ) પામવાનું સાધન શું?

જવાબ—લઘુતા (નમ્રતા)

સવાલ—બન્ને બાજુથી સરખી રીતે વંચાય તેવું શરીરની કઈ ઉપયોગી વસ્તુનું નામ છે? જવાબ—નયન

સવાલ—"જલદી" એવો અર્થ સુચવતો બન્ને બાજુથી સરખી રીતે વંચાતો શબ્દ કયો? જવાબ—તરત

સવાલ—દેહને દુઃખી કરનાર શું છે કે જે બને બાજુથી સરખી રીતે વાંચી શકાય છે? જવાબ—દરદ.

સવાલ—દરદીને દવા કરતાં પણ વધુ શું અગત્યનું છે?

જવાબ—ચરી પાળવી તે.

સવાલ—સાકરને કોણે તજી છે? જવાબ—ગધાડાએ.

(આ પુસ્તકને જો વાંચક વર્ગ તરફથી સારૂં ઉત્તેજન મળશે તો લખાયેલો તૈયાર બીજો ભાગ કે જે પહેલા ભાગથી પણ વિશેષ પ્રશંસનીય છે તે થોડા વખતમાં બહાર પાડવા ઇચ્છા છે.)

સમાપ્ત.

બીજી રમુજ આપનારી ચોપડીઓ.

સુખનાશીનો [illegible] ... ... [illegible]
સ્ત્રીઓના માટે અને [illegible] ... ... [illegible]
કાર્યસિદ્ધ [illegible] ... ... [illegible]
[illegible] વિદ્યાની ચોપડી... ... ... [illegible]
હિન્દુઆગળ અને બોધ [illegible]... ... ... [illegible]
દીવાળીના રમુજ ભંડાર... ... ... [illegible]
[illegible]... ... ... [illegible]
[illegible] અથવા [illegible]... ... ... [illegible]
[illegible]... ... ... [illegible]
રમુજ [illegible]... ... ... [illegible]
[illegible] કર્મની કહાણીઓ. ... ... [illegible]
પટેલ [illegible] કેમ [illegible]. ... ... [illegible]

ઉપરની ચોપડીઓ સિવાય વૈદિક, ધર્મ, વૈદક, જ્યોતિષ, વૈષ્ણવ ધર્મનાં તથા જૈન ધર્મના પુસ્તકો [illegible] સંબંધી ચોપડીઓ તે સિવાય સંસ્કૃત ગુજરાતી અને હિંદી પુસ્તકોનું મોટું "સૂચીપત્ર" અર્ધો આનાની ટીકીટ મોકલવાથી મફત મોકલવામાં આવશે.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
[illegible] દરવાજા—અમદાવાદ.